# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 85 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 April 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૦ એપ્રિલ ૨૦૨૪ કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





## 9 NIGHTS / 10 DAYS

# ICELAND



૨૦૨૪-૨૦૨૫ માં આજ સુધી ન જોવા મળેલી NORTHERN LIGHTS દેખાવાની આગાહી છે. રહી જશો તો અફસોસ કરશો, તો ચાલો માણિયે ICELAND માં NORTHERN LIGHTS જોવાની મજા.
2015 થી ICELAND ના EXPERT URVI TOURS સાથે.





- ૩/૪ સ્ટાર હોટલમાં ઉતારો.
- આપણા મહારાજ દ્વારા બનાવેલા સ્વાદિષ્ટ ભોજન (VEG. & JAIN).
- આપણી ઉતારાની હોટલના બેન્કવેટ હોલમાં જ BREAKFAST, LUNCH અને DINNER.
- બીજાની જેમ કોઈ અપાર્ટમેન્ટમાં ભોજનની વ્યવસ્થા અમે રાખતા નથી.
- NORTHERN LIGHTS ની અવિસ્મણીય રાત્રી ટૂર.
- AKUREYRI માં ૨ રાત્રીનો મુકામ જયાંથી NORTHERN LIGHTS નો નજારો જોવા મળશે.
- વિશાળ વ્હેલને નિહાળવાનો અદ્ભૂત લાવો.
- BLUE LAGOON થર્મલ પુલમાં એન્ટ્રી.
- GLACIER LAGOON માં ક્રુઝ.
- BLACK SAND BEACH મુલાકાત.
- DIAMOND BEACH ઉપર ફોટો શુટ.
- FLY OVER ICELAND
- બસમાં અમર્યાદિત Wi-Fi.
- MONSTER TRUCK માં બરફની ગુફામાં મુસાફરી.

## REYKJAVIK, AKUREYRI, VIK, BORGANES



**DEPARTURE DATES OF 2024 : SEP : 21,28 | OCT : 5,15,18,22,27 NOV : 1,5,7**

**DHIREN RUPARELIA : +91 99305 49258 | NAYAN SONI : +91 97570 25247**
**SOHAM SHAH : +91 97738 06090**

ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014.

022-2413 2281 | 82 | 83 | +91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com

URVI LUXURY DESTINATION PVT. LTD.
*Where U & V meet to create memories.*

LIKE & FOLLOW: f /Mumbaisamachar4u

## ગાંધીનગર લોકસભા બેઠકના કૉંગ્રેસી ઉમેદવારને પેથાપુરમાં પરચો મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર લોકસભા બેઠકના કૉંગ્રેસના ઉમેદવાર સોનલબેન પટેલ પ્રચાર અર્થે મતવિસ્તારમાં નીકળ્યાં ત્યારે ગાંધીનગર નજીક આવેલા પેથાપુરના પ્રવેશ દ્વાર પર તેમને કડવો અનુભવ થયો હતો. કેટલાક યુવાનોએ તેમને પેથાપુરમાં પ્રવેશતાં અટકાવ્યા હતાં. જેથી તેમને પોતાની કાર સાથે પરત ફરવાની ફરજ પડી હતી.

લોકસભાની ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા હોવાથી સમગ્ર રાજ્યમાં રાજકીય માહોલ ગરમાઇ રહ્યો છે. લોકસભાની રાજકોટ બેઠકના ભાજપી ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના ઉચ્ચારણોને કારણે સમગ્ર રાજપૂત સમાજમાં તેમની સામે રોષ ભભૂકી ઉઠ્યો છે. આ ઉપરાંત રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ કેટલાક ઉમેદવારોની પસંદગી સામે અસંતોષ પ્રવર્તી રહ્યો છે આવા રાજકીય માહોલ વચ્ચે ગાંધીનગર લોકસભા બેઠકના કૉંગ્રેસના ઉમેદવાર સોનલ પટેલને પણ કડવો અનુભવ પેથાપુર શહેરના પ્રવેશદ્વાર ઉપર થયો હોવાની વિગતો જાણવા મળી છે.

તેમની કારને પ્રવેશતી અટકાવતો વીડિયો વાયરલ થયો છે. પ્રચાર અર્થે તેઓ ગાંધીનગર વિસ્તારમાં નીકળ્યા ત્યારે પેથાપુરમાં કોઇ રાજકીય વ્યક્તિને મળવા માટે તેઓ જઇ રહ્યાં હતાં. દરમિયાન તેમની કારને અટકાવાઇ હતી અને એકત્ર થયેલા યુવાનોનાં ટોળાએ એવું કહ્યું હોવાનું વીડિયોમાં સંભળાય છે કે, કોઇને મળવાનું નથી, ગામમાંથી ગાડી બહાર કાઢો, નહીં તો ખોટું થશે..કોઇને ગામમાં આવવાનું જ નથી જોકે, પેથાપુરમાં પ્રવેશ નહીં મળતાં સોનલબેન પટેલ નિરાશા સાથે ગાંધીનગરના સેક્ટર-૨૨માં આવેલા જિલ્લા કોંગ્રેસના કાર્યાલય પહોંચ્યા હતાં. ગાંધીનગર જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ અરવિંદસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, સોનલબેન પટેલ પેથાપુરમાં રહેતા આપ'ના અગ્રણી સૂર્યસિંહ ડાભીને મળવા જતા હતા. તેમણે સૂર્યસિંહનું ઘર જોયું ન હોવાથી ગામના પ્રવેશદ્વાર પર સરનામું પૂછતા હતા ત્યારે તેમને કેટલાક લોકોએ ગામમાં જતાં અટકાવ્યાં હતાં.

## ગાંધીનગર લોકસભા બેઠક પર ૧૮-૧૯મીએ અમિત શાહ રોડ શૉ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચૈત્ર નવરાત્રિમાં ભાજપ દ્વારા ચૂંટણી પ્રચારના કાર્પેટ બોમ્બિંગની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તા. ૧૨મી એપ્રિલે ગુજરાતની ૨૬ સહિત દેશમાં ત્રીજા તબક્કાના મતદાન માટે જાહેરનામું બહાર પડશે અને તા.૧૫મીથી તા.૧૯મી એપ્રિલ દરમિયાન અલગ અલગ તારીખે ભાજપના ઉમેદવારો જંગી સભાઓ, રોડ શો અને રેલી સ્વરૂપે ફોર્મ ભરવા જાય એવું આયોજન કરાયું છે. રાજ્યની હાઇપ્રોફાઇલ પૈકીના ગાંધીનગર લોકસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ પણ સમગ્ર વિસ્તારને આવરી લેતા રોડ શો, રેલીના રૂપે ફોર્મ ભરવા જશે. હાલ ૧૮-૧૯ એપ્રિલ તારીખને ધ્યાનમાં રાખી તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ જ રીતે ૧૮મીએ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ નવસારીમાં ભવ્ય રેલી, રોડ શોના રૂપમાં ફોર્મ ભરશે. ગુજરાતમાં ૭ મેના રોજ મતદાન થનાર છે. આ પૂર્વે અમિત શાહ ફરીથી પોતાના મતવિસ્તારમાં વિજય વિશ્વાસ રેલી થકી મતદારોનો સંપર્ક કરે એવું આયોજન છે. આમ, અમિત શાહ બે વખત રોડ શો રેલીના રૂપમાં પ્રચાર કરવા આવશે. ગાંધીનગર લોકસભાના ઉમેદવાર એવા સાંસદ અમિત શાહ દેશભરમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોવાથી સમગ્ર ભાજપ સંગઠન દ્વારા એમના મતવિસ્તારમાં ચૂંટણી પ્રચારની જવાબદારી 'હું છું અમિત શાહ' બનીને ઉપાડી લીધી છે. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે લોકસભા હેઠળની મોટાભાગની વિધાનસભા બેઠકોમાં એક એક વખત પ્રવાસ કરી બુથ કાર્યકરોના સંમેલનો, મતદાર સંવાદ અને સોસાયટીઓના ચેરમેન સેક્રેટરીની બેઠકો દ્વારા પ્રચાર કર્યો છે. આ ઉપરાંત તમામ ધારાસભ્યો, દરેક વિધાનસભા વિસ્તારના અન્ય પદાધિકારીઓએ પ્રચાર અને મતદાર સંપર્ક અભિયાન તેજ કર્યું છે. અમિત શાહના પુત્ર જય શાહ અને એમના ધર્મપત્ની રિશિતા શાહ પણ આ પ્રચાર અભિયાનમાં જોડાયાં છે. હાલ ૧૯મી એપ્રિલે અમિત શાહ ફોર્મ ભરશે એ મુજબ તૈયારી કરાઇ રહી છે.

## રૂપાલા વિવાદઃ વિરોધ અને સમર્થનનું પોસ્ટર વોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાનો ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો છે. રાજ્યમાં અનેક જગ્યાએ લોકોએ ભાજપનાં કાર્યકરોને ગામમાં પ્રવેશ બંધીનાં બેનર લગાવ્યા છે. તો બીજી તરફ પાટીદાર સમાજ દ્વારા રૂપાલાનાં સમર્થનમાં છીએ ના લખાણ સાથેના પોસ્ટરો લગાવ્યા હતાં.

વડોદરાનાં ડભોઈ તાલુકામાં પરષોત્તમ રૂપાલાનો વિરોધ યથાવત છે. શાઠોદ ગામમાં ભાજપ કાર્યકરોનાં પ્રવેશ પર પ્રતિબંધનાં ગામમાં મુખ્ય પ્રવેશ દ્વાર પર રાજપૂત સમાજે બેનર લગાવ્યું છે. તેમજ રૂપાલાની ઉમેદવારી રદ્દ કરવાની માંગ કરી છે. સુરતનાં ગ્રામ્ય વિસ્તારમાં રૂપાલાનાં વિરોધમાં બેનર લાગવી રૂપાલાની ટિકિટ ન કપાય તો ભાજપને પ્રવેશ નહીનાં બેનર લાગ્યા છે. સુરેન્દ્રનગરમાં પરષોત્તમ રૂપાલાનાં વિરોધમાં ધ્રાંગધ્રાની પુનિતનગર વિસ્તારમાં બેનર લાગ્યા છે. તેમજ ભાજપનાં આગેવાનો, નેતાઓને વિસ્તારમાં પ્રવેશ નહી કરવાનાં બેનર લાગ્યા છે. દરમિયાન સુરેન્દ્રનગરમાં રૂપાલા વિવાદના વિરોધ વચ્ચે પાટીદાર સમાજ પુરષોત્તમ રૂપાલાનાં સમર્થનમાં આવ્યો છે. સુરેન્દ્રનગરમાં પરષોત્તમ રૂપાલાનાં સમર્થનમાં ટિકિટ રદ્દ ન કરવા 'અમે રૂપાલાનાં સમર્થનમાં છીએ' ના લખાણ સાથેના પોસ્ટર લાગાવામાં આવ્યા હતા.

## બનાસકાંઠામાં કૉંગ્રેસનાં બહેન અને ભાજપનાં દીકરી વચ્ચે ખેલાશે ચૂંટણી જંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે. રાજ્યમાં બનાસકાંઠા સીટ પર બે મહિલા ઉમેદવારો વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. ભાજપે આ બેઠક પરથી ડો. રેખા ચૌધરીને ટિકિટ આપી છે બીજી તરફ કૉંગ્રેસે વાવ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને મેદાનમાં ઉતાર્યા છે. અત્યાર સુધી ગુજરાતમાં બનાસકાંઠા એકમાત્ર સીટ છે જ્યાં કૉંગ્રેસ અને ભાજપ બંનેએ મહિલા ઉમેદવારો પર દાવ લગાવ્યો છે. રેખા ચૌધરી ખુદને બનાસકાંઠાના દીકરી ગણાવી મત માગી રહ્યાં છે તો કૉંગ્રેસના વર્તમાન ધારાસભ્ય ખુદને બનાસકાંઠાના બહેન ગણાવી મત માંગી રહ્યાં છે. તેઓ કહી રહ્યાં છે કે મને એટલું મામેરુ આપો કે હું જીતી જાઉં. ભાજપના ઉમેદવાર રેખા ચૌધરી શિક્ષણના ક્ષેત્રમાં સક્રિય હતા. તેઓ નોકરી છોડી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. રેખાબહેન લોકોને કહી રહ્યાં છે કે હું હિન્દી અને અંગ્રેજી જાણું છું. હું તમારી તમામ સમસ્યાઓ દિલ્હીમાં ઉઠાવીશ. બનાસકાંઠામાં મેદાનમાં ઉતરેલી દીકરી કે બહેનમાં કોને જીત મળશે? તે તો ચાર જૂને ખબર પડશે કે મતદાતાઓએ કોને પસંદ કર્યા, પરંતુ ગુજરાતમાં બનાસકાંઠાની સીટ મહિલા વિરુદ્ધ મહિલા હોવાને કારણે ચર્ચામાં આવી ગઈ છે.

રેખા ચૌધરી પ્રથમવાર ચૂંટણી મેદાનમાં છે તો ગેનીબેન ઠાકોર ઘણા સમયથી રાજનીતિમાં છે. તેઓ બીજીવાર ધારાસભ્ય બન્યા છે અને સ્થાનિક લોકોમાં ભારે લોકપ્રિય નેતાની છાપ ધરાવે છે. ભાજપના ઉમેદવાર ડો.રેખાબેન ચૌધરી ગલ્બાભાઈ ચૌધરીની પૌત્રી છે. ગલ્બાભાઈએ બનાસ ડેરીની સ્થાપના કરી હતી. રેખા ચૌધરીએ એમ.એસસી, એમ ફિલ અને પીએચડીનું શિક્ષણ મેળવ્યું છે. ૪૪ વર્ષના રેખા ચૌધરી પાલનપુરમાં રહે છે. રેખા ચૌધરી ભાજપના મોરબી જિલ્લાના પ્રભારી ડો.હિતેશ ચૌધરીના પત્ની છે. ડો. હિતેશભાઈ પાર્ટી માટે કચ્છ જિલ્લાના પ્રભારી, બનાસકાંઠા જિલ્લામાં ભાજપના મહાસચિવ અને રાજ્ય સ્તર પર ગુજરાતમાં યુવા મોર્ચાના ત્રણવાર પદાધિકારી રહી ચૂક્યા છે. જ્યારે ગેનીબેન નાગજીભાઈ ઠાકોર કૉંગ્રેસના નેતા છે. તે વાવ બેઠક પરથી ભાજપના દિગ્ગજ નેતા અને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીને હરાવી ૨૦૧૭માં પ્રથમવાર ધારાસભ્ય બન્યા હતા. ગેનીબેને ૨૦૧૨માં વાવથી વિધાનસભાની ચૂંટણી લડી હતી પરંતુ હાર મળી હતી. પછી તેમણે વાવ સીટથી ૨૦૧૭માં વિધાનસભા ચૂંટણી લડી અને ૬૬૫૫ મતથી જીત મેળવી હતી. ૨૦૨૨માં તેઓ બીજીવાર ચૂંટાયા હતા. ગેનીબેને હાલ બનાસકાઠામાં ગામોમાં ફરી ચૂંટણી પ્રચાર કરતા લોકો સ્યમંભૂ એકઠા થાય છે અને તેમને સાથ આપવાના વચનો આપી રહ્યા છે. ગેનીબેન પોતાના નિવેદનોને કારણે પણ ચર્ચામાં રહે છે. બનાસકાંઠા લોકસભા ક્ષેત્રમાં કુલ સાત વિધાનસભા આવેલી છે. આ સાતેય બેઠકો બનાસકાંઠા જિલ્લાની છે. દાંતા બેઠક છોડી બાકી દરેક બેઠક સામાન્ય છે. દાંતા બેઠક અનુસૂચિત જનજાતિ માટે અનામત છે. તેમાં ગેનીબેન ઠાકોર વાવ બેઠક પરથી ધારાસભ્ય છે. ધાનેરા બેઠક પર અપક્ષનો કબજો છે, જ્યાં ઠાકોર મતદારોની સંખ્યા વધુ છે. દાંતા બેઠક કૉંગ્રેસની પાસે છે. બાકીની ચારેય સીટ પર ભાજપનો કબજો છે. બનાસકાંઠા લોકસભા સીટની થરાદ બેઠકથી ભાજપ નેતા શંકર ચૌધરી ધારાસભ્ય છે. તે વર્તમાનમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ છે. આ સીટના પરિણામથી શંકર ચૌધરીનું કદ પણ નક્કી થશે. બનાસકાંઠા બેઠક પર ભાજપે ૨૦૧૩ની પેટા ચૂંટણીમાં ચોથીવાર જીત મેળવી હતી. ત્યારબાદથી આ બેઠક પર ભાજપનો કબજો છે. આ સીટ પર ભાજપે છ વખત જીત મેળવી હતી, જ્યારે કૉંગ્રેસે ૧૦ વખત જીત મેળવી છે. એક વખત આ સીટ સ્વતંત્ર પાર્ટી, જનતા પાર્ટી અને ફરી જનતા દળના ખાતામાં આવી હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે આ સીટ પર ૩,૬૮,૨૯૬ મતથી જીત મળી હતી. ભાજપના પરબત પટેલે કૉંગ્રેસના ઉમેદવારને હરાવ્યા હતા. ભાજપે હવે નવા ઉમેદવારને ઉતાર્યા છે.

## રાજકોટ અને મહેસાણા બેઠકો પર ઉમેદવાર પસંદગીના મુદે મૂંઝવણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભા ચૂંટણીના પગલે ગુજરાતમાં ભાજપ દ્વારા તમામ ૨૬ બેઠક પર ઉમેદવારોની જાહેરાત કરી દેવામાં આવી છે. હજુ પણ કૉંગ્રેસ ચાર બેઠક પર અને વિધાનસભાની પેટાચૂંટણીના ઉમેદવાર જાહેર કરી શકી નથી. ગુજરાતમાં ચાર બેઠક રાજકોટ, અમદાવાદ પૂર્વ, નવસારી અને મહેસાણા બેઠકને લઇ કૉંગ્રેસને મુરતિયા મળી રહ્યા નથી કે પછી અંદરખાને ચાલતી લડાઇના કારણે ઉમેદવાર પસંદ થઇ શક્યા નથી?

લોકસભા બેઠક પર કૉંગ્રેસ દ્વારા જાહેર કરાયેલા ઉમેદવારોએ પ્રચાર શરૂ કરી દીધો છે. પરંતુ હજુ પણ ચાર બેઠક એવી છે કે જ્યાં કૉંગ્રેસ ગૂંચવાઇ છે કે ઉમેદવાર કોને બનાવો? ચારે બેઠક પર દાવેદારો તો મળી રહ્યા છે પરંતુ જૂથવાદના કારણે એક નામ પર સહમતી પાર્ટી કરી શકતી નથી. રાજકોટ બેઠક પર રૂપાલા સામે કૉંગ્રેસ ઉમેદવાર મળતો નથી, ત્યારે કૉંગ્રેસ પક્ષે પરેશ ધાનાણીની પસંદગી કરી છે, પરંતુ પરેશ ધાનાણી ચૂંટણી લડવા માટે અગાઉથી જ ના પાડી દીધી છે. તેથી કૉંગ્રેસ પક્ષનો અહીં પેચ ફસાયો છે કે તો અન્ય ઉમેદવાર કોણ? કૉંગ્રેસે અહીં લેઉવા પટેલ સમાજના ઉમેદવારને ટિકિટ આપવાની પ્રથમ પસંદગી બનાવી છે. કૉંગ્રેસ નેતા હિતેષ વોરા અને ડો. હેમાંગ વસાવડા નામ પર ચર્ચા ચાલી રહી છે. ત્યારે ઇન્દ્રનિલ રાજયગુરુનુ નામ પણ ઉમેરાયું છે.

બીજી બાજુ, મહેસાણા બેઠક અંગે કૉંગ્રેસ ઉમેદવારને લઇને હજુ અસમંજસમાં છે. મહેસાણા બેઠક વર્ષોથી ભાજપનો ગઢ રહ્યો છે. અહીં કૉંગ્રેસ એક પ્રયોગ કરવા ઇચ્છી રહી છે. જેમાં ભાજપના પાટીદાર ઉમેદવાર સામે કૉંગ્રેસે ઓબીસી ચહેરાને મેદાનમાં ઉતારવા હીલચાલ કરી છે. પરંતુ એક જૂથ આ કરવા માટે બ્રેક મારી રહ્યું છે. કૉંગ્રેસનું એક જૂથ પાટીદાર ચહેરાને ચૂંટણી લડાવવા કહી રહ્યું છે. એક જૂથ ઓબીસીને ટિકિટ આપવા કહી રહ્યું છે. વિજાપુરની પેટાચૂંટણી પણ મહેસાણા બેઠકના ઉમેદવારને આધીન રહેશે. કારણ કે અહીં પાટીદાર આવશે તો લોકસભા બેઠક પર ઓબીસી ચહેરો કૉંગ્રેસ ઉતારી શકે છે. નવસારીમાં સી. આર. પાટીલ સામે હજુ કૉંગ્રેસ ઉમેદવાર ઉતારી શકી નથી. સ્વ. અહેમદ પટેલના પુત્રી મુમતાજ પટેલના નામની અટકળો ચાલી રહી છે. પરંતુ કૉંગ્રેસ પક્ષ અન્ય ઉમેદવાર ઉતારવાની ફિરાકમાં છે. અમદાવાદ પૂર્વ બેઠક પર રોહન ગુપ્તા બાદ કોઇ ઓપશન મળી રહ્યું નથી. જ્યારે અહીં શહેર કૉંગ્રેસ પ્રમુખ હિંમતસિંહ પટેલને લડાવાના મૂડમાં કોંગ્રેસ પક્ષ છે અથવા અન્ય પાટીદાર સમાજમાંથી ટિકિટ આપવાની હિલચાલ પાર્ટીમાં ચાલી રહી છે.

## ધાનાણીને ચૂંટણી મેદાનમાં ઉતારશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના આંદોલન બાદ સર્જાયેલા માહોલને પગલે હવે મૂળ અમરેલીના રુપાલા સામે અમરેલીનાં જ પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીને મેદાનમાં ઉતારવા માટે કૉંગ્રેસે કવાયત શરૂ કરી હોવાનું જાણવા મળે છે. પરેશ ધાનાણી રાજકોટ સીટ પરથી ચૂંટણી લડવા તૈયારી દર્શાવી છે.

રાજ્યમાં ૨૦૨૪ લોકસભાની ચૂંટણીમાં રાજકોટ બેઠક ખૂબ જ ચર્ચામાં છે. કારણ કે ભાજપે આ વખતે રાજકોટ બેઠક પરથી લેઉવા પાટીદાર મોહન કુંડારિયાની ટિકિટ કાપીને કડવા પાટીદાર અને કેન્દ્રીય પ્રધાન પરસોત્તમ રૂપાલાને ઉતારતા શરૂઆતમાં જ લેઉવા પાટીદાર સમાજમાં નારાજગી છવાઇ હતી. તેમજ આયાતી ઉમેદવારના નામે હવા ફેલાવવામાં આવી હતી. આ વિવાદ માંડ શાંત પડ્યો હતો ત્યાં જ રૂપાલાએ સામે ચાલીને ક્ષત્રિય સમાજની ખફગી તેમના વિવાદસ્પદ નિવેદન થકી વહોરી લેતા આ બેઠક પર વાતાવારણ ડહોળાયેલું છે. રાજપૂત સમાજ પરની ટિપ્પણીને કારણે રૂપાલાનો વિરોધ થઇ રહ્યો છે. કૉંગ્રેસે હજુ સુધી તેમની સામેનો ઉમેદવાર જાહેર કર્યો નથી. જોકે હાલ વિધાનસભામાં વિપક્ષના પૂર્વ નેતા અને લેઉવા પાટીદાર સમાજના પરેશ ધાનાણીનું નામ ચાલી રહ્યું છે. જોકે, પરેશ ધાનાણીએ અગાઉ ચૂંટણી લડવાની ના પાડી હતી. જેને પગલે મંગળવારે રાજકોટથી કૉંગ્રેસના કાર્યકર્તાઓ પરેશ ધાનાણીને મનાવવા અમરેલી પહોંચ્યા હતા. જ્યાં પરેશ ધાનાણીએ પાર્ટી ટિકિટ આપે તો લડવાની તૈયારી બતાવી છે. આ અંગે રાજકોટના માજી ધારાસભ્ય લલિત કગથરાએ જણાવ્યું હતુ કે, રાજકોટ કૉંગ્રેસનું પ્રતિનિધિ મંડળ તેમને મનાવવા માટે પહોંચ્યું હતું. ૧૫૦થી વધુ લોકો આવ્યા હતા. તેમની વચ્ચે લાંબા સમય સુધી ચર્ચા ચાલી હતી. જો પરષોત્તમ રૂપાલા ટિકિટ બદલે તો પરેશ ધાનાણી નહીં લડે. પરશોત્તમ રૂપાલાની ટિપ્પણી બાદ જે વાતાવરણ બન્યું છે તેનો લાભ લેવા માટે અમે તેમને કહી રહ્યા છે અને આમાંથી કૉંગ્રેસ ઊભી થાય તેમ છે. જો પરષોત્તમ રૂપાલાને બદલવાની વાત આવે તો અમે સામેથી તમને કહીશું કે પરેશભાઇ તમારે લડવાનું નથી.

## ચૈત્રી નવરાત્રિના પ્રારંભે ફૂલના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળામાં ફૂલોના ભાવ બમણા થઈ જતા હોય છે. કેમ કે ગરમીના લીધે ફૂલો ઝડપથી સૂકાઈ જાય છે અથવા જલદીથી કરમાવા લાગે છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ચૈત્રી નવરાત્રિના પ્રારંભે ફૂલોના ભાવમાં વધારો જોવા મળ્યો છે, જેમાં ગુલાબ, હજારીગલ, ડમરો, લીલી, કેસૂડા, જાસ્મીન, કાર્નેશન, એન્થુરિયમ વગેરે ફૂલોના ભાવમાં વધારો નોંધાયો છે

રાજ્યના વિવિધ ફૂલ બજારમાં સામાન્ય દિવસોમાં ફૂલોની આવક દૈનિક ૧થી ૨ ક્વિન્ટલ સુધીની થતી હોય છે. જેમાં આ વખતે ફૂલોની આવકમાં નોંધપાત્ર ઘટાડો થતા મોટાભાગના ફૂલોના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો નોંધાયો છે. ફૂલોનો ભાવ જોઈએ તે ગુલાબ ૩૦૦ રૂપિયા પ્રતિ કિલો, છૂટા ગુલાબ ૨૫થી ૬૦ રૂપિયા પ્રતિ કિલો, તાજા કેસૂડા ૨૫૦ રૂપિયા પ્રતિ કિલો, સૂકા કેસૂડા ૧૫૦ રૂપિયા પ્રતિ કિલો, ટગર ૮૦થી ૧૨૦ રૂપિયા પ્રતિ કિલો, ડમરો ૧૦થી ૧૫ રૂપિયા, હજારીગલ ૧૫થી ૨૦ રૂપિયા પ્રતિ કિલો, એન્થુરિયમ ૧૪૦ રૂપિયા પ્રતિ કિલો, કાર્નેશન ૧૮૦ રુપિયા પ્રતિ કિલો ભાવ નોંધાયો છે. ઉપરાંત જાસ્મીન ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો, મેરીગોલ્ડ ૬૦ રૂપિયા પ્રતિ કિલો, ઓર્કિડ ૧૭૦ રૂપિયા પ્રતિ કિલો, ડેઝી ૧૫ થી ૨૦ રૂપિયા પ્રતિ કિલો, પારસ ૪૦થી ૬૦ રૂપિયા પ્રતિ કિલો, મોગરો ૭૦થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો તથા લીલીની એક ઝૂડી ત્રણથી ચાર રૂપિયામાં મળી રહી છે.

## ગુજરાતમાં ચૈત્રી નવરાત્રીના પ્રારંભે અંબાજી સહિતના શક્તિપીઠોમાં ભક્તોની ભીડ જામી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચૈત્રી નવરાત્રી પર્વનો મંગળવારથી પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે અંબાજી, પાવાગઢ, બહુચરાજી અને ચોટીલા સહિતનાં મંદિરોમાં લાખોની સંખ્યામાં માઈ ભક્તો ઉમટ્યા હતા. વિશ્વના સૌથી મોટા શક્તિપીઠ અંબાજી મંદિરમાં ભક્તોની ભારે ભીડ જામી હતી. વહેલી સવારે મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. અંબાજી મંદિરને રંગબેરંગી ફૂલોથી શણગારવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં આવેલા આદ્યશક્તિ પીઠ અંબાજી મંદિરના મંગળા આરતી કરવામાં આવી હતી. બોલ મારી અંબે જય જય અંબેના નાદ થી સમગ્ર પરિસર ગુંજી ઊઠ્યું. ભક્તો સરળતાથી મા અંબાના દર્શન કરી શકે તે માટે મંદિર ટ્રસ્ટે યોગ્ય વ્યવસ્થા કરી છે. પંચમહાલ જિલ્લામાં આવેલા ૫૧ શક્તિપીઠ પૈકીના એક પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા માઈ ભક્તો શાંતિપૂર્ણ માહોલમાં માતાજીના દર્શન કરી શકે તે માટેની તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. વહેલી સવારે માતાજીના દર્શન માટે દ્વાર ખુલ્લા મૂકવામાં આવતા જ માં મહાકાળીના દર્શનાર્થે ભક્તો ઉમટી પડ્યા હતા. યાત્રિકોની સુરક્ષા અને સલામતીને લઇ મંદિર ટ્રસ્ટ દ્વારા સીસીટીવી કેમેરા ગોઠવાયા છે. ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજી મંદિરે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે અને પરંપરા અનુસાર વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે માં બહુચરના ગર્ભગૃહમાં ઘટસ્થાપન વિધિ યોજાઈ હતી. વૈદિક મંત્રોના ઉચ્ચારણ થી સમગ્ર મંદિર ભક્તિમય બન્યું હતું. સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર મનાતું સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ચોટીલામાં ચામુંડા મંદિર આવેલું છે. જ્યાં પ્રથમ દિવસે માતાજીના મંદિરે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. ગુજરાત તથા ગુજરાત બહારના લોકો પણ મોટી સંખ્યામાં અહીંયા આવે છે અને માની ભક્તિ કરે છે સાથે દર્શન કર્યા હતા. નવરાત્રી દરમિયાન વહેલી સવારે તેમજ સાંજે સૂર્યાસ્ત સમયે આરતી થાય છે. તો વળી મંદિર તરફથી લોકો માટે જમવાની ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

## ચૈત્રીના પ્રારંભે ગરમીનો પારો ૪૦ ડિગ્રી ઉપર પહોંચ્યો

અમદાવાદઃ ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. લોકો એક તરફ ગરમીથી ત્રાહિમામ પોકારી રહ્યાં છે, બીજી તરફ હજુ પણ મિક્સ ઋતુનો અનુભવ થાય છે. રાજ્યમાં હજી પણ વહેલી સવારે અને રાતે ઠંડા પવનો ફૂંકાઇ રહ્યા છે.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ રાજ્યનાં કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી હતી. રાજ્યના સાત શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધુ જોવા મળ્યો હતો. સૌથી વધુ તાપમાન ભુજમાં ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં આગામી ૪ દિવસ વાતાવરણ સૂકું રહેશે. જ્યારે આગામી ત્રણ દિવસ કચ્છમાં હિટવેવની અગાહી છે. જ્યારે સૌરાષ્ટ્રના દરિયાકાંઠના વિસ્તારમાં અકળામણ અનુભવાશે. રાજ્યમાં મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી ઉપર નોંધાયુ હતું ઉત્તર ગુજરાતના મહેસાણા અને પાટણમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીની આસપાસ રહ્યો હતો.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ ૪૦.૦ ડિગ્રી,ગાંધીનગર ૩૯.૩ ડિગ્રી, ડીસા ૪૧.૧ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગર ૩૯.૫ ડિગ્રી તપમાન નોંધાયું હતું. રાજ્યમાં ગરમીના પ્રકોપ વચ્ચે હવામાન વિભાગે તા. ૧૨મી એપ્રિલ નવસારી, વલસાડ,સુરત, દીવ, દમણ, દાદરાનગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ તા.૧૩ એપ્રિલે બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા ઇજનેરી, સર્ટિફિકેટ ટુ ડિપ્લોમા પ્રવેશનું ૧૫મી એપ્રિલથી રજિસ્ટ્રેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધો.૧૦ પછી ડિપ્લોમા ઇજનેરીમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ અને ધો.૧૦ પછી સર્ટિફિકેટ કોર્સ કરનારા વિદ્યાર્થીઓને ડિપ્લોમા ઇજનેરીના બીજા વર્ષમાં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. અગાઉ ધો.૧૦ પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમા ઇજનેરીમાં પ્રવેશ માટે ૧૫મી એપ્રિલથી ૧૫મી મે સુધી અને સી ટુ ડી માટે ૧૫મી એપ્રિલથી તા.૩૦મી એપ્રિલ સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જોકે, ચાલુ વર્ષે ધો.૧૦ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ પરિણામ જાહેર થયા પછી રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ડિપ્લોમા પ્રવેશ સમિતિ દ્વારા ધો.૧૦ પછીના વિવિધ ડિપ્લોમા ઇજનેરી કોર્સમાં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરી દીધો છે.

ડિપ્લોમા પ્રવેશ માટે ગણિત, બેઝિક ગણિત, સ્ટાન્ડર્ડ ગણિત સાથે પાસ થયેલા તમામ ઉમેદવારોને પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે. દરેક ડિપ્લોમા ઇજનેરીમાં હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવ્યા હોવાથી વિદ્યાર્થીઓ આ કૉલેજોમાં જઇને પણ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી શકશે. જૂના વિદ્યાર્થીઓ ૧૫મી એપ્રિલથી ૧૫મી મે દરમિયાન રજિસ્ટ્રેશન કરાવી શકશે. ગત વર્ષ ૨૦૨૩-૨૪માં સર્ટિફિકેટ ટુ ડિપ્લોમા ઇજનેરીની કુલ ૧૪૧ સંસ્થાની ૩૫૪૪૬ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જે પૈકી ૬૪૮૪ બેઠકો ભરાતા ૨૮૯૬૨ બેઠક ખાલી પડી હતી. ખાલી પડેલી બેઠકો પણ ચાલુવર્ષના વિદ્યાર્થીઓને ઓફર કરવામાં આવશે.

## સુરતમાં બ્રાન્ડેડ કંપનીના નામે ડુપ્લિકેટ શેમ્પૂ અને પાન-મસાલા બનાવતી ફેક્ટરી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લામાં ઓલપાડના માસમા ગામે આવેલા જીઆઈડીસી વિસ્તારમાં ભાડાના ગોડાઉનમાં પોલીસે રેડ કરી હતી. બ્રાન્ડેડ કંપનીના પાન મસાલા અને શેમ્પૂ સહિત કુલ ૫૦.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગોડાઉન ભાડે રાખી કાળો કારોબાર ચલાવનાર ઇસમ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. આ તમામ પ્રોડક્ટ સુરતમાંથી બિહારમાં સપ્લાય થતી હતી. ઓલપાડ તાલુકાના માસમા ગામની સીમમાં આવેલા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એક કંપનીમાં ગેરકાયદે પાન-મસાલા અને શેમ્પૂ બનાવાની માહિતી મળતાં આધારે પોલીસે રેડ કરી હતી. ૨૧.૮૫ લાખની કિંમતનો પાન-મસાલાનો જથ્થો, ૨૮.૩૧ લાખનો શેમ્પૂનો જથ્થો તેમજ અલગ અલગ મશીનો મળી કુલ ૫૦.૧૬ લાખનો મુદ્દામાલ સીઝ કર્યો હતો.

ગોડાઉન ભાડે રાખનાર અબ્દુલ હફીઝ તેમજ ગોડાઉનમાં મજૂરી કરનાર મનોજ કુમાર યાદવ, ઇન્તેખાબ અહેમદ, સંદીપ યાદવ, રાહુલ સોનકર, સુનીલ નિશાદ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

## વાસી ભાત ખાવાથી સાત બાળકોને ફૂડ પોઈઝનિંગઃ એકનું મોત

અમદાવાદઃ અમદાવાદ જિલ્લાના બાવળાના ઝેકડા ગામે સાત બાળકોને વાસી ભાત ખાવાથી ફૂડ પોઈઝનિંગ થયું હતું. એક સાત વર્ષની બાળકીનું મોત થયું હતું. બીજી તરફ બે વર્ષથી માંડીને ૧૦ વર્ષની વયના છ બાળકોને વધુ સારવાર માટે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જે પૈકી ત્રણ બાળકોને ઝાડા ઊલટીની અસર વધારે ગંભીર હોવાનુ જણાવ્યું હતું. બાવળા ખાતે ઝેકડાની સીમમાં ઈંટો પકવવાના ભઠ્ઠામાં મજૂરી કામ કરતા પરિવારના બાળકો વાસી ખોરાકને લીધે ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી, પરિવારજનના જણાવ્યા મુજબ બાળકોએ રાતે ભાત ખાધા હતા, એ પછી તબિયત લથડી હતી. બાળકોને એકાએક ઊલટીઓ થવા લાગી હતી, જેમાંથી સાત વર્ષની બાળકી સુનિતા જાટપને બાવળા સરકારી દવાખાને લઈ જવાયા હતા જ્યા સારવાર દરમિયાન બાળકીનું મોત થયું હતું. ચીફ ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઓફિસર જણાવ્યું હતું કે, ભઠ્ઠામાં પીવાના પાણીના અલગ અલગ ચાર નમૂના લઈ તપાસ માટે મોકલાયા છે ઉપરાંત ૫૩ બાળકોની ચકાસણી કરાઈ છે.

દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 85 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 April 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૦ એપ્રિલ ૨૦૨૪ કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# વિમાનભાડામાં વીસથી પચીસ ટકાનો વધારો

નવી દિલ્હીઃ સમસ્યામાં સપડાયેલી વિસ્તારા ઍરલાઈન્સની ફ્લાઈટ સતત રદ થઈ રહી હોવાને કારણે માગમાં થયેલા વધારા વચ્ચે ચાલુ ઉનાળાની મોસમમાં વિમાનભાડામાં વીસથી પચીસ ટકાનો વધારો કરવામા આવતા પ્રવાસીઓએ ડૉમેસ્ટિક ફ્લાઈટ માટે વધુ ભાડાં ચૂકવવા પડશે, એમ ઍરલાઈન્સ ઈન્ડસ્ટ્રીસના નિષ્ણાતોએ કહ્યું હતું.

ઉનાળામાં પ્રવાસીઓની સંખ્યા ટોચ પર પહોંચવાની દિશામાં આગળ વધી રહી છે તેવા સમયે ઍરલાઈન્સ ઉદ્યોગ ડૉમેસ્ટિક રૂટ પર મોટા વિમાનોનો ઉપયોગ કરી પ્રવાસીઓને પહોંચી વળવાના પ્રયાસો કરી રહ્યો છે.

પાઈલટની સમસ્યાનો સામનો કરી રહેલી વિસ્તારા ઍરલાઈન્સે તેની વિમાન ઉડ્ડયનની દૈનિક ક્ષમતામાં ૧૦ ટકાનો ઘટાડો કર્યો છે. ગો ફર્સ્ટે બૅન્કરપ્સી જાહેર કરતા અને ઈન્ડિગો ઍરલાઈન્સે એન્જિનને મુદ્દે ૭૦ જેટલાં વિમાન ભૂમિગત કરતાં દેશનો ઍરલાઈન્સ ઉદ્યોગ અગાઉ જ વિમાનોની અછતનો સામનો કરી રહ્યો હોવા વચ્ચે આ ભાડા વધારો કરવામાં આવ્યો છે. ચાલુ ઉનાળા દરમિયાન વિસ્તારા દૈનિક ૩૦૦ કરતાં વધુ ફ્લાઈટ ઑપરેટ કરશે.

એક સર્વેક્ષણના તારણ મુજબ પહેલી માર્ચથી સાતમી માર્ચના સમયગાળાની સરખામણીએ પહેલી એપ્રિલથી સાતમી એપ્રિલના સમયગાળા દરમિયાન અનેક રૂટ પર વિમાનભાડામાં ૩૯ ટકા તો અમુક રૂટ પર ૩૦ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો.

આ સમયગાળા દરમિયાન દિલ્હી-બેંગલૂરુ રૂટ પર ૩૯ ટકા, દિલ્હી-શ્રીનગર રૂટ પર ૩૦ ટકા તો દિલ્હી-મુંબઈ રૂટ પર ૧૨ ટકા અને મુંબઈ દિલ્હી રૂટ પર આઠ ટકાનો વધારો જોવા મળ્યો હતો. દિલ્હી-ગોવા, દિલ્હી-કોચી, દિલ્હી-જમ્મુ અને દિલ્હી-શ્રીનગર જેવા ચાવીરૂપ રૂટ પર વિમાનભાડામાં અંદાજે વીસથી પચીસ ટકા સુધીનો વધારો જોવા મળી રહ્યો છે.

આ વખતના ઉનાળામાં વિમાનભાડામાં સરેરાશ વીસથી પચીસ ટકાનો વધારો થશે, એમ ઍર ઍન્ડ હૉટલ બિઝનેસના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ ભરત મલિકે કહ્યું હતું. (એજન્સી) ■


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.



બલુચિસ્તાનમાં બે સ્થળે વિસ્ફોટઃ ત્રણનાં મોત ૨



ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 66,240/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


### પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના આમંત્રણને નકારી

## કૉંગ્રેસે ભગવાન રામનું અપમાન કર્યુંઃ મોદી

પીલીભીત (ઉ.પ્ર): રામમંદિરના નિર્માણમાં દેશની દરેક વ્યક્તિ અને પરિવારે તેમની ક્ષમતા મુજબ યોગદાન આપ્યું હતું એમ જણાવી મોદીએ કૉંગ્રેસ પર રામમંદિરના નિર્માણ આડે અનેક અવરોધ ઊભા કરવાનો તેમ જ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના આમંત્રણને નકારી ભગવાન રામનું અપમાન કરવાનો આરોપ મૂક્યો હતો.

એક સભાને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસ લાલચના રાજકારણમાં ડૂબી ગઈ હોવાને કારણે હવે તે તેમાંથી ક્યારેય બહાર આવી નહીં શકે.

સમગ્ર વિશ્વ અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું હોવા વચ્ચે ભારત વિશ્વને દર્શાવી રહ્યું છે કે કશુ જ અશક્ય નથી, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું. પ્રત્યેક વ્યક્તિના મતને કારણે આ શક્ય બન્યું હોવાનું તેમણે કહ્યું હતું.

લક્ષ્ય ગમે તેટલું મુશ્કેલ હોય, પરંતુ ભારત જો એક વખત નક્કી કરી લે તો તે પાર પાડીને જ રહે છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આ પ્રેરણા ને ઊર્જાને કારણે અમે વિકસિત ભારતની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

સમગ્ર વિશ્વ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે ત્યારે કશું જ અશક્ય ન હોવાનું ભારત વિશ્વને (જુઓ પાનું ૨) ▶▶

## સૌરાષ્ટ્રના સાત રાજવીનો ક્ષત્રિય સમાજના આંદોલનને ટેકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા કેન્દ્રીય પ્રધાન પુરુષોત્તમ રૂપાલાના સમાજ વિરોધી નિવેદનને પગલે ફાટી નિકળેલી વિરોધની ચીનગારી હવે વિકરાળ આગ તરફ આગળ વધી રહી છે. ક્ષત્રિય સમાજે રૂપાલાને રાજકોટમાંથી હટાવવાની માગણી સાથે શરૂ કરેલા આંદોલન બાદ પણ ભાજપ મોવડી મંડળે હજુ સુધી રૂપાલાની ટિકિટ રદ ન કરતા આખરે સૌરાષ્ટ્રના સાત રાજવીઓએ પણ રૂપાલા સામે રોષ વ્યક્ત કરીને આંદોલનને ટેકો જાહેર કર્યો છે. રૂપાલાના નિવેદનના વિરોધમાં સૌ પ્રથમ ભાવનગરના રાજવી (જુઓ પાનું ૨) ▶▶

## હાઈ કોર્ટના ચુકાદાને કેજરીવાલ સુપ્રીમમાં પડકારશે

નવી દિલ્હીઃ એક્સાઈઝ પૉલિસી સંબંધિત મનીલૉન્ડરિંગ કેસને મામલે ઈડી દ્વારા કરવામાં આવેલી ધરપકડને પડકારતી અરજીને નકારતા હાઈ કોર્ટના ચુકાદાને દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ સુપ્રીમ કોર્ટમાં પડકારશે, એમ 'આપ'એ મંગળવારે કહ્યું હતું.

હાઈ કોર્ટના ચુકાદાના ગણતરીના કલાકો બાદ 'આપ'એ કહ્યું હતું કે કહેવાતું એક્સાઈઝ પૉલિસી કૌભાંડ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીને ખતમ કરવાનું સૌથી મોટું રાજકીય કાવતરું છે.

'આપ'ના નેતા અને દિલ્હીના પ્રધાન સૌરભ ભારદ્વાજે પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે અમે દેશના ન્યાયતંત્રનો આદર કરીએ છીએ, પરંતુ અમે હાઈ કોર્ટે આપેલા ચુકાદા સાથે સહમત નથી અને તેને પડકારવા અમે (જુઓ પાનું ૨) ▶▶

## વડોદરામાં રોગચાળામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરઉનાળે વડોદરા શહેરમાં રોગચાળાએ ભરડો લીધો છે. મચ્છરજન્ય તેમ જ પાણીજન્ય રોગોથી દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. ડેન્ગ્યૂ, ચિકનગુનિયા, ટાઇફોઇડ તેમ જ મેલેરિયાના દર્દીઓમાં વધારો થયો છે. આ સિવાય વાઇરલ ઇન્ફેક્સનના રોગોમાં પણ વધારો નોંધાયો છે.ભરઉનાળે પાણીની સમસ્યાની સાથે હવે વડોદરાવાસીઓ (જુઓ પાનું ૨) ▶▶

## તમિળનાડુમાં ઇડીના પચીસ સ્થળો પર દરોડા

ચેન્નઇઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ મંગળવારે ડ્રગ્સની દાણચોરી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તમિળનાડુના વિવિધ વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. આ કેસમાં ડીએમકેના પૂર્વ નેતા જાફર સાદિક અને અન્યો સામે તપાસ ચાલી રહી છે.

ઇડીએ ચેન્નઈ, મદુરાઈ અને તિરુચિરાપલ્લીમાં ૨૫ સ્થળો પર દરોડા પાડ્યા હતા. તપાસ એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) (જુઓ પાનું ૨) ▶▶

## સ્કાયમેટની ઘણા રાજ્યમાં સારા વરસાદની આગાહી

નવી દિલ્હીઃ આ વર્ષે મેઘરાજા દેશના લોકો પર કૃપા વરસાવશે, હવામાનની આગાહી કરતી ખાનગી એજન્સી સ્કાયમેટ વેધર એ ભારતમાં આ વર્ષે ચોમાસા દરમિયાન સામાન્ય વરસાદ થવાની આગાહી કરી છે. આગાહી મુજબ આગામી ચોમાસુ જૂનથી સપ્ટેમ્બર સુધી લગભગ ચાર મહિના સુધી ચાલશે.

સ્કાયમેટના જણાવ્યા મુજબ આ વર્ષે ચોમાસુ ૧૦૨%ની લોંગ પિરીયડ એવરેજ (LPA) સાથે સામાન્ય રહેશે. સ્કાયમેટની આગાહી મુજબ દેશમાં સરેરાશ ૮૬૮.૬ મીમી વરસાદની અપેક્ષા છે, (જુઓ પાનું ૨) ▶▶

## નૈનિતાલમાં માર્ગ અકસ્માતમાં આઠનાં મોત

દેહરાદૂનઃ ઉત્તરાખંડના નૈનિતાલ જિલ્લામાં મંગળવારે એક વાહન દોઢસો ફૂટ ઊંડી ખીણમાં પડતાં સાત નેપાળી નાગરિક સહિત આઠ લોકોનાં મોત થયાં હતાં, એમ પોલીસે જણાવ્યું હતું.

બેતાલઘાટ પાસે થયેલા આ અકસ્માતમાં બે નેપાળી નાગરિક ઘાયલ થયા હતા, એમ તેઓએ જણાવ્યું હતું.

દુર્ઘટનાની માહિતી મળ્યા બાદ, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમની ટુકડી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. સ્થાનિક (જુઓ પાનું ૨) ▶▶






1.0L Turbo Boosterjet Engine with Progressive Smart Hybrid


Front Grille Garnish
**Opulent Red**


Head Lamp Garnish



Rear Upper Spoiler Extender
**Black + Red**

NEXA Safety Shield
Standard Across All Variants
- DUAL FRONT AIRBAGS
- ABS WITH EBD
- PEDESTRIAN PROTECTION COMPLIANCE
- COMPLIANT WITH -
- FULL FRONTAL IMPACT
- FRONTAL OFFSET IMPACT
- SIDE IMPACT

**BENEFITS UPTO ₹55 000^**

Contact us at
1800-200-[6392]
1800-102-[NEXA]
www.nexaexperience.com
NOW YOU CAN ALSO BOOK ONLINE

**NORTH MUMBAI: NEXA KANDIVALI S.V.ROAD** (SHIVAM AUTOZONE PH: 8828199999), **NEXA VASAI** (SAI SERVICE PVT. LTD. PH: 91-8369078401), **NEXA MIRA ROAD** (KIRAN MOTORS PH: 8655856555), **CENTRAL MUMBAI: NEXA KURLA WEST** (FORTPOINT AUTOMOTIVE CARS PVT. LTD. PH: 9594632000, 8689808888), **NEXA CHEMBUR** (EXCELL AUTOVISTA PH: 9820538678), **NEXA ANDHERI EAST** (SHIVAM AUTOZONE PH: 8600288888), **NAVI MUMBAI: NEXA NERUL** (AUTOMOTIVE MANUFACTURER PVT. LTD. PH: 18002100021, 022-66143801), **NEXA VASHI PALM BEACH ROAD** (MY CAR (PUNE) PVT. LTD. PH: 9326928297), **WEST MUMBAI: NEXA VILE PARLE WEST** (MY CAR PUNE PVT. LTD. PH: 9028146999, 8591202269), **NEXA ANDHERI EAST** (SHIVAM AUTOZONE PH: 8600288888), **SOUTH MUMBAI: NEXA LOWER PAREL** (SAI SERVICE PVT. LTD. PH: 7506704714), **EAST MUMBAI: NEXA BHANDUP** (KTS AUTOMOTORS PVT. LTD. PH: 9930246246), **KALYAN: NEXA KALYAN BHIWANDI ROAD** (AHER AUTOPRIME LLP. PH: 9152525200), **NEXA DAIGHAR SHILPHATA** (VELOX MOTORS PVT. LTD. PH: 9930059595), **THANE: NEXA THANE SOUTH** (EXCELL AUTOVISTA PH: 7777002830), **KHARGHAR: NEXA KHARGHAR** (SIMRAN MOTORS PVT. LTD. PH: 8291101002).

Scan to know more.
SMART FINANCE
AN ONLINE END-TO-END CAR FINANCE SOLUTION
▸ Multiple financiers
▸ Digital Document Upload
▸ Live Loan status
▸ Complete transparency (associated fees & charges)

^Offers vary across variants. Maruti Suzuki India Limited reserves the right to discontinue offers without notice. For more details regarding offers please contact your nearest NEXA dealership. T&C apply. Maruti Suzuki Smart Finance is now available in Pan- India. Accessories and features shown may not be part of standard equipment. Black glass shade on the vehicle is due to lighting effect. Images used are for illustration purposes only.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# એનઆઈએ પર હુમલો, ભાજપ-મમતા બંને સરખાં

**પશ્ચિમ** બંગાળમાં લોકસભાની ચૂંટણી આવતાં જ કેન્દ્રીય એજન્સીઓ પાછી સક્રિય થઈ છે ને તેમાં નવી બબાલ થઈ છે. આ વખતની બબાલમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ના અધિકારીઓ ખરડાયા છે. ૨૦૨૨માં થયેલા બોમ્બ બ્લાસ્ટની તપાસ માટે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ની ટીમ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ બલાઈ ચરણ મૈતી અને મનોબ્રતની ધરપકડ કરવા પૂર્વ મેદિનીપુર જિલ્લાના ભૂપતિનગર ગઈ ત્યારે લોકોએ તેનો વિરોધ કર્યો તેમાં બબાલ થઈ ગઈ. લોકોના ટોળાએ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ના અધિકારીઓને રોક્યા તેમાં ચકમક ઝરી પણ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ની ટીમ તેને ગણકાર્યા વિના બંને આરોપીને કોલકાત્તા લઈને જતી રહેલી.

આ ઘટના શુક્રવારે ૫ એપ્રિલે મોડી રાત્રે બની પછી તૃણમૂલ કોંગ્રેસે તેની સામે હોહા કરી મૂકેલી. એનઆઈએના અધિકારીઓએ મહિલા સાથે દુર્વ્યવહાર કર્યો હોવાના આક્ષેપો મુકાયેલા ને હવે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. એનઆઈએ જેને આ કેસના બે મુખ્ય કાવતરાખોર ગણાવે છે એ પૈકીના એક ટીએમસી નેતા મનોબ્રત જનાની પત્ની મોની જનાએ એનઆઈએના અધિકારીઓ વિરુદ્ધ પેલીસ ફરિયાદ નોંધાવી છે.

મોની જનાનો આક્ષેપ છે કે એનઆઈએની ટીમે તપાસના બહાને અડધી રાત્રે તેના ઘરમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. મોનીએ તેમને રોકવા પ્રયત્ન કરતાં અધિકારીઓએ ઘરમાં ઘૂસીને મારપીટ, દુર્વ્યવહાર અને તોડફોડ કર્યાં હતાં એવો આરોપ પણ મોનીએ લગાવ્યો છે. મોનીની ફરિયાદના આધારે ભૂપતિનગર પોલીસ સ્ટેશનમાં એનઆઈએના અધિકારીઓ વિરુદ્ધ આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે કોઈની ધરપકડ કરી નથી અને આ મામલે તપાસ કરવામાં આવી રહી છે એવી રેકર્ડ વગાડી છે પણ રાજકીય રીતે આ મુદ્દો ગરમ થઈ ગયો છે. ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે બરાબરની જામી છે.

એનઆઈએનું કહેવું છે કે, પોલીસ ફરિયાદમાં કરાયેલા આક્ષેપો તદ્દન ખોટા છે. શુક્રવારે ૫ એપ્રિલે મોડી રાત્રે કોલકત્તા હાઈ કોર્ટના આદેશથી એનઆઈએ ટીમ ભૂપતિનગર ગઈ હતી કે જેથી તૃણમૂલ કોંગ્રેસના નેતા બલાઈ ચરણ મૈતી અને મનોબ્રત જનાની ધરપકડ કરી શકાય. એનઆઈએએ બંનેની ધરપકડ કરી ત્યાં લગી કશું ના થયું પણ ટીમ આરોપીઓને વાહનમાં બેસાડીને લઇ જવા લાગી ત્યારે લોકો અધિકારીઓ સામે લાકડીઓ લઈને ઊભા રહી ગયા હતા. લોકોએ અધિકારીઓના વાહન પર પથ્થરમારો કર્યો તેમાં એક અધિકારીને ઈજા થઈ હોવાનો પણ એનઆઈએનો દાવો છે. એનઆઈએની ટીમ આરોપીઓને કોલકાતા લઈ ગઈ એ પહેલાં અધિકારીઓએ હુમલા વિરુદ્ધ ભૂપતિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી પણ પોલીસે હજુ સુધી કોઈની ધરપકડ કરી નથી ત્યાં હવે સામી ફરિયાદ નોંધાઈ ગઈ છે.

બંગાળનાં મુખ્ય મંત્રી મમતા બેનરજી આવા મુદ્દાઓને ચગાવવામાં માહિર છે તેથી તેમણે પહેલાં જ આ મુદ્દે જંગ શરૂ કરી દીધેલો. મમતાનો દાવો છે કે, એનઆઈએની ટીમ પર હુમલો થયો જ નથી પણ મહિલાઓ પર હુમલો થયો હતો. મમતાએ સવાલ ઉઠાવ્યો કે, એનઆઈએના અધિકારીઓએ અડધી રાત્રે શા માટે દરોડા પાડ્યા? એનઆઈએ પાસે અજધી રાત્રે દરોડા પાડવા માટે પોલીસની મંજૂરી હતી ? મમતાએ મહિલાઓનો બચાવ પણ કર્યો છે કે, રાત્રે કોઇ અડધી વ્યક્તિ તમારા ઘરમાં ઘૂસવાનો પ્રયત્ન કરે ત્યારે જે રીતે વર્તવું જોઈએ એ રીતે ભૂપતિનગરની મહિલાઓ વર્તી છે એ જોતાં તેમણે કશું ખોટું કર્યું નથી.

મમતાએ એનઆઈએની મદદથી ભાજપ ગંદું રાજકારણ રમી રહ્યો છે અને તૃણમૂલ કોંગ્રેસના બૂથ એજન્ટોને અંદર કરી રહ્યો છે એવો આક્ષેપ પણ કર્યો છે. ટીએમસીના પ્રવક્તા કુણાલ ઘોષે પણ આક્ષેપ કર્યો છે કે, ભાજપે ટીએમસી નેતાઓની યાદી એનઆઈએને આપી છે અને તેના આધારે એનઆઈએ વર્તી રહી છે, ચૂંટણી પહેલાં આ નેતાઓની ધરપકડ કરીને ભાજપને ફાયદો કરાવવા માટે મચી પડી છે.

ભાજપ આ મામલે એનઆઈએનો બચાવ કરીને મમતાની પાર્ટીને ગુંડાઓની પાર્ટી ગણાવી છે. ભાજપનું કહેવું છે કે, એનઆઈએની ટીમ પર હુમલો કરીને મમતાની પાર્ટીએ ફરી સાબિત કર્યું છે કે, તેમેન બંગાળમાં ગુંડાગીરી અને આતંકના જોરે સત્તા ટકાવવામાં રસ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે એનઆઈએની ટીમ પરના હુમલા પછી તૃણમૂલ કોંગ્રેસને આડે હાથ લેતાં કહ્યું કે, તૃણમૂલ સરકારને બંગાળમાં લૂંટફાટ અને આતંક ફેલાવવાનો મુક્ત પરવાનો જોઈએ છે. પોતાના ખંડણીખોર અને ભ્રષ્ટ નેતાઓને બચાવવા માટે મમતાની સરકાર કેન્દ્રીય એજન્સીઓ તપાસ કરવા જાય ત્યારે તેમના પર હુમલા કરાવે છે.

બંગાળમાં લોકસભાની ચૂંટણીમાં જીતવા માટે ભાજપ અને તૃણમૂલ બંને જીવ પર આવી ગયાં છે તેથી આ આક્ષેપબાજીનો જલદી અંત નહીં આવે એ નક્કી છે. બલ્કે હજુ તો આ પ્રકરણ લાંબું ચાલશે. તૃણમૂલ કોંગ્રેસના નેતાઓને આંટીમાં લેવા માટે કેન્દ્રીય એજન્સીઓ બંગાળ જયા કરશે ને સામે મમતાની પાર્ટી પોતાના નેતાઓને બચાવવા મથશે તેથી આવી ઘટનાઓનો સિલસિલો ચાલ્યા કરશે.

આ પ્રકારની ઘટનાઓ કમનસીબ કહેવાય ને તેના માટે બંને પક્ષ જવાબદાર છે. મમતા બેનરજી ગુંડાગીરીના રાજકારણની પેદાશ છે તેથી કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે ગુંડાગીરીનો આશરો લેવો એ જ તેમની માનસિકતા છે. કોઈને પણ ડરાવીને વશમાં રાખવાની માનસિકતા મમતા છોડી શકે તેમ નથી. બીજી તરફ ભાજપ સરકાર પણ એજન્સીઓનો દુરૂપયોગ કરે જ છે.

ભૂપતિનગરમાં બનેલી ઘટના બે વર્ષ જૂની છે. ૩ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ભૂપતિનગરમાં એક ઘરમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો તેમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ઘરની છત ઊડી ગઈ હતી. વખતે આ બ્લાસ્ટ ભાજપે કરાવ્યો હોવાના આક્ષેપો થયા હતા તેથી એનઆઈએએ તપાસમાં રસ ના બતાવ્યો. હવે અચાનક એનઆઈએ સક્રિય થઈ અને ગયા મહિને આ કેસમાં પૂછપરછ માટે તૃણમૂલ કોંગ્રેસના આઠ નેતાઓને સમન્સ પાઠવી ૨૮ માર્ચે ન્યૂ ટાઉન સ્થિત એનઆઈએ ઓફિસમાં હાજર થવા ફરમાન કરેલું.

એનઆઈએને અચાનક જ આ કેસની તપાસ અત્યારે લોકસભાની ચૂંટણી ટાણે જ કરવાનો ઉમળકો ક્યાંથી જાગી ગયો ? બે વર્ષ સુધી એનઆઈએ કેમ કશું કર્યા વિના બેસી રહી ? એનઆઈએની ટીમ અડધી રાત્રે શું કરવા ગઈ ?

આ સવાલનો જવાબ સ્પષ્ટ છે. ભાજપ સરકાર ઈચ્છતી હતી એટલે એનઆઈએ આ રીતે વર્તી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), બુધવાર, તા. ૧૦-૪-૨૦૨૪ચંદ્રદર્શન.

- ભારતીય દિનાંક ૨૧, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨જો, માહે ૧૦મો શવ્વાલ સને ૧૪૪૫
- નક્ષત્ર ભરણી મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૫ સુધી (તા. ૧૧મી) પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી :બપોરે ક.૧૩-૧૬,મધ્યરાત્રે ક.૦૧-૦૨(તા.૧૧)
- ઓટઃ સવારે ક.૬-૩૮,રાત્રે ક.૧૯-૦૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - દ્વિતિયા. ચેતી ચાંદ દિન, ચંદ્રદર્શન.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

- મુહૂર્ત વિશેષઃ ચૈત્રી બીજનાં ચંદ્ર દર્શનનો મહિમા છે. યમદેવતાનું પૂજન, આમલીનાં ઔષધીય પ્રયોગો,માલ વેચવો, ખેતીવાડી, નવું ધાન્ય ખરિદવું. શ્રીગણેશ - શ્રી લક્ષ્મી પૂજા .
- નવરાત્રિ મહિમાઃ આજે માતા બ્રહ્મચારિણી સ્વરૂપની પૂજાનો મહિમા છે. શક્તિની ઉપાસના માટે નવરાત્રિના નવ દિવસ ઉપરાંત નિત્ય દૈનિક પ્રાતઃ પૂજા, સનાનત ધર્મમાં મહિમાવંત છે. આપણા પૌરાણિક ગ્રંથોમાં નિરાકાર અને સાકાર સ્વરૂપે મા જગદંબાના મહિમાનું ગાન અને સ્તુતિ જોવા મળે છે. નવરાત્રિ પર્વમાં તથા નિત્ય શક્તિની ઉપાસના કરીએ તો તુરંત શક્તિનું પ્રાકટ્ય અનુભવાશે. નવરાત્રિ પર્વોમાં શક્તિ ઉપાસનાથી ચંદ્ર-સૂર્ય આદિ ગ્રહ બળ પ્રાપ્ત થાય છે.
- આચમનઃચંદ્ર-ગુરુ યુતિ સાધન સંપન્ન, મંગળ-શનિ યુતિ આતરિક અખૂટ શક્તિ, ચંદ્ર-હર્ષલ યુતિ વિચારોમાં અસ્થિરતા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ (તા. ૧૧), મંગળ-શનિ યુતિ (તા. ૧૧), ચંદ્ર-હર્ષલ યુતિ (તા. ૧૧)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, વક્રી બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર.

# હરિયાણામાં આચારસંહિતા લાગુ થયા બાદથી ૧૪ કરોડ રૂપિયાનો દારૂ , ડ્રગ્સ અને રોકડ જપ્ત

ચંદીગઢઃ ગયા મહિને લોકસભાની ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા અમલમાં આવી ત્યારથી કાયદા અમલીકરણ એજન્સીઓએ હરિયાણામાં આશરે રૂ. ૧૪ કરોડનું ડ્રગ્સ, દારૂ અને બિનહિસાબી રોકડ જપ્ત કરી છે.

અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે રવિવાર સુધી, ૧૦.૫૦ કરોડથી વધુની કિંમતનો ગેરકાયદેસર દારુ અને ડ્રગ્સ અને ૩.૬૨ કરોડની રોકડ જપ્ત કરવામાં આવી છે.

હરિયાણાના મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ અગ્રવાલે જણાવ્યું હતું કે પોલીસ, આવકવેરા વિભાગ, આબકારી અને કર વિભાગ અને રેવન્યુ ઇન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

હરિયાણાની ૧૦ લોકસભા સીટો માટે છઠ્ઠા તબક્કામાં પચીસ મેના રોજ મતદાન થશે.

આબકારી અને કર વિભાગના કમિશનર અશોકકુમાર મીણાએ જણાવ્યું હતું કે ચૂંટણી દરમિયાન દારુની દાણચોરીને રોકવા માટે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી રહી છે.

એમણે સોમવારે સોનીપતમાં એક મીટિંગ દરમિયાન અધિકારીઓને જણાવ્યું હતું કે, રાજ્યભરમાં ઓળખવામાં આવેલા ૪૫ માર્ગો દ્વારા જ લાઇસન્સ પ્રાપ્ત દારૂનું પરિવહન કરી શકાય છે.

જો દારૂ અન્ય કોઈપણ માર્ગે લઈ જવામાં આવે છે, તો વાહન અને દારૂ તરત જ જપ્ત કરવો જોઈએ.

મીનાએ મીટિંગ દરમિયાન જણાવ્યું હતું કે એન્ટ્રી પોઈન્ટ્સ પર સારી રીતે તપાસ કરવી મહત્વપૂર્ણ છે.

# પોલીસ એન્કાઉન્ટરમાં આરોપી અમરજીતસિંહ ઠાર, અન્ય આરોપી ફરાર

ઉધમસિંહ નગરઃ ઉત્તરાખંડના ઉધમ સિંહ નગર ૨૮ માર્ચે શ્રી નાનકમત્તા સાહિબ ગુરુદ્વારા ડેરા કાર સેવાના વડા બાબા તરસેમસિંહની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ હત્યાકાંડના મુખ્ય આરોપી અમરજીતસિંહને ઉત્તરાખંડ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને હરિદ્વાર પોલીસ દ્વારા એન્કાઉન્ટરમાં ઠાર કરવામાં આવ્યો છે. બીજો આરોપી ફરાર થઇ ગયો હતો, એસટીએફ અને પોલીસ તેની શોધી રહી છે. આ એન્કાઉન્ટર હરિદ્વારના ભગવાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયું હતું. ડીજીપી ઉત્તરાખંડ અભિનવ કુમારે આ અંગે માહિતી આપી છે.ઉત્તરાખંડ પોલીસે જણાવ્યું કે પોલીસ બંને આરોપીઓને સતત શોધી રહી હતી. તેના માથા પર ૧ લાખ રૂપિયાનું ઈનામ રાખવામાં આવ્યું હતું. પોલીસે કુખ્યાત શૂટર અમરજીતસિંહ ઉર્ફે બિટ્ટુને ઠાર કર્યો છે, જો કે તેનો એક સાથી ભાગી જવામાં સફળ રહ્યો હતો.

પ્રમુખ બાબા તરસેમસિંહની ૨૮ માર્ચે ઉધમસિંહ નગરના નાનકમત્તા ગુરુદ્વારામાં બાઇક પર આવેલા બે હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી હતી. ત્યાર બાદ ભૂતપૂર્વ આઇએએસ અધિકારી હરબંશ સિંહ ચુગ ઉપરાંત પ્રિતમસિંહ અને બાબા અનૂપસિંહ નામના શખ્સો સામે નાનકમત્તા પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

કાર સેવાના સેવાભાવી જસબીરસિંહે આરોપ લગાવ્યો હતો કે હરબંશસિંહ ચુગ અને અન્ય બે લોકોએ કાર સેવાના વડાની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. તેણે એમ પણ કહ્યું કે આ ત્રણ સિવાય અન્ય લોકો પણ હત્યાના કાવતરામાં સામેલ છે.ઉત્તરાખંડ પોલીસે અગાઉ કહ્યું હતું કે તેઓ અન્ય આરોપીઓની શોધમાં ઉત્તર પ્રદેશ અને પંજાબમાં તપાસ કરી રહ્યા છે. આ ઉપરાંત, આ કેસમાં વધુ ત્રણ શંકાસ્પદ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તેઓ કથિત રીતે હુમલાખોરોને સોપારી આપવા અને શસ્ત્રો પૂરા પાડવામાં સામેલ હતા.

ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામી તરસેમસિંહની હત્યાની તપાસ પર નજર રાખી રહ્યા છે અને તેમણે પોલીસને શંકાસ્પદોને ઝડપથી પકડવા સૂચના આપી છે.

# બલુચિસ્તાનમાં બે સ્થળે વિસ્ફોટઃ ત્રણનાં મોત

કરાંચીઃ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં એક પછી એક થયેલા બે વિસ્ફોટમાં એક પોલીસકર્મી સહિત ત્રણ લોકોનાં મોત થયા હતા, જ્યારે ૨૦ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. પોલીસે આ ઘટનાની જાણકારી આપી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ''પ્રથમ બ્લાસ્ટ સોમવારે ક્વેટા જિલ્લાના કુચલક વિસ્તારમાં એક મસ્જિદમાં થયો હતો. વિસ્ફોટમાં એક પોલીસકર્મીનું મોત થયું હતું, જ્યારે ૧૫ લોકો ઘાયલ થયા હતા. મસ્જિદમાં વિસ્ફોટ થયો ત્યારે લોકો મગરીબની નમાજ અદા કરી રહ્યા હતા.''

બીજો બ્લાસ્ટ સોમવારે ખુજદાર શહેરના ઓમર ફારૂક ચોકમાં થયો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે બોમ્બ વિસ્ફોટ થયો ત્યારે વિસ્તારમાં ભીડ હતી. અહીં મહિલાઓ અને બાળકો ઈદની ખરીદી માટે આવ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, વિસ્ફોટમાં બે લોકોનાં મોત થયા છે, જ્યારે પાંચ અન્ય લોકો ઘાયલ થયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે ઘટનાની માહિતી મળતાં જ પોલીસ અને સુરક્ષા દળો ઘટના સ્થળે પહોંચ્યા હતા.

ઘાયલો અને મૃતદેહોને ખુજદાર ટીચિંગ હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવૉડના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ શરૂ કરી હતી. તેમણે કહ્યું કે બંને બોમ્બ વિસ્ફોટો મોટરસાઈકલમાં આઈઈડીનો ઉપયોગ કરીને કરવામાં આવ્યા હતા. એવું લાગે છે કે મોટરસાઇકલ આઇઇડી રિમોટથી નિયંત્રિત કરવામાં આવી રહી હતી. કોઈપણ પ્રતિબંધિત આતંકવાદી સંગઠને આ હુમલાઓની જવાબદારી લીધી નથી.

# દિલ્હીમાં આપની 'જેલ કા જવાબ વોટ સે' ઝુંબેશ શરૂ

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ) દ્વારા મંગળવારે દિલ્હીના શાહદરા વિસ્તારમાં ઘરે ઘરે ફરીને જેલ કા જવાબ વોટ સે ઝુંબેશ ચાલુ કરીને મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ માટે સમર્થન એકઠું કરવાનો પ્રારંભ કર્યો છે. અત્યારે કેજરીવાલ તિહાર જેલમાં છે અને પાર્ટી લોકસભાની ચૂંટણીમાં તેમના માટે સમર્થન એકઠું કરી રહી છે.

આ ઝુંબેશ હેઠળ આપના નેતાઓ લોકસભાના ચાર મતદારસંઘોમાં જ્યાં ઉમેદવારો ઊભા રાખવામાં આવ્યા છે ત્યાં ઘરે ઘરે મુલાકાત કરશે.

આપના દિલ્હીના કન્વીનર ગોપાલ રાયે આ ઝુંબેશની શરૂઆત શાહદરા વિસ્તારમાંથી કરી હતી. તેમની સાથે પાર્ટીના દિલ્હી પૂર્વના ઉમેદવાર કુલદીપ કુમાર પણ હતા. કેજરીવાલની ૨૧મી માર્ચના રોજ લિકર પોલિસી કૌભાંડ સાથે સંકળાયેલા મની-લોન્ડરિંગના કેસમાં ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

કોંગ્રેસ સાથે ઈન્ડી ગઠબંધનમાં સહભાગી આમ આદમી પાર્ટી દિલ્હીમાં ચાર બેઠકો- ન્યુ દિલ્હી, ઈસ્ટ દિલ્હી, સાઉથ દિલ્હી અને વેસ્ટ દિલ્હીમાંથી ચૂંટણી લડી રહી છે. જ્યારે કોંગ્રેસ દિલ્હીની બાકીની ત્રણ બેઠક પરથી ચૂંટણી લડી રહી છે. દિલ્હીની લોકસભાની સાતેય બેઠકો પર ૨૫ મેના રોજ મતદાન થશે. (પીટીઆઈ)

# વડા પ્રધાન મોદીએ દેશવાસીઓને ચૈત્ર નવરાત્રી અને ગૂડીપડવાની આપી શુભકામના

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દેશવાસીઓને હિન્દુ નવું વર્ષ, ગૂડીપડવો, ઉગાડી, ચૈત્ર નવરાત્રિ સહિત અનેક તહેવારોની શુભેચ્છા પાઠવી હતી.

વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટમાં કહ્યું હતું કે ''દેશભરના મારા પરિવારના સભ્યોને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

હું ઈચ્છું છું કે આ નવું વર્ષ દરેક માટે સુખ, સમૃદ્ધિ અને આરોગ્યથી ભરેલું રહે.''

બીજી પોસ્ટમાં તેમણે કહ્યું હતું કે , દેશના મારા પરિવારના તમામ સભ્યોને નવરાત્રીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. શક્તિની ઉપાસનાનો આ મહાપર્વ તમામ લોકો માટે સુખ, સમૃદ્ધિ, સૌભાગ્ય અને આરોગ્ય લઇને આવે તેવી કામના છે. જય માતા જી

નવરાત્રિના પ્રથમ દિવસે વડા પ્રધાને માતા શૈલપુત્રીના ચરણોમાં પ્રણામ કર્યા અને દેશવાસીઓ માટે શુભકામનાઓ પાઠવી હતી. તેમણે ગૂડીપડવા, ઉગાડી, ચેટી ચાંદ, નવરેહ અને અન્ય તહેવારો પર વિવિધ ભાષાઓમાં શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

## પહેલા પાનાનું ચાલુ

### વડોદરામાં રોગચાળામાં

પાણીજન્ય રોગની સમસ્યાનો પણ સામનો કરી રહ્યા છે. જ્યારે બીજી તરફ મચ્છરનો ઉપદ્રવ એટલો નથી છતાં પણ મચ્છરજન્ય રોગ નોંધાઈ રહ્યા છે. આ બંને રોગોના કારણે દવાખાને દર્દીઓની સંખ્યા વધી રહી છે. આ ઉપરાંત ઘેર ઘેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે.

પાણીજન્ય તેમ જ મચ્છરજન્ય રોગોમાં વધારો થયો છે. ખાસ કરીને ડેન્ગ્યૂ, ચિકનગુનિયા, ટાઇફોઇડ અને મેલેરિયા જેવા રોગોના દર્દીઓમાં વધારો થયો છે. ડેન્ગ્યૂના ૫૪ કેસ, ચિકનગુનિયાના ૩૦ કેસ જ્યારે ટાઇફોઇડના ૧૭ કેસ નોંધાયા છે.

મહત્ત્વનું છે કે, ઉનાળામાં પાણીની સમસ્યા સર્જાતા પાણીજન્ય રોગમાં વધારો થયો છે.

લોકો બહારના ઠંડા પીણાં તેમ જ શેરડીના રસનું સેવન કરી રહ્યા છે જેમાં સ્વચ્છતાના અભાવના કારણે પણ પાણીજન્ય રોગ વધી રહ્યા છે. આ સિવાય મચ્છરનો ઉપદ્રવ હાલ એટલો નથી પરંતુ તેમ છતાંય મચ્છરજન્ય રોગ નોંધાઈ રહ્યા છે.

આ બન્ને રોગોની સાથે સાથે વાઇરલ ઇન્ફેક્સનના રોગોમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે.

### હાઈ કોર્ટના ચુકાદાને

સુપ્રીમ કોર્ટમાં જઈશું.

તેમણે દાવો કર્યો હતો કે કહેવાતા એક્સાઈઝ પૉલિસી કૌભાંડ સંબંધિત મનીલૉન્ડરિંગ કેસને મામલે ઈડી તેમ જ સીબીઆઈ બિનહિસાબી એક રૂપિયો પણ જપ્ત કરી શકી નથી.

આ કેસ મનીલૉન્ડરિંગ સંબંધિત હોવા કરતાં દેશનું સૌથી મોટું રાજકીય કાવતરું હોવાનું વધુ જણાઈ રહ્યું છે. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ તેમ જ દિલ્હી અને પંજાબની 'આપ' સરકારને ખતમ કરવાનું આ રાજકીય કાવતરું છે, એમ તેમણે કહ્યું હતું.

ભારદ્વાજે આશા વ્યક્ત કરી હતી કે કેસને મામલે જે રીતે રાજસભાના સાંસદ સંજયસિંહને જામીન આપ્યા તે જ રીતે સુપ્રીમ કોર્ટ કેજરીવાલને રાહત આપશે. દિલ્હી હાઈ કોર્ટે મંગળવારે કેજરીવાલની અરજી નકારી કાઢી હતી. (એજન્સી)

### સૌરાષ્ટ્રના સાત

પરિવારે નિવેદન આપીને ક્ષત્રિય સમાજના આંદોલને ટેકો જાહેર કર્યો હતો ત્યાર બાદ કચ્છના રાજવી પરિવારે પણ નિવેદનને વખોડી કાઢીને સમાજને સમર્થન જાહેર કર્યું હતું.

ભાવનગર યુવરાજ જયવીરરાજસિંહે કહ્યું કે, હું મારા સમાજ સાથે જ છું, આ નિવેદનથી વિરોધ થવાનો જ છે. આગેવાનો માટે સમાજ પછી પક્ષ હોવો જોઇએ. યુદ્ધભૂમિમાં રાજપૂતો-મહારાજાઓએ બલિદાન આપ્યા છે. આ ઉપરાંત લિંબડીના ઠાકોર સાહેબે પણ એક લેખિત સંદેશ પાઠવીને રોષ વ્યક્ત કર્યો છે, જ્યારે વઢવાણ રાજવી પરિવારના સુધીરસિંહ ઝાલાએ આ સમગ્ર ઘટના પર આક્રોશ વ્યક્ત કર્યો છે.

રૂપાલાની ટિકિટ રદ ના થાય ત્યાં સુધી લડી લેવાનો સંકલ્પ કર્યો છે. સુધીરસિંહ ઝાલાએ ક્ષત્રિય સમાજના આંદોલનને યોગ્ય ગણાવતા કહ્યું હતું કે, આવા નિવેદનો કોઈપણ સંજોગોમાં ના ચલાવી લેવાય. મતદાન સુધી આ લડત ચાલુ રાખવું જોઇએ.

પુરુષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજમાં રોષ યથાવત્ છે. આજે મંગળવારે રાજકોટના રાજવી માંધતાસિંહે પણ રૂપાલાના નિવેદન અંગે રોષ વ્યક્ત કરીને આ વિવાદનો વહેલા ઉકેલ લાવવાની અપીલ કરી છે.

### ઈડીના તમિળનાડુમાં

જોગવાઈઓ હેઠળ કેન્દ્રીય અર્ધલશ્કરી દળો સાથે દરોડા પાડ્યા હતા. ડીએમકેના ભૂતપૂર્વ નેતા સાદિક પણ તમિલ ફિલ્મ નિર્માતા છે. દરોડા દરમિયાન સાદિક ઉપરાંત તમિલ ફિલ્મ નિર્દેશક આમિર અને અન્ય લોકોના ઘરે પણ તપાસ કરાઇ હતી.

ગયા મહિને જ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ ૩૬ વર્ષીય સાદિકની ધરપકડ કરી હતી. તેના પર ૩,૫૦૦ કિલો સ્યુડોફેડ્રિનની દાણચોરી કરવાનો આરોપ છે, જેની બજાર કિંમત ૨,૦૦૦ કરોડથી વધુ છે. ઇડીએ સાદિક અને અન્યો સામે મની લોન્ડરિંગનો કેસ નોંધવા માટે એનસીબીના કેસ અને અન્ય એફઆઇઆરની નોંધ લીધી હતી.

એનસીબીએ જણાવ્યું હતું કે સાદિકના તમિલ અને હિન્દી ફિલ્મ ફાઇનાન્સર્સ સાથેના સંબંધો, કેટલાક ઉચ્ચ પ્રોફાઇલ લોકો અને રાજકીય ભંડોળ તેમની તપાસના દાયરામાં છે. ડ્રગ્સની દાણચોરીમાં નામ સામે આવતાં સાદિકને ફેબ્રુઆરીમાં જ ડીએમકેમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો.

### કૉંગ્રેસે ભગવાન

દર્શાવી રહ્યું છે. એક સમય હતો જ્યારે કૉંગ્રેસ સરકાર વિશ્વ પાસેથી મદદ માગતી હતી, પરંતુ કોરોનાકાળ દરમિયાન ભારતે સમગ્ર વિશ્વ માટે દવા ઉપલબ્ધ બનાવી હતી, એમ તેમણે કહ્યું હતું.

ભારત જ્યારે વિશ્વની સૌથી ઝડપથી વિકસિત થઈ રહેલી આર્થિક સત્તા બની રહ્યું છે ત્યારે શું તમે ગૌરવ નથી અનુભવી રહ્યા?

આપણા ચંદ્રયાને ચંદ્ર પર તિરંગો લહેરાવ્યો શું ત્યારે તમે ગૌરવ નહોતું અનુભવ્યું? ભવ્ય જી-૨૦ શિખર પરિષદના ભારતે કરેલા આયોજનને સમગ્ર વિશ્વએ વખાણ્યું હતું, એમ મોદીએ કહ્યું હતું.

દેશ મજબૂત બને છે ત્યારે વિશ્વ તેને સાંભળે છે, એમ મોદીએ કહ્યું હતું.

પ્રથમ તબક્કામાં ૧૯ એપ્રિલે ઉત્તર પ્રદેશના આઠ સંસદીય મતદારસંઘમાં મતદાન યોજાવાનું છે. આ આઠ મતદારસંઘમાં સહરાનપુર, કૈરાના, મુઝફ્ફરનગર, બિજનોર, નાગિના (એસસી), મોરાદાબાદ, રામપુર અને પિલભિતનો સમાવેશ થાય છે. ચાર જૂને મતગણતરી કરવામાં આવશે. (એજન્સી)

### નૈનિતાલમાં માર્ગ

લોકો અને પોલીસ કર્મચારીઓ સાથે એસડીઆરએફની ટીમે આઠ મૃતદેહોને બહાર કાઢ્યા હતા.

પોલીસે જણાવ્યું કે ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કારમાં નવ નેપાળી નાગરિક સવાર હતા, જે તમામ મહેન્દ્રનગરના રહેવાસી હતા.

અકસ્માત થયો ત્યારે તેઓ ઘરે જઈ રહ્યા હતા. ડ્રાઇવર રાજેન્દ્ર કુમાર, જે માર્યા ગયેલા લોકોમાં સામેલ હતો, તે બેતાલઘાટનો રહેવાસી હતો.

### સ્કાયમેટની

સ્કાયમેટે જણાવ્યું હતું કે તેના અંદાજમાં +/- ૫% ની ભૂલ હોઈ શકે છે. લોંગ પિરીયડ એવરેજ ૯૬% થી ૧૦૪% ની રેન્જમાં હોય તો તેને સામાન્ય વરસાદ ગણવામાં આવે છે.

અગાઉ, ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ આ વર્ષ માટે જાહેર કરાયેલી તેની પ્રથમ આગાહીમાં, સ્કાયમેટે સામાન્ય ચોમાસાની આગાહી કરી હતી, હવે ફરીવાર સ્કાયમેટે સામાન્ય ચોમાસાની આગાહી કરી છે.

સ્કાયમેટના જણાવ્યા મુજબ અલ નીનો ઝડપથી લા નીનોમાં પરિવર્તિત થઇ રહ્યું છે, જેને કારણે પવનની સ્થિતિમાં અચાનક ફેરફાર થવાને કારણે આ વર્ષે ચોમાસાની સિઝનની શરુઆત મોડી થઈ શકે છે. સ્કાયમેટે કહ્યું કે આ સિવાય સમગ્ર સિઝન દરમિયાન વરસાદનું વિતરણ અસમાન રહેવાની ધારણા છે.

સ્કાયમેટે જણાવ્યું કે, ઈતિહાસમાં જ્યારે પણ સુપર અલ નીનો મજબૂત લા નીનામાં પરિવર્તિત થાય છે, ત્યારે તે વર્ષે ચોમાસુ સારું રહે છે. જોકે, અલ નીનોની અસરને કારણે ચોમાસાની સિઝનની શરૂઆત થોડી મોડી થઈ શકે છે. સિઝનના બીજા ભાગમાં પ્રારંભિક તબક્કા કરતાં વધુ વરસાદ જોવા મળી શકે છે.

સ્કાયમેટ એજન્સી દેશના દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ ભાગોમાં ''સારા વરસાદ''ની આગાહી કરી છે. સ્કાયમેટે જણાવ્યું હતું કે, ''મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના મુખ્ય વિસ્તારોમાં પૂરતો વરસાદ પડશે. જ્યારે જુલાઇ અને ઑગસ્ટના ચોમાસાના મહિનાઓ દરમિયાન પૂર્વીય રાજ્યો બિહાર, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ઓછા વરસાદનું જોખમ રહેશે. ઉત્તરપૂર્વ ભારતમાં ચોમાસુ સિઝનના પ્રથમ ભાગમાં ઓછા વરસાદની શક્યતા છે.''

# દર્દીઓ પણ મતદાન કરી શકે એ માટે ચૂંટણી પંચ ગંભીર

## લાંબા સમયથી હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા દર્દીઓના પરિવારજનોને સુવિધા આપવાની માગણી

મુંબઈઃ લોકસભા ચૂંટણીમાં મુંબઈમાં મતદાનની ટકાવારી વધે એ માટેના પ્રયાસ ચાલી રહ્યા હોઈ ૮૫ વર્ષથી વધુની વય ધરાવતા સિનિયર સિટિઝનને ઘરમાં જ મતદાન કરવાની સુવિધા આપવામાં આવી છે. એ જ પાર્શ્વભૂમિ પર હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા દર્દીઓ તેમ જ તેમના કુટુંબીનો અને તેમનાં સગાં મતદાન કરી શકે એ માટેની સુવિધા ઉપલબ્ધ કરી આપવા અંગે ચૂંટણી પંચે સુસ્પષ્ટ માર્ગદર્શક સૂચના આપવી જરૂરી છે. મતકેન્દ્રોને ઊભાં કરવા માટેના પ્રયાસ ચાલી રહ્યા હોવાની માહિતી જિલ્લા ચૂંટણી અધિકારીએ આપી હતી.

મહાપાલિકાની અને ખાનગી હોસ્પિટલમાં ૧૦ હજારથી વધુ બેડ છે, જ્યારે પ્રસૂતિગૃહમાં પણ બે હજાર બેડ છે. બીમાર અને ચેપી રોગના દર્દીઓ માટે સાડા પાંચસોથી વધુ દર્દીઓ હોસ્પિટલમાં લાંબા સમયથી સારવાર લઇ રહ્યા છે. હોસ્પિટલમાં દાખલ થયેલી દર્દી અને તેમના કુટુંબીજનોમાં મતદારની સંખ્યા ૭૦૦થી ૧૦૦૦ સુધીની હોઇ શકે છે. જોકે તેઓને પોસ્ટલ બેલેટ પ્રક્રિયાથી મતદાનનો હક નથી.

ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે આ મુદ્દાને ગંભીરતાથી વિચારવાની જરૂર છે. દરેક મતદારસંઘમાં હોસ્પિટલમાં દર્દી-મતદારોની સંખ્યા અનુસાર કેન્દ્રો ઊભાં કરી શકાય છે. જોકે હોસ્પિટલમાં મતદાનકેન્દ્રો ઊભાં કરવામાં આવે એ વ્યવહારુ નથી. દર્દીઓ સહિત કુટુંબના સભ્યો અમુક સમયે મતદાનનો હક સમજતા નથી. આ માટે સામાજિક તેમ જ આરોગ્યની સેવા કરનારા કાર્યકર્તાઓએ દીર્દીઓને એક દિવસ માટે સાથે લાવવા, એવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

પાલિકાની લોકમાન્ય ટિળક હોસ્પિટલમાં સ્વીપ સમિતિ તરફથી મતદારોમાં જનજાગૃતિ માટે વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યા છે. એ સમયે હોસ્પિટલ પ્રશાસન માટે મતદાનકેન્દ્રો ઉપલબ્ધ કરાવી આપવા માટે જણાવવામાં આવ્યું હતું. જોકે એ કેન્દ્રો તબીબી કર્મચારી અને ડોક્ટરો માટે હશે, એવું જાણવા મળ્યું છે. ■

### એક પણ મત રહી જવો ન જોઇએ

ખાનગી હોસ્પિટલની સંખ્યા અને દર્દીઓની સંખ્યાને ધ્યાનમાં લેતાં મતદાન સિવાય આ સુવિધા હોવી જોઇએ એવો આગ્રહ મત ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના રાષ્ટ્રીય આરોગ્ય યોજના વિભાગના અધ્યક્ષ ડો. જયેશ લેલેએ વ્યક્ત કર્યો હતો. જે વિસ્તારમાં હોસ્પિટલો છે, એ જ વિસ્તારમાં દર્દીઓ સારવાર લઇ રહ્યા હોવાની શક્યતા છે. એક પણ મત રહી ન જવો જોઇએ એ પ્રયાસ કરવાની જરૂર છે.

# રાજ્ય સરકારે બજેટના અંદાજે ૩૨ ટકા વાપર્યા જ નહીં

મુંબઈઃ ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન મહારાષ્ટ્ર સરકારે તેના રૂ. ૭.૩૩ ટ્રિલિયન અંદાજપત્રના માત્ર ૬૭.૭ ટકા ખર્ચ કર્યા હતા. જો કે, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે વર્ષ માટે તેનો રૂ.૪.૯૬ ટ્રિલિયનનો ખર્ચ ફેબ્રુઆરીમાં રજૂ કરાયેલા સુધારેલા અંદાજના ૮૫ ટકા જેટલો હતો. જો રૂ. ૧.૦૫ ટ્રિલિયનની પૂરક માંગણીઓ બાદ કરવામાં આવે તો સરકારે બજેટ અંદાજ કરતાં વધુ ખર્ચ કર્યો છે, એવી રજૂઆત પણ કરવામાં આવી છે. રાજ્યના નાણાં વિભાગના વધારાના મુખ્ય સચિવ ઓ.પી. ગુપ્તાએ જણાવ્યું હતું કે, જો પૂરક માંગણીઓ બાદ કરવામાં આવે તો, ખર્ચ નાણાકીય વર્ષની શરૂઆત પહેલા રજૂ કરવામાં આવતા બજેટ અંદાજના ૧૦૦ ટકા કરતા વધુ છે. આ આંકડો સુધારેલા અંદાજોના લગભગ ૮૫ ટકા છે, જે વર્ષના અંતના થોડા અઠવાડિયા પહેલા ફેબ્રુઆરી મહિનામાં રજૂ કરવામાં આવે છે. 'ગુપ્તાએ ઉમેર્યું હતું કે ' બજેટ અંદાજો અને વાસ્તવિક ખર્ચ વચ્ચે લગભગ ૧૫ ટકાની છૂટ એ વર્ષોથી પ્રથા છે અને આ વ્યવહારુ નાણાકીય સ્થિતિ હોવાનું માનવામાં આવે છે'.■

# 'વર્ષા'ની બેઠકને પગલે ચૂંટણી પંચની લાલ આંખ

મુંબઈઃ ચૂંટણીની જાહેરાત થયા બાદ આચારસંહિતા લાગુ થઇ ગઇ છે અને આચારસંહિતા લાગુ થયા બાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' પર થઇ રહેલી રાજકીય બેઠકની ચૂંટણી પંચ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી છે. આ મામલે ચૂંટણી પંચે મુખ્ય પ્રધાનના ખાનગી સચિવ અને વિશેષ કાર્યાધિકારીને નોટિસ મોકલાવી છે. આ અંગેની માહિતી મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ.ચોકલિંગમે આપી હતી. ઉલ્લેખનીય છે કે શિંદેની હાજરીમાં શનિવારે સલાહ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં શિંદે જૂથની સમિતિના વિધાનસભ્યો, નેતાઓ અને પ્રધાનો હાજર હતા. આ બેઠક ઉપર વાંધો ઉઠાવતા કૉંગ્રેસના નેતા સચિન સાવંતે ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી. જેની નોંધ લઇને ચૂંટણી પંચે નોટિસ ફટકારી છે. ■

### તેમને શિંદે જૂથ તરફથી ઉત્તર-પશ્ચિમ બેઠક માટે ટિકિટ મળી શકે છે

મુંબઈ-લોકસભાની ચૂંટણીને પગલે મનોરંજન ક્ષેત્રના કેટલાક કલાકારો રાજકીય મેદાનમાં ઉતરતા જોવા મળી રહ્યા છે. કંગના રાણૌત, અરુણ ગોવિલ બાદ હવે મુંબઈની ઉત્તર-પશ્ચિમ લોકસભા બેઠક માટે મરાઠી અભિનેતા શરદ પોંક્ષે, સચિન ખેડેકરની સાથે માજી આરોગ્ય પ્રધાન ડૉ. દીપક સાવંતનું નામ પણ ચર્ચાઈ રહ્યું છે.

મુખ્ય મંત્રી એકનાથ શિંદે દ્વારા કરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળ્યું છે કે ઉત્તર-પશ્ચિમ મતવિસ્તારમાં કોને સૌથી વધુ સમર્થન મળી શકે છે, મરાઠી કે અમરાઠીને. સંજય નિરુપમ એ અમરાઠી ચહેરો હોવાને કારણે તેમને સ્થાનિક ભાજપના નેતાઓની બહુ મંજૂરી મળી ન હતી એવું સામે આવ્યું છે.

મુખ્ય મંત્રીએ ગયા શનિવારે પૂર્વ આરોગ્ય મંત્રી ડૉ. દીપક સાવંતની ઉમેદવારી અંગે ચર્ચા કરી હતી અને જ્યારે તેમનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે આ વાતને સમર્થન આપ્યું હતું.

ડૉ. દીપક સાવંત ૧૮ વર્ષ સુધી વિધાન પરિષદના સભ્ય અને મેલ્ટ્રોનના અધ્યક્ષ હતા, તેમણે શિવસેના-ભાજપ ગઠબંધન સરકાર દરમિયાન દેવેન્દ્ર ફડણવીસ મંત્રાલયમાં આરોગ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી. તેઓ વર્તમાન ગઠબંધન સરકારમાં કુપોષણ નિર્મૂલન સમિતિના અધ્યક્ષ હોઈ તેમને કેબિનેટ મંત્રીપદનો દરજ્જો છે. તેમ જ તેઓ અનેક સામાજિક સંસ્થાઓ સાથે પણ જોડાયેલા છે. ■

# કોર્ટે સરકારના કાન આમળતાં ન્યાયાધીશ પદને મંજૂરી

## રાજ્યમાં ૧૩૮ ફાસ્ટ ટ્રેક પોક્સો કોર્ટ શરૂ થશે

મુંબઈઃ કોર્ટે મારેલી લપડાક બાદ શિંદે સરકાર સફાળી જાગી છે. આખરે રાજ્યમાં ૧૩૮ ફાસ્ટ ટ્રેક પોક્સો કોર્ટ શરૂ કરવા માટેની મંજૂરી આપી હોવાનો જીઆર સોમવારે હાઈ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ૧૦૦ કોર્ટ માટે રાજ્ય સરકાર અને ૩૮ કોર્ટ માટે કેન્દ્ર સરકાર ભંડોળ પૂરું પાડશે, એવું કહેવાઇ રહ્યું છે. કોર્ટમાં પાયાભૂત સુવિધા અંગે પણ તાત્કાલિક નિર્ણય લેવા માટે ખંડપીઠે સરકારને જણાવ્યું હતું. ચાર વર્ષ પૂર્વે જુનિયર કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ઓછી હોવાનું ધ્યાનમાં આવ્યા બાદ હાઈ કોર્ટે સરકારને એક લાખની વસતિને ૫૦ ન્યાયાધીશ એવાં ૮૬૭ નવાં પદ તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો. તે અનુસાર હાઈ કોર્ટ પ્રશાસને સરકાર પાસે પ્રસ્તાવ મોકલાવ્યો હતો. જોકે તેને સરકારે મંજૂરી આપી ન હોવાથી મહારાષ્ટ્ર રાજ્ય ન્યાયાધીશ સંગઠનની શિખર સંસ્થા તરફથી વકીલ યુવરાજ નરવણકરે કોર્ટનો તિરસ્કાર કર્યું હોવાની અરજી કરી હતી.

બળાત્કાર અને પોક્સો કાયદા અંતર્ગત પેન્ડિંગ કેસોનો નિકાલ કાઢવા માટે ૧૩૮ સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટ માટે ૪૧૪ નિયમિત પદો ઊભાં કરવાનાં અને કુલ ૬૧૦ મેનપાવરની આઉટસોર્સીસથી સેવા લેવાની મંજૂરી આપવામાં આવી છે. ૧૦૦ ફાસ્ટ ટ્રેક કોર્ટને કાર્યાન્વિત કરવા માટે રાજ્ય સરકાર રૂ. ૪૭.૨૫ કરોડનો ખર્ચ કરવાની છે. દરમિયાન કેન્દ્ર સરકારના ભંડોળની મદદથી બાકીની ૩૮ ફાસ્ટ ટ્રેક કોર્ટ સ્થાપવામાં આવશે. ■

# કંપનીને છેતરીને મેળવેલા એક કરોડ રૂપિયા કર્મચારીએ 'ફ્રોડ સ્કીમ'માં ગુમાવ્યા

મુંબઈઃ ઓનલાઇન છેતરપિંડીના કિસ્સાઓ વધી રહ્યા છે અને સાયબર ગુનેગારો લોકોને અલગ અલગ પ્રકારે છેતરીને તેમનાં ખાતાં ખાલી કરી રહ્યા છે. મુંબઈમાં એક એવી મામલો સામે આવ્યો હતો, જેમાં કંપની સાથે છેતરપિંડી આચરીને કર્મચારીએ એક કરોડ રૂપિયા મેળવ્યા હતા, પણ એ રૂપિયા તેણે બાદમાં 'ફ્રોડ સ્કીમ'માં ગુમાવી દીધા હતા. ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરનારા સુધીર માપુસ્કરે કંપનીને રૂ. ૧.૦૮ કરોડનો ચૂનો ચોપડ્યો હતો. સુધી માપુસ્કર ૧૯૯૨થી કંપનીમાં કામ કરતો હતો અને તેણે વિશ્વાસ સંપાદન કર્યા બાદ કંપનીના બેન્ક ખાતાંમાંની રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી હતી. આઝાદ મેદાન પોલીસ સ્ટેશનના અધિકારીએ દાખલ કરેલા આરોપનામામાં જણાવ્યું હતું કે સુધીર માપુસ્કર ૨૦૧૬થી ૨૦૨૩ દરમિયાન કંપની સાથે ઠગાઇ આચરી હતી. કંપનીના માલિકે નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે એકાઉન્ટન્ટે કંપનીના કર્મચારીઓના પીએફ અને પગારના રૂપિયા પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. આ કેસમાં સુધીરની ધરપકડ કરવામાં આવી હતી અને પૂછપરછમાં તેણે ગુનાની કબૂલાત કરી હતી. સુધીરે જણાવ્યું હતું કે ૨૦૨૧માં અમુક લોકો તેનો સંપર્ક સાધ્યો હતો અને તેને આકર્ષક સ્કીમ વિશે જણાવ્યું હતું. આ સ્કીમમાં રોકાણ કરવા માટે તેણે ગુનો આચર્યો હતો. સ્કીમમાં નફો મળ્યા બાદ તે કંપનીના પૈસા પાછા આપી દેવાનો હતો, પણ તેણે તમામ રૂપિયા ગુમાવ્યા હતા, એવું તેણે જણાવ્યું હતું. ■

# મિશન સ્પીડનો અંતિમ તબક્કો પૂરો થયો

## ૧૬૦ની સ્પીડથી ૧૨ કલાકમાં પહોંચી શકાશે મુંબઈથી દિલ્હી

મુંબઈઃ પશ્ચિમ રેલવેએ ગયા રવિવારે બોઈસર નજીક પાવર બ્લોક કર્યો હતો, જેમાં મિશન સ્પીડ માટેના છેલ્લા તબક્કાનું કામ પૂરું થયું હતું. પાંચ વર્ષ પહેલાં મુંબઈથી દિલ્હી વચ્ચે ૧૬૦ કિમી પ્રતિ કલાકની સ્પીડથી ટ્રેન ચલાવવા માટે મિશન સ્પીડની શરૂઆત કરવામાં આવી હતી. ૧૪૭૮ રૂટ કિમી અને રૂ. ૮ હજાર કરોડના ખર્ચ ધરાવતા આ પ્રોજેક્ટ સાથે જોડાયેલાં તમામ કામ પૂરાં થઇ ગયાં છે. મિશન સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે નજીકના સમયમાં જ ૧૬૦ કિમી પ્રતિ કલાકે ટ્રાયલ શરૂ થવા જઇ રહી છે.

સ્પીડથી ટ્રેન દોડવા માટે આખા રૂટ પર ટ્રેકની બંને તરફ ફેંસિંગ જરૂરી છે. આખા રૂટનો અંદાજે ૫૦ ટકા ભાગ એટલે કે ૭૯૨ રૂટ કિમી પશ્ચિમ રેલવેના અધિકાર ક્ષેત્રમાં અને આ આખા ભાગમાં કેટલ ફેંસિંગ અને વોલ ફેંસિંગનું કામ લગભગ પૂરું થઇ ગયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દેશની પહેલી સ્લીપર વંદે ભારત ટ્રેનને પણ મુંબઈથી દિલ્હી વચ્ચે દોડાવવાની શક્યતા છે. ટ્રેનોની સ્પીડની સાથે તેની સેફ્ટીને વધારવા માટે આખા રૂટ પર ભારતીય રેલવેની કવચ ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવશે. જે ટ્રેનમાં કવચ લાગેલું હશે તેનું સામસામી અથડામણ થવી અસંભવ છે. કેમ કે આ ટ્રેનો સામસામી અથડાય એ પહેલાં ઓટોમેટિક બ્રેક લાગી જશે. ■

# વરલીમાં ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આગઃ કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં વરલીમાં ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની બિલ્ડિંગના ત્રીજા માળા પર આવેલા ગાળામાં મંગળવારે બપોરના આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે કોઈ જખમી થયું નહોતું. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ વરલીમાં ગાંધી નગરમાં માર્શલ શોરૂમ નજીક આવેલા મ્યુનિસિપલ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની બિલ્ડિંગ આવેલી છે, જેમાં ત્રીજા માળા પર આવેલા ગાલા નંબર ૯૬માં સવારના ૧૦.૪૭ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગમાં ત્રીજા માળા પર રહેલા ગાળામાં ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન સહિત ઓફિસનું સામાન વગેરે બળીને ખાક થઈ ગયું હતું. સવારના લગભગ ૧૧.૫૦ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. ■

# ૨૦૨૪ની ચૂંટણીમાં ૧૯૦૦ની 'મુસ્લિમ લીગ'નું રાજકારણ

## પહેલા મોદી અને પછી કૉંગ્રેસે મુસ્લિમ લીગનો કર્યો ઉલ્લેખ

*યશ રાવલ*

મુંબઈઃ લોકસભાની ચૂંટણીનું રણશિંગું ફૂંકાવાની સાથે જ બધા જ પક્ષો દ્વારા પ્રચારનું બ્યૂગલ પણ વગાડી દેવામાં આવ્યું છે અને ઠેર ઠેર રાજકીય પક્ષો દ્વારા રેલીઓ અને પ્રચાર સભાઓ યોજવામાં આવી રહી છે. જોકે, મહારાષ્ટ્રમાં આ ચૂંટણી દરમિયાન એક નવો અને ચોંકાવનારો મુદ્દો ગાજી રહ્યો છે. આ મુદ્દો છે 'મુસ્લિમ લીગ'નો. ૧૯૪૭માં ભારતના ભાગલા પડ્યા અને પાકિસ્તાનનો જન્મ થયો તેમાં પ્રમુખ ભૂમિકા ભજવનારી મુસ્લિમ લીગનું નામ મહારાષ્ટ્રમાં ખૂબ ચર્ચાઇ રહ્યું છે. સૌપ્રથમ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ચંદ્રપુરમાં પ્રચાર માટે આવ્યા ત્યારે તેમણે મુસ્લિમ લીગનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ કૉંગ્રેસની સરખામણી મુસ્લિમ લીગ સાથે કરતા કહ્યું હતું કે કૉંગ્રેસ મુસ્લિમ લીગની ભાષા બોલી રહી છે. મુસ્લિમ લીગે જે રીતે ભારતનું વિભાજન કર્યું તે જ રીતે કૉંગ્રેસ પણ વિભાજનની વાત કરતું હોવાનું કહી મોદીએ કૉંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. કૉંગ્રેસના જાહેરનામા પર મુસ્લિમ લીગની છાપ હોવાનું પણ મોદીએ કહ્યું હતું. મોદીના નિવેદન બાદ નાના પટોલેએ જનસંઘના સંસ્થાપક ડૉક્ટર શ્યામાપ્રસાદ મુખરજી મુસ્લિમ લીગ સાથે કામ કરતા હોવાનો આરોપ કરતા કહ્યું હતું કે ૧૯૪૨માં જ્યારે આખા ભારતમાં અંગ્રેજો વિરુદ્ધ ભારત છોડો આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે બંગાળ, સિંધ અને વાયવ્ય ભાગોના પ્રાંતમાં મુસ્લિમ લીગની મદદથી શ્યામાપ્રસાદ મુખરજી સમાંતર સરકાર ચલાવી રહ્યા હતા અને લોકોને ભારત છોડો આંદોલનમાં સહભાગી ન થવા માટે પ્રચાર કરી રહ્યા હતા. જોકે, વાત અહીં જ અટકી નહીં. કૉંગ્રેસે જનસંઘના સંસ્થાપક શ્યામાપ્રસાદ મુખર્જી પર કરેલા આરોપ બાદ ભાજપે પણ પલટવાર કરતા કૉંગ્રેસને ઇતિહાસનું પૂરતું જ્ઞાન લઇ નિવેદનો આપવાની સલાહ આપી છે. ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ માધવ ભંડારીએ કૉંગ્રેસને સાચો ઇતિહાસ જાણવાની સલાહ આપતા કહ્યું હતું કે ડૉક્ટર શ્યામાપ્રસાદ મુખરજીએ મુસ્લિમ લીગ અને કૉંગ્રેસને સત્તામાં આવતા રોકવા માટે ફઝલૂલ હક કૃષક પ્રજા પાર્ટી સાથે હાથ મિલાવ્યા હતા. આ સિવાય તેમણે નેતાજી સુભાષચંદ્ર બોઝના ફોરવર્ડ બ્લોક સાથે પણ જોડાણ કર્યું હતું, જેથી મુસ્લિમ લીગ અને કૉંગ્રેસ સત્તામાં ન આવે. જેમની સાથે શ્યામાપ્રસાદ મુખર્જીએ જોડાણ કર્યું હતું કે કૃષક પ્રજા પાર્ટીના ફઝલૂલ હક તે સમાજવાદી વિચારધારા ધરાવનારા અને મુસ્લિમ લીગના કટ્ટર વિરોધી હતા. એટલે પહેલા પટોલેએ સાચો ઇતિહાસ જાણવો જોઇએ, એમ કહેતા ભંડારીએ કૉંગ્રેસ પર પલટવાર કર્યો હતો. ■

# વિરારમાં સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ઊતરેલા ચાર મજૂરનાં ગૂંગળામણથી મોત

પાલઘરઃ પાલઘર જિલ્લાના વિરારમાં હાઉસિંગ કોમ્પ્લેક્સમાંના સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં સફાઇ માટે ઊતરેલા ચાર મજૂરના ગૂંગળામણથી મોત થયાં હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર વિરાર પશ્ચિમમાં ગ્લોબલ સિટી ખાતે સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં મંગળવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા ચારેય મજૂરની ઓળખ શુભમ પારકર (૨૮), અમોલ ઘાટલે (૨૭), નિખિલ ઘાટલે (૨૪) અને સાગર તેંડુલકર (૨૯) તરીકે થઇ હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ખાનગી હાઉસિંગ કોમ્પ્લેક્સમાં મંગળવારે સવારે ચાર મજૂર સફાઇ માટે ૨૫-૩૦ ફૂટ ઊંડા પ્લાન્ટમાં ઊતર્યા હતા અને સફાઇ કરતી વખતે ગૂંગળામણથી ચારેય જણનાં મોત થયાં હતાં.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અને અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ચારેયને બહાર કાઢ્યા હતા. ચારેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલાયા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. ■

# થાણેમાં ખાડીમાં ઝંપલાવનારી બે ટીનેજરને બચાવી લેવાઇ

થાણેઃ થાણેમાં સાકેત રોડ પર આવેલી ખાડીમાં ઝંપલાવનારી બે ટીનેજરને બચાવી લેવામાં આવી હતી. બંનેની ઓળખ ઝરણા દેવનાથ (૧૮) અને કાજલ યાદવ (૧૭) તરીકે થઇ હતી.

થાણેના માજીવાડા અને કલવા વિસ્તારમાં રહેતી બંને ટીનેજરે મંગળવારે બપોરે બે વાગ્યાને સુમારે ખાડીમાં ઝંપલાવ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ, અગ્નિશમન દળ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બંને ટીનેજરને બહાર કાઢ્યા બાદ તેમને કલવા વિસ્તારની હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી. ■

## અભિષેક ઘોસાલકર હત્યા કેસ

# સીબીઆઈ અથવા એસઆઈટીને કેસ સોંપવાની તેજસ્વી ઘોસાલકરની હાઈ કોર્ટમાં માગ

મુંબઈઃ શિવસેનાના ઉદ્ધવ ઠાકરે જૂથના ભૂતપૂર્વ કોર્પોરેટર અભિષેક ઘોસાલકરની હત્યાની તપાસ સીબીઆઈ અથવા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ને ટ્રાન્સફર કરવાના આદેશની માગણી અભિષેકની પત્ની તેજસ્વીએ હાઈ કોર્ટમાં અરજી કરીને કરી છે. કોર્ટે સોમવારે રાજ્ય સરકારને તેમની માગ પર તેની સ્થિતિ સ્પષ્ટ કરવા આદેશ આપ્યો છે.

તેજસ્વીએ અરજીમાં દાવો કર્યો છે કે તપાસ એજન્સી અભિષેકની અત્યંત શંકાસ્પદ, ગંભીર, નિર્દય, ક્રૂર, ભયાનક હત્યા માટે કોઈ નક્કર હેતુ શોધવામાં નિષ્ફળ રહી છે. સોમવારે જસ્ટિસ રેવતી ડેરે અને જસ્ટિસ મંજુષા દેશપાંડેની બેંચ સમક્ષ તેજસ્વીની અરજી પર સુનાવણી થઈ હતી. તે સમયે કોર્ટે તેજસ્વીની અરજીની નોંધ લીધી હતી અને સરકારને તેના પર તેનું વલણ સ્પષ્ટ કરવા આદેશ આપ્યો હતો. ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### મહાતપસ્વી પરમ સૌમ્યાજી મહાસતીજી તેમજ દીક્ષાર્થી યશ્વીદીદી નંદુનું ગુરુવારે સન્માન

### શ્રી સંઘના મહિલા મંડળો સાંજી સ્તવના ગૂંજવીને તપ ધર્મની અનુમોદના કરશે

સમગ્ર સ્થાનકવાસી જૈન સમાજના ઈતિહાસમાં પ્રથમવાર અખંડ ૧૦૦૮ આયંબિલ તપની વિક્રમસર્જક ઉગ્ર આરાધના પરિપૂર્ણ કરી રહેલાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સુશિષ્યા મહાતપસ્વી પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મહાસતીજીના તપની તેમજ દીક્ષાર્થી યશ્વીદીદી મહેન્દ્રભાઈ નંદુના સંયમભાવની અનુમોદના કરતાં તા. ૧૧ એપ્રિલ ૨૦૨૪ના દિને બોરીવલીના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ યોગીનગરનાં આંગણે સમગ્ર મલાડ, બોરીવલી, કાંદિવલી, દહીંસર સંઘોના ઉપક્રમે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. મહાતપસ્વીને પારણાં કરાવવા નગર-નગરના ભાવિકો સાકર અર્પણ કરે છે ત્યારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્રજી ફડણવીસ, સ્મૃતિ ઈરાનીજી પણ સાકર અર્પણ કરી તેમના આગામી ૨૮મી એપ્રિલના પારણાં મહોત્સવની અનુમોદના કરી છે.

આ અવસરે દરેક સંઘોના મહિલા મંડળના સભ્યો દ્વારા ૧૦ કલાકથી ૧૨ કલાક દરમિયાન સાંજી સ્તવનાના સૂરો રેલાવીને અનુમોદના કરવામાં આવશે એમ સંઘ પ્રતિનિધિ જયંતભાઈ જોબાલિયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, સી-૪૬ બિલ્ડિંગ સામે, અજમેરા ગ્લોબલ સ્કૂલની બાજુમાં, સ્વામીનારાયણ મંદિર સામે, યોગીનગર, બોરીવલી ખાતે યોજાશે.

## ચેમ્બુરની અપહૃત સગીરાનો બિહારથી છુટકારોઃ યુવકની ધરપકડ

મુંબઈઃ ચેમ્બુરથી અપહરણ કરાયેલી પંદર વર્ષની સગીરાનો આરસીએફ પોલીસે બિહારથી છુટકારો કરાવ્યો હતો અને આ પ્રકરણે યુવકની ધરપકડ કરી હતી.

ચેમ્બુરના વાશીનાકા વિસ્તારમાં રહેતી સગીરા ઑગસ્ટ, ૨૦૨૩માં ગુમ થઇ હતી. સગીરા ઘરેથી નીકળ્યા બાદ પાછી ન ફરતાં પરિવારજનો દ્વારા તેની શોધ ચલાવાઇ હતી. જોકે તેનો કોઇ પત્તો ન લાગતાં આખરે આરસીએફ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

પોલીસે આ પ્રકરણે અપહરણનો ગુનો દાખલ કરી સગીરાની શોધ ચલાવી હતી, પણ ઘણા દિવસ વીતી ગયા છતાં તે મળી આવી નહોતી. દરમિયાન સગીરાના પિતા જે કારખાનામાં કામ કરતા હતા, જ્યાં નરેશ રાય નામનો યુવક પણ કામ કરતો હતો અને તે પણ ઘણા દિવસથી કામ પર આવતો નહોતો. આની જાણ પોલીસને થતાં નરેશ રાય વિશે માહિતી મેળવાઇ હતી, જેમાં નરેશ બિહારમાં હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસ ટીમ ત્યાર બાદ બિહાર રવાના થઇ હતી અને બે દિવસમાં શોધ ચલાવ્યા બાદ નરેશ રાયને માધવપુરા પરિસરમાંથી તાબામાં લેવાયો હતો. નરેશે સગીરાના આ જ વિસ્તારની રૂમમાં રાખી હતી, જેનો પોલીસે છુટકારો કરાવ્યો હતો. નરેશે લગ્નની લાલચ આપીને સગીરાનું અપહરણ કર્યું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

## કફ પરેડમાં યુવતીને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ યુવકની ધરપકડ

મુંબઈઃ કફ પરેડ વિસ્તારમાં ૨૩ વર્ષની યુવતીને ગાળો ભાંડવા અને તેને આત્મહત્યા કરવા માટે પ્રવૃત્ત કરવા બદલ યુવક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરાઇ હતી. આરોપીની ઓળખ વિકી સેલ્વન નાયડુ તરીકે થઇ હોઇ તે મૃતકને એકતરફી પ્રેમ કરતો હતો.

કફ પરેડમાં રહેતી અને કોલાબા વિસ્તારમાં બ્યુટિ પાર્લરમાં કામ કરતી નીતુ વાલ્મીકિ (૩૨) નામની યુવતીએ ૫ એપ્રિલે ગળાફાંસો ખાધો હતો, જેને પગલે તેને સરકારી હોસ્પિટલમાં સારવારાર્થે દાખલ કરવામાં આવી હતી. નીતુના માથામાં ઇજાના નિશાન હતા. નીતુની માતાને જાણવા મળ્યું હતું કે નીતુનો વિકી નાયડુ નામના યુવક સાથે ઝઘડો થયો હતો, જેથી તેણે આ પગલું ભર્યું હતું. આથી તેમણે કફ પરેડ પોલીસ સ્ટેશનમાં વિકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

બીજે દિવસે સારવાર દરમિયાન નીતુનું મૃત્યુ થયા બાદ પોલીસે વિકી સામે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે વિકી નાયડુ નીતુને એકતરફી પ્રેમ કરતો હતો અને તેને ત્રાસ આપતો હતો. ૫ એપ્રિલે તેણે નીતુને ગાળો ભાંડી તેની મારપીટ કરી હતી. આથી તેણે આત્મહત્યા કરી હતી.

## ટિન્ટેડ ગ્લાસ વિરુદ્ધની કાર્યવાહીથી બચવા યુવકે કોન્સ્ટેબલને કારની અડફેટે લીધો

પુણેઃ પિંપરી-ચિંચવડ પોલીસે વાહનના ટિન્ટેડ ગ્લાસ વિરુદ્ધ હાથ ધરેલી ઝુંબેશ દરમિયાન યુવકે કાર્યવાહીથી બચવા પોલીસ કોન્સ્ટેપલને કારની અડફેટે લીધો હોવાની ઘટના સામે આવી હતી. ઘટના બાદ ફરાર થવાનો પ્રયાસ કરનારા યુવકને પોલીસે પીછો કરી પકડી પાડ્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપી કાર ડ્રાઈવરની ઓળખ પ્રશાંત કદમ (૨૦) તરીકે થઈ હતી.

આ પ્રકરણે દીઘી પોલીસે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો અને મોટર વેહિકલ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ટ્રાફિક વિભાગમાં કાર્યરત સબ-ઈન્સ્પેક્ટર શ્રીકાંત તેમગિરેએ ટીમ સાથે સોમવારે ટિન્ટેડ ગ્લાસવાળાં વાહનો સામે કાર્યવાહી હાથ ધરી હતી. એ સમયે કોન્સ્ટેબલ રાહુલ મોટેએ એક કારને રોકવાનો ઇશારો કર્યો હતો. જોકે કદમે કાર રોકવાને બદલે પૂરપાટ દોડાવી મૂકી હતી.

કાર્યવાહીથી બચવા કદમે મોટેને કારની અડફેટે લીધો હતો.

દરમિયાન આ ઘટનામાં મોટેના માથા, પીઠ, ખભા અને પગ પર ઇજા થઈ હતી. ગંભીર રીતે ઘવાયેલા મોટેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. ઘટના બાદ ફરાર થઈ રહેલા આરોપીને પોલીસે પકડી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## છેલ્લા પાનાનું ચાલુ

### શરણાગતિ નથી

લેવામાં આવ્યો છે. જે બેઠક પર કૉંગ્રેસના વિજયની સંભાવના ઉજળી છે એ બેઠકો મેળવવા અમે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા. જોકે, ચર્ચા કાયમ ચાલુ ન રહી શકે, કારણ કે ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે. મંગળવારે કરવામાં આવેલી જાહેરાત અનુસાર લોકસભાની મહારાષ્ટ્રની ૪૮ બેઠકમાંથી શિવસેના (યુબીટી)ના ૨૧ ઉમેદવારને ટિકિટ આપવામાં આવી છે જ્યારે કૉંગ્રેસ અને એનસીપી (એસપી)ને ફાળે અનુક્રમે ૧૭ અને ૧૦ બેઠક આવી છે. (પીટીઆઈ)

### મીઠી નદીની

જેટલો ગાળ સાફ કરવામાં આવ્યો છે. મીઠી નદીની બાકીની સફાઈ ૩૧ મે, ૨૦૨૪ સુધી પૂરી કરી નાખવામાં આવશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે. લગભગ ૧૭.૮ કિલોમીટર લંબાઈની મીઠી નદીનું ઉદ્ગમ સ્થાન વિહાર લેક છે, જે પવઈ, સાકી નાકા, કુર્લા, વાકોલા અને બીકેસીમાંથી પસાર થઈને માહિમ ક્રીકને મળે છે. ૨૬ જુલાઈ, ૨૦૦૫ના મુંબઈમાં થયેલી અતિવૃષ્ટિ દરમિયાન મીઠી નદીમાં પૂર આવ્યા હતા અને તેને કારણે મુંબઈ જળબંબાકાર થઈ હોવાનું માનવામાં આવે છે.

### ગૂડીપડવા ૪ જૂને

માટે ઉજવીએ છીએ. દેશભરમાં આ જ પ્રકારનો ઉત્સાહ દેખાઇ રહ્યો છે. ૪ જૂનના દિવસે આપણે વિજયના ગૂડી પડવાની ઉજવણી કરીશું.

મહાવિકાસ આઘાડીની સરકાર હતી ત્યારે અઢી વર્ષ બધા જ ઉત્સવો બંધ હતા તેમ કહેતા શિંદેએ જણાવ્યું હતું કે આપણી સરકાર બની તે પહેલાના અઢી વર્ષ બધા જ તહેવારો અને ઉત્સવો જાણે બંધ થઇ ગયા હતા. આપણી સરકાર આવી ત્યાર પછી બધા જ તહેવારોની ઉજવણી પરથી બંધનો ઉઠાવી લેવામાં આવ્યા. લોકો ખુલ્લી હવામાં શ્વાસ લેવા લાગ્યા. તહેવારોની જેમ જ અમે વિકાસ પર લાગેલા પ્રતિબંધ પણ ઉઠાવી લીધા. આ સરકાર સર્વસામાન્ય લોકોની સરકાર છે. પ્રગતિ અને વિકાસના રસ્તા પર કોઇ આડું ઊતરશે તો અમે તેમને આડા કરીને ગૂડી પડવા ઉજવીશું, એમ કહી શિંદેએ વિપક્ષને ચેતવણી આપી હતી.

### મનસે માટે મહાયુતિના

ચૂક્યા છે. મંગળવારે મનસેની ગૂડી પડવાની રેલી શિવતીર્થ ખાતે યોજાઇ એ પહેલા પણ મહાયુતિના નેતાઓએ મહાયુતિમાં તેમના સામેલ થવાની વાતને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. રાજ ઠાકરેની રેલી પહેલા જ આપવામાં આવેલા મહાયુતિના બે અગ્રણી નેતાઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનને ખૂબ જ સૂચક માનવામાં આવી રહ્યું છે.

**અશોક ચવ્હાણઃ** રાજ ઠાકરે દિલ્હીમાં જઇને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા અને તે આ ચૂંટણીમાં ચોક્કસ મહાયુતિ સાથે ઊભા રહેશે અને સમર્થન આપશે.

**શ્રીકાંત શિંદેઃ** મનસે જો મહાયુતિમાં સામેલ થશે તો અમને આનંદ જ થશે. એકસરખી વિચારધારા ધરાવતા પક્ષો સાથે આવશે તો લોકો સકારાત્મક પદ્ધતિથી મતદાન કરશે.

### એન્ટોપ હિલમાં

નાઈક નગર ખાતે રહેતા શેટ્ટીયારે શનિવારની વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ એ જ પરિસરમાં રહેતા મિત્ર આકાશ કદમ પર ગોળીબાર કર્યો હતો. ગોળીબાર પછી શેટ્ટીયાર બાઈક પર ફરાર થઈ ગયો હતો. પેટમાં ગોળી વાગવાને કારણે ગંભીર જખમી કદમને સારવાર માટે સાયન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં જણાયું હતું કે શેટ્ટીયારે કદમ પાસેથી સાત લાખ રૂપિયા ઊછીના લીધા હતા, જે તે પાછા ચૂકવી શક્યો નહોતો. કદમ વિરુદ્ધ પણ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયેલો છે. કદમ વારંવાર રૂપિયા માગી રહ્યો હોવાથી પત્નીએ શેટ્ટીયારને ગુનો આચરવા ઉશ્કેર્યો હોવાનું પોલીસનું કહેવું છે. ગુનામાં કથિત રીતે સંડોવણી સામે આવતાં પોલીસે બે દિવસ અગાઉ શેટ્ટીયારની પત્ની પરવીન અને મિત્ર પરાગ ગોહિલની પણ ધરપકડ કરી હતી.

પકડાયેલા શેટ્ટીયારની પૂછપરછમાં પોલીસે ચોંકવાનારી માહિતી જાણવા મળી હતી. તેણે રેકોર્ડ પરના આરોપી એવા બે મિત્ર પર પણ ગોળીબારની યોજના બનાવી હતી. શેટ્ટીયાર વિરુદ્ધ હત્યા, હત્યાનો પ્રયાસ, આર્મ્સ ઍક્ટ હેઠળ ૧૨ જેટલા ગુના નોંધાયેલા છે. અલગ અલગ કોર્ટે તેની સામે બિનજામીનપાત્ર વૉરન્ટ પણ જારી કર્યા છે. ગોરેગામમાં ૨૦૧૭માં થયેલી હત્યાના કેસમાં શેટ્ટીયારને કોર્ટે સજા ફટકારી હતી. કોરોના મહામારીના સમયગાળામાં તે જેલમાંથી પૅરોલ પર છૂટ્યો હતો. પૅરોલ પત્યા પછી જેલમાં પાછો ફરવાને બદલે તે ફરાર થઈ ગયો હતો.

### ગુડી પાડવાના

ધારાશિવ માટે હવામાન ખાતાએ યલો એલર્ટ જાહેર કર્યું છે. તો વિદર્ભમાં બુલઢાણા, અકોલા, અમરાવતી, વાશિમ, યવતમાળ, નાગપૂર,વર્ધા, ભંડારા, ગોંદિયા, ચંદ્રપૂર, ગઢચિરોલી ભાગમાં પણ યલો ઍલર્ટ રહેશે.

રાજ્યમાં એક તરફ કમોસમી વરસાદ પડી રહ્યો છે, તેને કારણે વિદર્ભમાં તાપમાનમાં હળવો ઘટાડો થયો છે. અહીં મોટાભાગના જિલ્લામાં ૪૦ ડિગ્રી સુધી તાપમાન નોંધાઈ રહ્યુ હતું. પરંતુ હવે ૩૫થી ૩૮ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયું હતું. જોકે મધ્ય મહારાષ્ટ્રના અનેક જિલ્લામાં હજી પણ કાળઝાળ ગરમી પડી રહી છે. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ઊંચુ તાપમાન જેરુરમાં ૪૩ ડિગ્રી નોંધાયું હતું. તો માલેગાંવમાં ૪૧.૬ ડિગ્રી, સોલાપુરમાં ૪૦.૨ ડિગ્રી જેટલું તાપમાન રહ્યું હતું. મુંબઈમાં મંગળવારે જોકે દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૩.૪ ડિગ્રી નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૩.૮ ડિગ્રી નોંધાયું હતું.

### દેવેન્દ્ર ફડણવીસની

પ્રકાશ આંબેડકરે લીધો છે. ઉલ્લેખનીય છે કે પ્રકાશ આંબેડકર વિપક્ષના ગઠબંધન મહાવિકાસ આઘાડીને છોડીને એકલહથ્થે ચૂંટણી લડી રહ્યા છે અને તેમણે અનેક બેઠકો ઉપર પોતાના ઉમેદવારોની જાહેરાત પણ કરી છે. તેમાંની એક બેઠક શિરુર પર પ્રકાશ આંબેડકરે મંગલદાસ બાંદલને ઉમેદવારી આપવામાં આવી હતી. જોકે, ઇંદ્રાપુર ખાતે બાંદલે ફડણવીસની મુલાકાત લીધી હતી, જેને પગલે તેમની ઉમેદવારી રદ કરવામાં આવી છે. શુક્રવારે ફડણવીસ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની સાથે બારામતી બેઠકના ઉમેદવાર તેમ જ અજિત પવારના પત્ની સુનેત્રા પવારના પ્રચાર માટે એક રેલીમાં ગયા હતા. રેલી બાદ તેમણે ઉદ્યોગપતિ તેમ જ પાર્ટીના કાર્યકર્તા દશરથ માનેના નિવાસસ્થાને તેમની મુલાકાત લીધી હતી. અહીં જ તેમને મળવા માટે બાંદલ પહોંચ્યા હતા, જ્યારબાદ તેમની ઉમેદવારી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બાંદલને પણ પોતાની ઉમેદવારી રદ થવાની માહિતી આપવામાં આવી નહોતી. તેમને પોતાની ઉમેદવારી રદ થઇ હોવાની વાત સોશિયલ મીડિયા પરથી મળી હોવાનું તેમણે કહ્યું હતું. તેમણે આ વિશે વાત કરતા કહ્યું હતું કે પાર્ટીના કોઇપણ વરિષ્ઠ નેતાએ મને આ નિર્ણય વિશે વ્યક્તિગત રીતે જાણ કરી નથી. મોનાઇ સમૂહના પ્રમુખ દશરથ માને સાથએ મારા કૌટુંબિક સંબંધ છે. અમે પહેલા જિલ્લા પરિષદના સદસ્યોના રૂપમાં પણ કામ કરી ચૂક્યા છીએ.

### બાળાસાહેબ મૈત્રીપૂર્ણ

ચૂંટણીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સતત ત્રીજી વખત મુખ્ય પ્રધાન બનાવવા માટે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ)ને મત આપવા માટે પણ અપીલ કરી હતી. શાસક ગઠબંધનની અંદર બેઠકોની વહેંચણીની વિગતો બે થી ત્રણ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે, એમ તેમણે બાદમાં પત્રકારોને જણાવ્યું હતું.

### ૧૦૦ કરોડની

યાદ દેવડાવ્યા હતા. ૧૦૦ કરોડ રૂપિયાની ખંડણીનો કિસ્સો યાદ કરતા ભાજપના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ ઉદ્ધવ ઠાકરે ઉપર પ્રહાર કર્યા હતા.

ભાજપે ઉદ્ધવ ઠાકરે સત્તામાં હતા ત્યારે ૧૦૦ કરોડ રૂપિયાની ખંડણીના કેસમાં તેમના પ્રધાન અનિલ દેશમુખ જેલમાં ગયા એ યાદ કરતા તેમના પર પ્રહાર કર્યા હતા. ભાજપે કહ્યું હતું કે ૧૦૦ કરોડ રૂપિયાની ખંડણીની વસૂલાત કરવાનું કોણે શરૂ કર્યું હતું? મહાભ્રષ્ટાચારી મહાવિકાસ આઘાડીએ અઢી વર્ષ રાજ્યમાં લૂંટ ચલાવી હતી. તમારી સરકાર હતી ત્યારે ખંડણી વસૂલ કરનારી ગેંગ કોણ ચલાવતું હતું? ચાર જૂન બાદ ઉદ્ધવ ઠાકરેએ ઘરે બેસીને પોતાનું મનપસંદ કામ કરવું પડશે. રાહુલ ગાંધીને આ વખતે પણ જનતા પાઠ ભણાવશે, તેમ કહી બાવનકુળેએ મોદી પર કરવામાં આવેલી ટીકાનો જવાબ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે એન્ટિલા પ્રકરણ અને ૧૦૦ કરોડ રૂપિયાની ખંડણી વસૂલીના કેસમાં તત્કાલિન પ્રધાન અનિલ દેશમુખ, પોલીસ અધિકારી સચીન વાઝે સહિતના લોકો પર પસ્તાળ પડી હતી.

### પુણેના એન્જિનિયર

ફરિયાદી અને આરોપીએ હસ્તાક્ષર પણ કર્યા હતા. પોલીસ ફરિયાદ અનુસાર જૂન મહિનામાં કાદરીએ કહ્યું હતું કે ટ્રાન્સફરની પ્રક્રિયા પૂર્ણ થયા પછી એસયુવી ફરિયાદી સુધી પહોંચી જશે. જોકે પછી તે વારંવાર ઉડાઉ જવાબ આપતો હતો. બાદમાં કાદરીએ એવું બહાનું કર્યું હતું કે એસયુવી વેચનારા માલિક સાથે તેનો ઝઘડો થયો હતો અને વાત મારામારી સુધી પહોંચી હતી, જેને પગલે તેણે એસયુવી જૂના માલિકને પાછી આપી દેવી પડી છે.

આરોપીએ સોનાવણેને કારની કિંમત પાછી આપી દેવાની ખાતરી આપી હતી. કાદરીએ ફરિયાદીને ચેક આપ્યો હતો અને બે મહિના પછી વટાવવાનું કહ્યું હતું. બે મહિના વીત્યા પછી પણ કાદરી બહાનાં કરી રહ્યો હતો. ઉપરાંત, ફરિયાદીની કાર પણ વેચી દેવામાં આવી હોવાનું ફરિયાદીને જાણવા મળ્યું હતું. આખરે ફરિયાદીએ બાન્દ્રા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### ચોમાસામાં મુંબઈ

એડિશનલ કમિશનર માટે મુંબઈની ભૌગોલિક પરિસ્થિતિની માહિતી ન હોવાથી ચોમાસામાં અતિવૃષ્ટિ દરમિયાન ઈમરજન્સી સર્જાય તો ગડબડ થવાની શક્યતાને પગલે મંગળવારે મુંબઈના જુદા જુદા વિસ્તારોની મુલાકાત તેઓએ લીધી હોવાનું કહેવાય છે, જેમાં પૂર્વ ઉપનગરના નાળાઓનું નિરીક્ષણ, મીઠી નદીની સફાઈનો અહેવાલ લીધા બાદ તેઓએ પવઈ તળાવ, ભાંડુપ કૉમ્પ્લેક્સમાં આવેલા વોટર ફિલ્ટરેશન પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને દાવો કર્યો હતો કે ૩૦ મે સુધીની મુદતમાં મુંબઈના તમામ નાળાઓની સફાઈ થઈ જશે. કમિશનરે પૂર્વ ઉપનગરના જુદા જુદા નાળાઓનું નિરીક્ષણ કર્યું હતું. એ દરમિયાન નાળાઓની સફાઈનું કામ ઝડપથી કરવાની સૂચના તેમણે આપી હતી. તેમ જ ઠેકઠેકાણે નાળાઓમાંથી ગાળ કાઢવાની સાથે જ સુરક્ષા ભિંતનું બાંધકામ, નાળાઓના કિનારા રહેલા અતિક્રમણને હટાવવા, ભાંડુપ અને નાહુર દરમિયાન રેલવે પાટા નીચે રહેલા કલ્વર્ટના બાંધકામ વગેરેને મુદ્દે પણ કમિશનરે સૂચના આપી હતી. આ દરમિયાન કમિશનર ભાંડુપમાં આવેલા ફિલ્ટરેશન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. એશિયા ખંડના સૌથી મોટા વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાંથી મુંબઈને પાણીપુરવઠો કરવામાં આવે છે. ભાંડુપ કૉમ્પ્લેક્સમાં ૧,૯૧૦ મિલિયન લિટર અને ૯૦૦ મિલિયન લિટર ફિલ્ટરેશન પ્લાન્ટના બે યુનિટ છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી ધીરજલાલ સોમચંદ સંઘવી (ઉં. વ. ૭૭) તેઓ દિવ્યાબેનના પતિ. ખાંતીભાઇ, કાંતીભાઇ, ઇચ્છાબેન, સુશીલાબેન, કુસુમબેન, હંસાબેન, ભારતીબેનના ભાઇ. તથા રૂપાળી દર્શનકુમાર, સ્મિતા મિતુલકુમાર, અમીષા મિતેશકુમાર, શ્વેતા કાર્તિકકુમારના પિતાશ્રી. તથા મનીષભાઇ, રાજુભાઇ, અરવિંદભાઇ, અજયભાઇના કાકા તા. ૮-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. ગીરનારની ભાવયાત્રા તા. ૧૧-૪-૨૪ના. ઠે. અશોક હોલ, મેહુલ ટોકીઝની પાસે, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુલુંડ-ધામી ગોરધનદાસ દેવચંદના પુત્ર કિશોરભાઇ ધામી (ઉં. વ. ૮૩) તા. ૭-૪-૨૪ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. વિપુલભાઇ, પારસભાઇ, દર્શનાબેનના પિતા. કલ્પનાબેન, અનિતાબેન, કમલેશકુમારના સસરા. સાવરકુંડલાવાળા સ્વ. કુંવરજી રામચંદ સંઘવીના જમાઇ. તે સ્વ. જયસુખભાઇ, જયંતીભાઇ, સ્વ. ગુણવંતભાઇ, વસંતભાઇ, સ્વ. ઇન્દિરાબેન, સુશિલાબેન અને નિમુબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સ્થાનકવાસી જૈન**

ખાંભા નિવાસી હાલ ઘાટકોપર, સ્વર્ગસ્થ વ્રજકુંવરબેન માધવલાલ બરવાળીયાના પુત્ર હસમુખરાય (ઉં. વ. ૭૪) ૮-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. સ્વ. મગનલાલ ધનજીભાઈ કોઠારીના જમાઈ. મેહુલ, વૈશાલી પારસ કોઠારી, મિતલ સુધીર મહેતાના પિતા. ગુણવંતભાઈ, સ્વ. મનસુખભાઈ, ડૉ. પ્રફુલ્લભાઈ, કમલેશભાઈ, અનિલભાઈ, પુષ્પાબેન જૂઠાંણી, મંજુલાબેન કપાસી, ચંદ્રિકાબેન અનિલભાઈ પારેખ, ભારતીબેન ઝાટકિયાના ભાઈ. ડૉ. મધુબેન, ડૉ. મીનાબેન, ડૉ. અલકાબેન, દિપ્તીબેન, સેજલબેનના દિયર-જેઠ. પ્રાર્થનાસભા ૧૧-૪-૨૪ના ગુરુવાર ૧૦થી ૧૨, લાયન્સ કમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડિયાના સ્વ. વાલીબેન શાહ (ઉં. વ. ૮૮) ૫-૪-૨૪, શુક્રવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. હાંસઈબેન કરશનભાઈ ગાંગજી શાહના પુત્રવધૂ. સ્વ. હોથીભાઈના ધર્મપત્ની. નવિન, નિર્મળા, ઉર્મીલાના માતુશ્રી. રત્નાબેન, સ્વ. વિસનજી, સુરેશના સાસુ. દિપેન, સ્મીત, દિગિશાના દાદી. જોમાબેન મુરજી વેરશી ડાઘાના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. ૨૦૩, વિનોદ વિલા, ઓલ્ડ નાગરદાસ રોડ, એન.ડી.ભૂતા સ્કુલની સામે, અંધેરી-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડિયાના માતુશ્રી અમૃતબેન પુનશી ભીમશી છાડવા (ઉં. વ. ૮૨) ૯-૪-૨૪, મંગળવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. પુનશીના ધર્મપત્ની. લાકડિયાના માતુશ્રી ભચીબેન દેવરાજ નિસરની દીકરી. પ્રાર્થનાસભા ૧૦-૪-૨૪, બુધવાર ૧૦.૩૦થી ૧૨ પ્રાર્થના સ્થળ. કરશન લધુ નિસર હોલ, જ્ઞાન મંદિર રોડ, દાદર-વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડોણ હાલે રાયણના પ્રશાંત લક્ષ્મીચંદ છેડા (ઉં.વ. ૪૯) તા. ૮-૪-૨૪ના અવસાન પામેલ છે. પાનબાઇ કેશવજી છેડાના પૌત્ર. મધુબાળા લક્ષ્મીચંદના પુત્ર. હંસા, કેતનના ભાઇ. લાખાપુરના પુરબાઇ નાનજીના દોહિત્રા. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કેતન લક્ષ્મીચંદ, બી/૫૫/૨૨૦, જુના સિદ્ધાર્થ નગર, રોડ નં. ૪, ગોરેગાંવ (પ.).

કોડાયના ભોગીલાલ પદમશી લાલન (ઉં.વ. ૮૧) તા. ૮/૪/૨૪ના અવસાન પામ્યા છે. મણીબેન પદમશી લધાના પુત્ર. સ્વ. કસ્તુરબેન લાલનના પતિ. પિયુષ, રોહિતના પિતાશ્રી. બિદડા ભાનુબેન શામજી વોરાના ભાઇ. નાંગલપુર કેસરબેન કાનજી શરવણ વીરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પીયુષ લાલન, એ-૩, સાગર નિવાસ, મંછુભાઇ રોડ, મલાડ (ઇ).

લાકડીઆ / દાદરના શાંતાબેન ખેરાજ ગડા (ઉં.વ. ૮૭) તા. ૭/૪/૨૪ના અવસાન પામેલ છે. મા. અરઘાબેન વાઘજી મુરજીના પુત્રવધૂ. સ્વ. ખેરાજના ધર્મપત્ની. કાંતી, કિશોર, હંસા, ઉષા, રેખાના માતુશ્રી. ભચાઉના ભચીબેન માડણ મુરજી છાડવાના પુત્રી. રાઘવજી, જીવરાજ, ડુંગરશી, જોમા, ગોમતી, અમૃતના બેન. પ્રા. સ્થળઃ યોગી સભાગૃહ, સ્ટેશન સામે, દાદર ઇસ્ટ. ટા. ૧૦.૩૦ થી ૧૨.૦૦.

રતાડીયા ગણેશના રૂક્ષ્મણી ખીમજી છેડા (ઉં.વ. ૮૦) ૭/૪/૨૪ના કચ્છમાં દેહપરિવર્તન કરેલ છે. ખીમજી મેઘજીના પત્ની. હિતેન, શૈલેષ, તુષાર, સ્વ. અલકાના માતુશ્રી. પત્રી હીરબાઇ હીરજી લાલજીના સુપુત્રી. રતનશી (મગન), પોપટલાલ, ર. ગણેશ વિમળા મણીલાલના બેન. પ્રા.: શ્રી વ. સ્થા. જૈન શ્રા. સંઘ સંચાલિત શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર વે. ટાઃ ૨ થી ૩.૩૦.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ વાશી, નવી મુંબઈ સ્વ. જયંતીલાલ પોપટલાલ સંઘવી તથા સ્વ. ઈચ્છાબેનના સુપુત્ર મુકેશ (ઉં.વ. ૬૯), તા. ૨/૪/૨૪ મંગળવારના ઓસ્ટ્રેલિયા -મેલબોર્ન ખાતે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મમતાના પતિ. સરલા તથા રેખાના દિયર. મિથીલના કાકા. સ્વ. રજનીભાઈ, પ્રફુલ, પ્રવીણના નાનાભાઈ, જામ બરવાળા નિવાસી સ્વ. શિવલાલ જગજીવન શાહ તથા સ્વ. ચંપાબેનના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

બગસરા નિવાસી ચંદ્રકાંત અમૃતલાલ કાળીદાસ મેઘાણી (ઉં.વ. ૮૦) તે ૭/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે મધુબાલાબેનના પતિ. સેહુલ તથા સચિનના પિતા. મૌસમી તથા વૈશાલીના સસરા. સ્વ. રતિલાલ ભગવાનજી ગોસલીયા અમરેલીના જમાઈ. સ્વ. દિનેશચંદ્ર, સ્વ. જયવંતભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. કુસુમબેન અમીચંદ, સ્વ. જશવંતીબેન જયંતીલાલ, સ્વ. ચારુબેન કિશોરભાઈના ભાઈ. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૧/૪/૨૪ના ૧૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન સંઘ, ચોથે માળે, પારેખ ગલ્લીના કોર્નરે, એસ. વિ. રોડ, કાંદિવલી વેસ્ટ.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

લતીપુર નિવાસી હાલ ઘાટકોપર અ.સૌ. વીણાબેન હર્ષદભાઈ દામજી સંઘવી (ઉં.વ. ૬૭) તે ૭/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયસુખભાઇ, સ્વ. મનહરલાલ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, સ્વ. ચંપકભાઈ, સ્વ. કિશોરભાઈ, ગુણવંતીબેન તથા પુષ્પાબેનના ભાભી. નિશિત, કલ્પિતાના માતુશ્રી. ધારા તથા ચેતનકુમારના સાસુ. દેવાંશ તથા નિશીના બા. લીલાવતી ડાહ્યાલાલ અજમેરાના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી શ્વેતાંબર જૈન**

બામણબોર નિવાસી હાલ કાંદિવલી સ્વ. સુશીલાબેન શશીકાંતભાઈ ગાંધીના સુપુત્ર પ્રિયંકરભાઈ (ઉં.વ. ૫૯) તા. ૯/૪/૨૪ના અરીહંતશરણ પામેલ છે. તે લીનાબેનના પતિ. રોશની, રાજેશભાઈ ગાંધી, હીનાબેન શાહ, દીપાબેન ભાવિન મહેતાના મોટાભાઈ. તે અંકિત, વિધિ, ટ્વિન્કલ ક્રિશા, સાક્ષી પ્રિયાંશ, જૈનમ હિતાંશુના મોટાપપ્પા. સ્વસુરપક્ષે મોરબી નિવાસી પ્રેમલતાબેન ગુણવંતરાય શેઠના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૧/૪/૨૪ના ગુરૂવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦. લોટસ બેન્કવેટ, ચોથે માળે, રઘુલીલા મોલ, પોઇસર બસ ડેપો પાછળ, કાંદિવલી વેસ્ટ.

## પારસી મરણ

ઝકસીસ કેરસાસ્પ આગા તે મરહુમો ખોરશેદ તથા કેરસાસ્પ આગાના દીકરા. તે ઉરબક્ષ ને ફ્રવશી આગાના પપ્પા. તે સમાનાઝ કોલાબેવાલા તથા મરહુમ શ્રેટોના આગાના ભાઇ. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૭, ઓવલ વ્યુ, ૧૫૦ એમ. કર્વે રોડ, ઓવલ મેદાનની સામે, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૦-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે ભુલાભાઇ દેસાઇ રોડ મધ્યે સાહેર અગિયારીમાં.

## હિન્દુ મરણ

**માલાવીય સોની**

બૈતુલ નિવાસી હાલ મુંબઇ ઘાટકોપર મદન મોહન મનોહરલાલ સોની તે ભારતીબેનના પતિ. નિર્મલ, હિરલ ચિરાગ વોરાના પિતાજી. નર્મતાના સસરા. યશ્વીના દાદા. ધૈર્યના નાનાજીનું નિધન તા. ૭-૪-૨૪ના રોજ થયું છે. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. વર્ષાબેન (કનક) વિજયસિંહ રામૈયા (ઉં. વ. ૮૦), ચિ. હિમાંશુ, અ. સૌ. મીતલના માતુશ્રી. સ્વ. પ્રભાવંતી ભુજગીલાલ મહેતાના સુપુત્રી. સ્વ. ભૂપતભાઇ, સ્વ. ધીરુભાઇના બહેન. અ. સૌ. જીગીષા, મનિષ દુતિયાના સાસુ. વંશ તથા મૈત્રી, દેવના દાદી-નાની. તા. ૮-૪-૨૪ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૧-૪-૨૪ના ગુરુવાર ૪-૩૦થી ૬. ઠે. બાલ્કનજીબારી, રાજાવાડી, ઘાટકોપર (ઇ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

ભુવનેશભાઇ (ઉં. વ. ૬૭) તે સ્વ. રૂક્ષમણીબેન લાભશંકરના સુપુત્ર. તે સ્વ. કસ્તુરબેનના પતિ. સ્વ. કેશવજી ચત્રભુજના પૌત્ર. તે સ્વ. મનુભાઇ તથા સ્વ. સુનંદાબેન સુરેશભાઇના ભત્રીજા. તે વિનેશભાઇના મોટા ભાઇ. ધરમ, ચૈતન્યના પિતા. તે સ્વ. શેનતારા શામજીભાઇ હર્ષના દોહિત્ર તા. ૮-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

ભદેલીવાળા, હાલ વાલકેશ્વર, મુંબઈ નલીનભાઈ દેસાઈ (ઉં. વ. ૮૬) સ્વ. ઉર્મિલાબેન અને સ્વ. ગુણવંતરાય વી. દેસાઈના પુત્ર. તે નીતાબેનના પતિ. તે ભૂષણના પિતા. કવિતાના સસરા. પ્રણયના દાદા. તે સ્વ. સરલાબેન, રેખાબેન, સ્વ. મીનાબેન, સ્વ. દિલીપભાઈ, રામચંદ્રભાઈ, ભૂપેન્દ્રભાઈના મોટાભાઈ, તે ૭-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી દશા પોરવાડ-વણીક**

માટુંગા (પ.) નિવાસી ડૉ. નરેન્દ્ર તિજોરીવાલા, (ઉં.વ. ૮૫) ૭-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તેઓ સ્વ. ભાનુમતી અને સ્વ. ગમનલાલ તિજોરીવાલાના સુપુત્ર. સ્વ.લીલાવતી અને સ્વ. શાંતિલાલ શાહના જમાઈ. ડૉ. રંજનબેનના પતિ. ડૉ. રૂપાલી, ડૉ. રાખી, ડૉ. જસ્મીનના પિતાશ્રી. પિયુષભાઈ, રાકેશભાઈના સસરા. અર્થવ, ધૈર્ય, હર્ષી, હૃદયના નાના. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૧૧-૪-૨૪ ગુરુવારના ૫થી ૭, તેંડુલકર હૉલ, સારસ્વત ભવન, છત્રપતિ શિવાજી મહારાજ માર્ગ (મોગલ લેન), માટુંગા (પ.રે.).

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

રાયગઢ નિવાસી રમેશચંદ્ર ચીમનલાલ દિક્ષિત હાલ મુંબઇ (ઉં.વ. ૭૮) તા. ૪-૪-૨૪ના મુંબઇ મુકામે એકલીંગજીશરણ પામેલ છે. તે વિજયાબેનના પતિ. તુષાર, શિલ્પાના પિતાશ્રી. ચિ. યશના દાદા. મનોજકુમાર તથા પુજાના સસરાજી. સ્વ. હીરાબેન, સ્વ. રંજનબેન, ગં.સ્વ. મધુબેનના ભાઈ. તેમનું બેસણું તા.૧૩-૪-૨૪ના ૪ થી ૬. શ્રી કચ્છી કડવા પાટીદાર વાડી, દૌલત નગર રોડ નં.૧૦, સેંટ ઝેવિયર્સ સ્કૂલની બાજુમાં, બોરીવલી ઇસ્ટ.

**કપોળ**

દોલતીવાળા હાલ ભાયંદર સ્વ. વસુમતી દુર્લભદાસ ભાણજી કીકાણીના સુપુત્ર શરદ (ઉં.વ. ૫૫) માનસી (મીંટા)ના પતિ. જયના પિતાશ્રી. રમેશભાઈ, જયસુખ, નિલેશ, પ્રવિણાબેન મહેશ ચિત્તલિયા, હંસાબેન રમેશ પારેખ, કિરણબેન વિનોદ દેસાઈ, સ્વ. લત્તાબેન નિલેશ મહેતા, વર્ષા રાજેશ મહેતાના ભાઈ. તે ધ્રાંગધ્રા વાળા સ્વ. મુળજીભાઈ પ્રભુદાસ દેપાળાના જમાઈ, તા. ૭/૪/૨૪ને રવિવારના શ્રીજીશરણ પામ્યા છે. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા તા. ૧૧/૪/૨૪ને ગુરુવારે ૫.૦૦ થી ૭.૦૦. કપોળ વાડી, ગીતા નગર, ભાયંદર (વેસ્ટ). લૌકિક ક્રિયા રાખેલ નથી.

**વિશા દિશાવાલ**

કલોલ નિવાસી હાલ મલાડ, કંચનબેન યશવંતલાલ ગાંધી (ઉં.વ. ૮૪) તે સ્વ. યશવંતલાલ જેઠાલાલ ગાંધીના પત્ની. સંગીતાબેન, રીટાબેન, ચૈતાલીબેનના માતુશ્રી ૬-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે મુકેશભાઈ, કૈલેશભાઈ, વિશાલભાઈના સાસુ. બને પક્ષથી લૌકિક વ્યવહાર બંધ છે.

**ખેડવાબાજ બ્રાહ્મણ**

ગોરેગામ નિવાસી ગં.સ્વ. નયનાબેન અનિલભાઈ ભટ્ટ (ઉં.વ. ૬૭), ચિ. રિધ્ધિના માતા. અમિતભાઈ જાનીના સાસુ. ચિ. યુગના નાની. સ્વ. ચીમનભાઈ વ્યાસ, ગં.સ્વ. ઈન્દુબેન પંડ્યા, હર્ષદભાઇ વ્યાસ, સ્મિતાબેન વ્યાસના બહેન રવિવાર, તા. ૭-૪-૨૪ના દેવલોક પામ્યા છે. તેમની સાદડી ગુરુવાર, તા. ૧૧-૪-૨૪ના ૪ થી ૬ : સ્વામિનારાયણ સંસ્કારધામ, પ્લોટ નં. ૬૬, જવાહરનગર, પ્રકશ હોટેલની સામેની ગલીમાં, સ્ટેશન પાસે, ગોરેગામ વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## રનસંગ્રામ IPL-2024

# જાડેજાએ ચેન્નઈને જીતાડ્યુંય ખરું અને ધોનીના વિક્રમની બરાબરી પણ કરી

### ‘બાપુ’ મજાકમાં બૅટિંગ કરવા ઊતર્યા, પણ ક્ષણવારમાં પાછા ગયા બાદ ધોની મેદાન પર આવતાં પ્રેક્ષકોએ બૂમો પાડીને તેનું સ્વાગત કર્યું



ચેન્નઈ: ૨૦૨૩માં આઇપીએલની ૧૬મી સીઝનની ચેન્નઈ-ગુજરાત વચ્ચેની ફાઇનલનું પરિણામ વરસાદ અને બૅડ લાઇટને કારણે ત્રીજા દિવસે આવ્યું હતું અને ત્યારે છેલ્લી પળોનો હીરો હતો આપણો ‘બાપુ’ રવીન્દ્ર જાડેજા. ગુજરાત ટાઇટન્સ સામેની ફાઇનલની અંતિમ ઓવર મોહિત શર્માએ કરી હતી જેના છેલ્લા બૉલમાં ચેન્નઈના જાડેજાએ ચાર રન બનાવવાના હતા અને તેણે ફોર ફટકારીને ચેન્નઈને અને ખાસ કરીને મહેન્દ્રસિંહ ધોનીને યાદગાર વિજય અપાવ્યો હતો. જાડેજા ત્યારે (મે ૨૦૨૩માં) મૅન ઑફ ધ મોમેન્ટ જરૂર હતો, પરંતુ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર પચીસ બૉલમાં ૪૭ રન બનાવનાર ડેવૉન કોન્વેને અપાયો હતો. જોકે સોમવારે જાડેજાએ એ અવૉર્ડ મેળવવાની ઇચ્છા પૂરી કરી હતી. એ તો ઠીક, પણ તેણે તેના જ ભૂતપૂર્વ કૅપ્ટન એમએસ ધોનીના વિક્રમની બરાબરી પણ કરી હતી.

આઇપીએલના ઇતિહાસમાં સોમવારે પહેલાં સૌથી વધુ ૧૫ મૅન ઑફ ધ મૅચ અવૉર્ડ ધોનીના નામે હતા. સોમવારે જાડેજા ૧૫મો પુરસ્કાર જીતીને તેની હરોળમાં આવી ગયો હતો.

હવે આઇપીએલમાં સૌથી વધુ મૅન ઑફ ધ મૅચ અવૉર્ડ જીતનારાઓની યાદી આ મુજબ છે: (૧) ધોની-૧૫, (૨) જાડેજા-૧૫, (૩) રૈના-૧૨, (૪) ગાયકવાડ-૧૦ અને (૫) માઇક હસી-૧૦. સોમવારે ચેન્નઈની ટીમ વિજયની નજીક હતી ત્યારે ૧૭મી ઓવરમાં શિવમ દુબે આઉટ થતાં હજારો પ્રેક્ષકો તેમનો સૌથી લોકપ્રિય ખેલાડી એમએસ ધોની મેદાન પર ઊતરશે એવી આશા રાખીને બેઠા હતા. જોકે જાડેજા ડગઆઉટમાંથી બહાર આવીને બૅટ સાથે મેદાન પર ઊતર્યો ત્યારે પ્રેક્ષકોએ નિરાશાનો સૂર કાઢ્યો હતો. જોકે જાડેજાએ માત્ર મજાક માટે જ મેદાન પર આવ્યો હતો. તે તરત જ હસતો હસતો પાછો વળ્યો અને ડગઆઉટમાં જતો રહ્યો હતો અને બે-ચાર ક્ષણ બાદ ધોની દોડીને મેદાન પર ઊતર્યો હતો જેને જોઈને પ્રેક્ષકોએ આનંદના આવેશમાં બૂમાબૂમ કરી મૂકી હતી. એક્સ પર આ વીડિયો ખૂબ વાઇરલ થયો છે.

સોમવારે ચેન્નઈએ કોલકાતાને સાત વિકેટના માર્જિનથી હરાવીને આ સીઝનમાં હોમ ગ્રાઉન્ડ પર રેકૉર્ડ ક્લીયર રાખ્યો હતો. ચેપૉકમાં ચેન્નઈની ટીમ આ સીઝનમાં તમામ ત્રણ મૅચ જીતી છે. કોલકાતાએ આપેલો ૧૩૮ રનનો ટાર્ગેટ ચેન્નઈએ ૧૭.૪ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે મેળવી લીધો હતો. કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડે ૫૮ બૉલમાં નવ ફોરની મદદથી અણનમ ૬૭ રન બનાવ્યા હતા. શિવમ દુબેએ ૨૮ રન, ડેરિલ મિચલે પચીસ રન અને ઓપનર રાચિન રવીન્દ્રએ પચીસ રન બનાવ્યા હતા. ચેન્નઈની ત્રણ વિકેટમાંથી બે વૈભવ અરોરાએ અને એક સુનીલ નારાયણે લીધી હતી. ■

# નીતિશ રેડ્ડી હૈદરાબાદની વહારે, પણ અર્શદીપ સૌથી અસરદાર

મોહાલી: પંજાબ કિંગ્સે અહીં આઇપીએલની વધુ એક મહત્ત્વની લીગ મૅચમાં બૅટિંગ આપ્યા પછી સનરાઇઝર્સ હૈદરાબાદે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૮૨ રન બનાવ્યા હતા. પંજાબનો પેસ બોલર અર્શદીપ સિંહ (૪-૦-૨૯-૪) સૌથી સફળ બોલર સાબિત થયો હતો. સ્ટાર બૅટર્સવાળી હૈદરાબાદની ટીમમાં આ વખતે ટ્રેવિસ હેડ (૨૧), અભિષેક શર્મા (૧૬), એઇડન માર્કરમ (૦) અને હિન્રિચ ક્લાસેન (નવ રન) સારું રમવામાં નિષ્ફળ ગયા હતા, પણ આ વખતે બીજી જ મૅચ રમેલો આંધ્ર પ્રદેશનો ૨૦ વર્ષનો નીતિશ કુમાર રેડ્ડી (૬૪ રન, ૩૭ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર) ચમકી ગયો હતો. તેણે અબ્દુલ સામદ (પચીસ રન, ૧૨ બૉલ, પાંચ ફોર) સાથે છઠ્ઠી વિકેટ માટે ૫૦ રનની ભાગીદારી કરીને ટીમની આબરૂ સાચવી હતી.

અર્શદીપે હૈદરાબાદની ચોથી ઓવરમાં હેડ અને માર્કરમને પૅવિલિયન ભેગા કરીને ધમાલ મચાવી દીધી હતી. હર્ષલ પટેલે રાહુલ ત્રિપાઠી (૧૧) અને ક્લાસેન (નવ રન)ની પ્રાઇઝ વિકેટ લીધી હતી તેમ જ સૅમ કરૅન પણ ત્રાટક્યો હતો. કરૅને અભિષેકને આઉટ કર્યો હતો, પણ અર્શદીપે બીજા સ્પેલમાં પણ ધબધબાટી બોલાવી હતી. તેણે હૈદરાબાદની ૧૭મી ઓવરમાં અબ્દુલ સામદ અને નીતિશ રેડ્ડીને આઉટ કરીને હૈદરાબાદની ટીમને ફરી ઉપરાઉપરી બે આંચકા આપ્યા હતા.

૨૦મી ઓવરને અંતે શાહબાઝ અહમદ (૧૪ અણનમ, સાત બૉલ, એક સિક્સર, એક ફોર)ની સાથે જયદેવ ઉનડકટ (છ રન) અણનમ રહ્યો હતો. એક સમયે હૈદરાબાદે માત્ર ૬૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી ત્યારે એવું લાગતું હતું કે મુંબઈ સામે વિક્રમજનક ૨૭૭/૩ રન બનાવનાર હૈદરાબાદની ટીમ પંજાબ સામે ૧૦૦ રન પણ માંડ કરી શકશે. જોકે નીતિશ રેડ્ડી અને અબ્દુલ સામદની ઇનિંગ્સની મદદથી હૈદરાબાદે છેવટે ૧૮૨/૯નો સ્કોર નોંધાવ્યો હતો અને પંજાબને ૧૮૩ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો. ■




# ૧૦૦૦ રન, ૧૦૦ કૅચ, ૧૦૦ વિકેટ: જાડેજા પહેલો

ચેન્નઈ: આઇપીએલમાં ‘બાપુ’ રવીન્દ્ર જાડેજાના નામે ૨,૭૭૬ રન છે. તે આઇપીએલમાં ૧,૦૦૦ રન બનાવવા ઉપરાંત ૧૦૦ કૅચ પકડનાર અને ૧૦૦ વિકેટ લેનાર પ્રથમ ઑલરાઉન્ડર બન્યો છે.

કૉમેન્ટેટર હર્ષા ભોગલેએ સોમવારે મૅચ પછી જાડેજાને તેના આ અનોખા વિક્રમની જાણી કરી ત્યારે ‘બાપુ’ ખૂબ ખુશ થઈ ગયા હતા.

૩૫ વર્ષનો જાડેજા મુખ્યત્વે ચેન્નઈ સુપર કિંગ્સ તેમ જ રાજસ્થાન રૉયલ્સ, ગુજરાત લાયન્સ અને કોચી ટસ્કર્સ વતી રમી ચૂક્યો છે. ■




# ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને કેમ રેડ કાર્ડ બતાવાયું?



રિયાધ: ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની ટીમ અલ-નાસર સુપર સાઉદી કપની સેમિફાઈનલમાં હારવાની તૈયારીમાં હતી ત્યારે ૮૭મી મિનિટમાં રોનાલ્ડોનો પિત્તો ગયો હતો અને તેણે મેદાનની બહાર જવું પડ્યું હતું. અલ-હિલાલ નામની ટીમ ૨-૦થી આગળ હતી ત્યારે રોનાલ્ડો થ્રો-ઇન માટે બૉલ પર કબજો કરવા ગયો ત્યારે અલ-હિલાલ ટીમના અલી અલ-બુલાઇહીએ તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. રોનાલ્ડોએ બુલાઇહીને દૂર હડસેલ્યો હતો અને કોણી મારીને તેને નીચે પાડ્યો હતો. રેફરી તરત દોડી આવ્યા હતા અને રોનાલ્ડોને રેડ કાર્ડ બતાવ્યું હતું. ■



















# ધોની બેટિંગમાં આવ્યો ને રસેલે કાન બંધ કરી દીધા!

### પ્રેક્ષકોનો અવાજ ૧૨૫ ડેસિબલ્સ સુધી ઊંચે ગયો



ચેન્નઈ: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૭મી સીઝનમાં એક બાદ એક થ્રિલર મેચ જોવા મળી રહી છે. આઇપીએલમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની સોમવારની મેચમાં ખેલાડી મહેન્દ્ર સિંહ ધોનીની એક ઝલક જોવા મળે એની ચાહકો આતુરતાથી રાહ જોતા હતા. એમએસ ધોની બેટિંગ માટે મેદાનમાં આવ્યો ત્યારે તેને જોતાં જ લોકોએ બૂમાબૂમ કરી મૂકી હતી. હજારો પ્રેક્ષકોની બૂમોનો સહિયારો અવાજ એટલો બધો મોટો હતો કે એ સહન ન થતાં ફીલ્ડિંગ કરી રહેલા કોલકાતાના એક ખેલાડીએ કાન સુધ્ધા બંધ કરવાની નોબત આવી હતી.

પહેલી ઈનિંગ્સમાં કોલકાતા પર ચેન્નઈની ટીમ હાવિ થઈ હતી, જેથી કોલકાતાની ટીમ માત્ર ૧૩૭ રન બનાવી શકી હતી. ચેન્નઈની ટીમે ત્રણ વિકેટે જીત મેળવી લીધી હતી. ઋતુરાજ ગાયકવાડે ધમાકેદાર બેટિંગથી અણનમ રહીને જીતાડ્યું હતું. જોકે, એમએસ ધોની બેટિંગ કરવા આવ્યો ત્યારે આખું સ્ટેડિયમ ‘ધોની ધોની’ના નામથી ગુંજી ઊઠયું હતું. માહીએ મેદાન પર પગ મૂક્યો કે તેના ડાઇ-હાર્ડ ચાહકોએ શોરબકોર કરી મૂક્યો હતો અને તેમના એ ક્ષણના અવાજનું પ્રમાણ ૧૨૫ ડેસિબલ્સ સુધી ઊંચે ગયું હતું.

સીએસકેએ જ્યારે ૧૩૫ રન પર શિવમ દુબેની વિકેટ ગુમાવી ત્યારે એમએસ ધોની મેદાન પર આવ્યો હતો અને દર્શકો તો ધોનીને જોઈને એટલા ખુશ થઈ ગયા હતા કે ધોનીના નામ અને ચીસોથી આખું સ્ટેડિયમ ગૂંજી ઊઠ્યું હતું અને તે ક્રીઝ પર ગયો ત્યાં સુધી લોકો તેને વેલકમ આપતા રહ્યા હતા.

સ્ટેડિયમમાં લોકોનો અવાજ આટલો બધો વધી ગયો હતો કે ફિલ્ડિંગ કરી રહેલા કેકેઆરના આન્દ્રે રસેલે પોતાના કાન બંધ કરી ધીધા હતા. સ્ટેડિયમમાં ચાહકોના શોરથી આન્દ્રે રસેલ હેરાન-પરેશાન હતો અને જ્યારે ધોની બૅટિંગ કરવા ક્રીઝ પર આવ્યો તે દરમ્યાન તો રસેલે પોતાના કાન જ બંધ કરી દીધા હતા. રસેલના આવા રીએક્શનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થયો છે.

સીએસકે અને કેકેઆર વચ્ચે જોરદાર મુકાબલો જામ્યો હતો. આ મેચમાં સીએસકેએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લઈને કેકેઆરની ટીમને ૧૩૭/૯ના સ્કોર સુધી રોકી હતી અને બીજી ઈનિંગ્સમાં ચેન્નઈએ ૧૪૧-૩ રન બનાવીને કેકેઆરને સાત વિકેટથી હરાવ્યું હતું. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| Peal | નિસ્તેજ |
| Peel | બાલદી |
| Pill | છાલ |
| Pail | ઘંટારવ |
| Pale | દવાની ગોળી |

## ઓળખાણ રાખો



દિલ્હીમાં જન્મેલા અને અમદાવાદમાં ઉછરેલા વિશ્વસ્તરે ઝળકેલા બિલિયર્ડ્સ ખેલાડીની ઓળખાણ પડી? પ્રોફેશનલ બિલિયર્ડ્સમાં પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન બન્યા હતા.

અ) વિલ્સન જોન્સ બ) સૌરવ કોઠારી ક) પંકજ અડવાણી ડ) ગીત સેઠી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જા | ૨ હે | રા | ૩ ત | ■ | ૪ બ | ૫ દ | ના | મ | ■ |
| ૬ જ | ર | ■ | ૭ પ | ૮ વ | ના | ર | ■ | ■ | ૯ દ |
| ૧૦ ર | ત | ૧૧ લ | ■ | ૧૨ ન | વ | ■ | ૧૩ આ | દ | ર |
| મા | ■ | ૧૪ ત | ૧૫ ર | વા | ■ | ૧૬ સા | દ | ■ | મિ |
| ૧૭ ન | ૧૮ સ | ■ | ૧૯ હ | સ | તું | ■ | મ | ■ | યા |
| ■ | ળં | ■ | સ્ય | ■ | ■ | ૨૦ ભૂ | ■ | ૨૧ મ | ન |
| ૨૨ આં | ગ | ળી | ■ | ૨૩ પ્રા | ૨૪ થ | મિ | ૨૫ ક | તા | ■ |
| ત | ■ | ■ | ૨૬ આ | કૃ | તી | ■ | દા | ■ | ૨૭ ત |
| ૨૮ રિ | ૨૯ વા | ૩૦ જ | ■ | તિ | ■ | ૩૧ જી | વ | ત | ર |
| ૩૨ ક | મા | લ | ■ | ૩૩ ક | ળ | ત | ર | ■ | લ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | | ■ | ૫ | | ■ | | ■ | ૬ |
| ૭ | | | ■ | | ■ | ૮ | | ૯ | |
| | ■ | ૧૦ | | | | ■ | ■ | ૧૧ | |
| | ■ | | ■ | | ■ | ૧૨ | | | |
| ■ | ૧૩ | ■ | ૧૪ | ■ | ૧૫ | | ■ | | ■ |
| ૧૬ | | | | | ■ | ૧૭ | | ■ | ૧૮ |
| | ■ | ■ | | ■ | ૧૯ | | ■ | ૨૦ | |
| ૨૧ | | ૨૨ | ■ | ૨૩ | | ■ | ૨૪ | | |
| | ■ | ૨૫ | | | | | | | ■ |

**આડી ચાવી**

૧. પ્રચાર કરનાર (૪)
૩. કામ ચલાવવું તે (૪)
૫. ચૂક, ખામી, ગફલત (૨)
૭. મોળું, નરમ, મોડરેટ (૩)
૮. અધોગતિ, નીચે પડવું તે (૪)
૧૦. અધૂરું કાવ્ય પૂરું કરવું તે (૪)
૧૧. આડું તેડું, પાછળ ચાલનારું (જો. છૂ.) (૨)
૧૨. શહેરના--- જીવનથી વૃદ્ધો કંટાળે (૪)
૧૫. લોક, સમૂહ, જનતા (૨)
૧૬. પ્રવચન, યાદ આવવું તે (૫)
૧૭. કિલ્લો (૨)
૧૯. ધમકી, ઠપકો (૨)
૨૦. --- રામ, --- રામ, રામ રામ--- (૨)
૨૧. સંખ્યા, આંકડો (૩)
૨૩. પગ, કદમ, ડગ (૨)
૨૪. એક સૂકા મેવાનું ફળ (૩)
૨૫. નુકસાન થાય તેવું (૭)

**ઊભી ચાવી**

૧. પહેલી નજરે દેખાતું (૫)
૨. રખડપટ્ટી, રઝળવું તે (૫)
૩. --- કરે સો આજ કર (૨)
૪. હકીકત (૩)
૫. પહેલાંનું (૪)
૬. ક્રિયાની સામે થાય તે (૪)
૯. ટૂંકી વાર્તા (૪)
૧૨. ફજેતી, ધજાનો દંડ (૪)
૧૩. બૂમ, રાડ (૨)
૧૪. હોઠ (૩)
૧૬. ઉચ્ચાર કરવો તે (૪)
૧૮. કોઇક વખતે (૩)
૧૯. ડાકણ, કદરૂપી ઘરડી ડોશી (૩)
૨૦. દરેક, પ્રત્યેક (૩)
૨૨. માનવકુળનો ઉત્પાદક --- સ્મૃતિ (૨)
૨૩. પડ --- પોબાર (૨)
૨૪. દ્વેષ, ઇર્ષ્યા (૨)

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

'શઠ અને શઠ એ બેઉ સાથે વ્યવહારમાં બહુ જાળવવું' પંક્તિમાં શઠ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) શેઠાણી બ) સૂંઠ ક) શાહુકાર ડ) લુચ્ચું

## માતૃભાષાની મહેક

પુરાણોમાં પર્વત સંબંધી ઘણી કથાઓ છે. તેમાં સૌથી પ્રસિદ્ધ કથા એ છે કે, પહેલાં પર્વતોને પાંખો હતી. અગ્નિપુરાણમાં જણાવ્યું છે કે, એક વખત બધા પર્વત ઊડીને અસુરોના નિવાસસ્થાન સમુદ્ર ઉપર જઈને ઉપદ્રવ કરવા લાગ્યા, જેથી અસુરો અને દેવતાઓને યુદ્ધ થયું. યુદ્ધમાં જળ મેળવવા ઉપરાંત દેવતાઓએ પર્વતોની પાંખો કાપી નાખી અને તેઓને યોગ્ય જગ્યાએ બેસાડી દીધા.

## ગુજરાત મોરી મોરી રે

'કોઈનું જાડું શરીર જોઈને ભય ન પામવો અને પાતળા શરીરની વ્યક્તિ સાથે લડવું નહીં' એ ભાવાર્થની કહેવતના શબ્દો આડા અવળા થઇ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ને મત જોઈને લડીઓ જોઈને ડરીઓ દોંગા મત પાતળા

## ઈર્શાદ

હાથની રેખા પ્રમાણે ચાલનારા છે ઘણા,
ચાલ તારાઓની બદલે એ જ શક્તિમાન છે.

**- શેખાદમ આબુવાલા**

## સુડોકુ-૫૦૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૬ | | ૭ | | | ૫ |
| | | ૯ | | | | ૧ | | |
| ૫ | | ૮ | | ૩ | | ૪ | | ૬ |
| ૪ | ૧ | | | | | | ૮ | ૯ |
| | | ૫ | | | | ૩ | | |
| ૨ | ૭ | | | | | | ૫ | ૧ |
| ૮ | | ૭ | | ૬ | | ૫ | | ૪ |
| | | ૨ | | | | ૮ | | |
| ૬ | | | ૮ | | ૫ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૩ | ૫ | ૭ | ૪ | ૨ | ૧ | ૮ |
| ૧ | ૮ | ૪ | ૩ | ૨ | ૬ | ૫ | ૯ | ૭ |
| ૨ | ૭ | ૫ | ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૬ |
| ૫ | ૯ | ૨ | ૧ | ૮ | ૩ | ૭ | ૬ | ૪ |
| ૪ | ૩ | ૬ | ૯ | ૫ | ૭ | ૧ | ૮ | ૨ |
| ૭ | ૧ | ૮ | ૬ | ૪ | ૨ | ૩ | ૫ | ૯ |
| ૮ | ૪ | ૧ | ૨ | ૩ | ૯ | ૬ | ૭ | ૫ |
| ૬ | ૨ | ૯ | ૭ | ૧ | ૫ | ૮ | ૪ | ૩ |
| ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૮ | ૯ | ૨ | ૧ |

## માઈન્ડ ગેમ

ગણિતમાં એક પ્રકાર ભૂમિતિનો હોય છે જેના અભ્યાસમાં કંપાસ બોક્સનું મહત્ત્વ હોય છે. આકૃતિના ખૂણા માપવા કે ચોક્કસ આકૃતિના ખૂણા દોરવા વપરાતા સાધનનું નામ જણાવો.

અ) ડિવાઈડર બ) પ્રોટેક્ટર
ક) સેટ સ્ક્વેર ડ) સ્કેલ

## ગયા બુધવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| Bar | પ્રતિબંધ |
| Bare | ઉઘાડું |
| Bear | સહન કરવું |
| Bray | ભૂંકવું |
| Berry | ફળ |

**ગુજરાત મોરી મોરી રે**
ધાન ખાવું ધણીનું ગીત ગાવાં વીરાનાં

**ઓળખાણ પડી?**
રુડી હાર્ટોનો

**માઈન્ડ ગેમ**
૯૧ અંશ

**ચતુર આપો જવાબ**
ઉખાણું ઉકેલો
આકાંક્ષા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) પ્રતીમા પમાની (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદ્દેશી (૯) ડૉ. પ્રકાશ કટકિયા (૧૦) ભારતી પ્રકાશ કટકિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ભારતી બુચ (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) લજીતા ખોના (૧૬) મહેશ સંઘવી (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતી ખાંડવાલા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિતીન જે. બજેરીયા (૨૩) વીણા સંપટ (૨૪) દિલીપ પરીખ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ભાવના કર્વે (૨૮) જગદીશ વલ્લભ ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) સુનીતા પટવા (૩૧) રજનીકાંત પટવા (૩૨) અંજુ ટોલીયા (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હીના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) રસીક જુઠાણી (ટોરન્ટો- કેનેડા) (૩૯) પુષ્પા ખોના (૪૦) પ્રવીણ વોરા (૪૧) કિશોર બી. સંઘરાજકા (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) નયન ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેન્દ્ર લોઢાવીયા (૪૭) નિખીલ બંગાળી મિસ્ત્રી (૪૮) એમીષી બંગાળી (૪૯) અલકા વાણી (૫૦) સુરેખ દેસાઈ (૫૧) નંદકિશોર સંજાણવાળા

---

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# શક્તિનું માપ પણ બતાવે છે ચોવક

સાચા સંબંધી કોને કહેવાય? એને, કે જે એક બીજાની પરસ્પર કાળજી રાખે? આવા સંબંધો અને ફરજ પ્રત્યે અંગુલિ નિર્દેશ કરતી ચોવક બહુ પ્રચલિત છે. ચોવક છેઃ **''સગે જી સૉજ ન્યારે સે સગો''** શબ્દાર્થ છેઃ સગાંની સગવડનું ધ્યાન રાખે એજ સાચા સગા કહેવાય. 'સગે' શબ્દનો અર્થ થાય છેઃ સગા (અહીં સંબંધમાં જે વેવાઈ હોય તે અર્થ વધારે અભિપ્રેત છે) 'જી' એટલેઃ ની. 'સૉજ'નો અર્થ થાય છેઃ સગવડ. 'ન્યારે' એટલે જુએ. 'સે' એટલેઃ તે. અન્ય સંબંધોની માફક વેવાઈઓએ પરસ્પર એક બીજાની સગવડ સાચવવી જરૂરી હોય છે.

એક બહુ મજાની શીખામણ આપણી ચોવક છેઃ **''સનૂં ડિસી સધ ન કજે જાડો ડિસી ધ્રિજ જે ન''** શક્તિનું માપ દર્શાવતી આ ચોવક છે. શબ્દાર્થ જોઈએ તો 'સનૂં'ના ઘણા અર્થ થાય છે. સનૂં એટલે ઝીણું, પાતળું એકવડિયા બાંધાવાળું અને દુર્બળ કે નિર્બળ. 'ડિસી'નો મતલબ છેઃ જોઈને. 'સધ ન કજે' આ ત્રણ ટૂંકાક્ષરી શબ્દ સમૂહનો અર્થ થાય છેઃ પડકાર ન ફેંકવો. આમતો 'કજે' શબ્દનો અર્થતો 'કરવું' એવો થાય છે. આ અડધી ચોવકનો અર્થ થયોઃ પાતળા બાંધા વાળી વ્યક્તિ જોઈને પડકાર ન ફેંકવો. ત્યાર પછી શબ્દ આવે છેઃ જાડો. જાડો એટલે જાડો, તંદુરસ્ત, મલ્લ જેવો લાગતો. 'ધ્રિજ જે ન' આ ત્રણ શબ્દનો મતલબ છેઃ ડરવું નહીં, 'ધ્રિજ જે' એટલે ડરવું. હવે આખી ચોવકનો શબ્દાર્થ જોઈએ તોઃ પાતળા બાંધાવાળી વ્યક્તિ જોઈને (લડવા માટે) પડકાર ન ફેંકવો અને જાડા નરને જોઈને ડરવું નહીં! ભાવાર્થ એવો થાય છે કેઃ શરીરનો બાંધો જોઈને કોઈની શક્તિનો અંદાજ ન બાંધવો જોઈએ.

એક ચોવક એવી છે, જે કહે છે કેઃ **''સસ્તો ઈતરો મોંઘો, મોંઘો ઈતરો સસ્તો''** 'સસ્તો' એટલે સસ્તો! 'ઈતરો'નો અર્થ થાય છે 'એટલું કે એટલો'. મોંઘો એટલે મોંઘો. એજ ત્રણ શબ્દોનો ફરીથી પ્રયોગ કરવામાં આવ્યો છે, પણ શબ્દના ક્રમ બદલાવીને! શબ્દાર્થ છેઃ જેટલું સસ્તું એટલું મોંઘું અને જેટલું મોંઘું એટલું સસ્તું! બહુ સ્વાભાવિક છે કે, સસ્તી ચીજ વધારે ન પણ ટકે અને મોંઘી વસ્તુનું આયુષ્ય લાંબું પણ હોઈ શકે!

સસ્તા શબ્દનો પ્રયોગ અહીં કરવામાં આવ્યો છે એટલે બીજી ચોવક સ્મૃતિમાં સળવળે છે. ચોવક છેઃ **''સસ્તો મૂલઈ ભુખ ન મરે''** અહીં 'મૂલઈ' શબ્દનો ઉપયોગ થયો છે, જેનો અર્થ થાય છેઃ મજૂર. 'ભુખ ન મરે' આ ત્રણ શબ્દના સમૂહનો અર્થ થાય છેઃ ભૂખે ન મરે. ચોવકનો શબ્દાર્થ છેઃ જેની મજૂરી સસ્તી હોય તે મજૂર ક્યારેય ભૂખ્યો ન રહે. કારણ કે તેને કામ મળી જ જાય છે. સસ્તો મજૂર હંમેશાં સમય વરતીને કામ સ્વીકારી લે છે. લો, એ મતલબની પણ એક ચોવક છેઃ **''સમય વરતે સાવધાન''**. એવું ગુજરાતીમાં પણ કહેવાતું હોય છે. શબ્દાર્થ સરળ છે, જાણે ગુજરાતી શબ્દોજ વાંચીએં છીએં! પણ ચોવકનો ભાવાર્થ એવો થાય છે કે, સમય પારખીને વ્યવહાર કરવો જોઈએ!

સામાન્ય રીતે આપણે સમાજમાં મિત્રતા બાંધતી વખતે કે કોઈ સંબંધ બાંધતી વખતે સામી વ્યક્તિ સજ્જનતા કરતાં આર્થિક તાકાતને વધારે પસંદ કરતા હોઈએ છીએં! ખરુંને? પરંતુ સમજદારી એ છે કે, આર્થિક તાકાત જોવા કરતાં વ્યક્તિની સજ્જનતાનો ગુણ ધ્યાનમાં લેવો જોઈએ. ચોવક કહે છે કે, **''સજણેં જી સોડ઼ ખાસી''** શબ્દનો અર્થ થાય છેઃ 'સજણેં જી' (આ બે શબ્દોનો સમૂહ છે)નો અર્થ થાય છે, સજ્જનની. સજ્જન શબ્દની સાથે એ શબ્દ સમૂહને કચ્છીમાં વળી 'સાલખ' શબ્દથી મૂલવવામાં આવે છે. 'સાલખ' શબ્દનો અર્થ થાય છેઃ સાક્ષર, જ્ઞાની કે કવિ. 'સોડ઼' શબ્દનો અર્થ થાય છેઃ સહવાસ. 'ખાસી' એટલે સારી. ભાવાર્થ એવો થાય છે કે, સજ્જનનો સહવાસ હંમેશાં સારો! સમાજમાં એવા માણસોનું માન અદકેરું હોય છે.

## કવર સ્ટોરી (સાતમાં પાનાનું ચાલુ)

ડીકાર્બોનાઇઝેશનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. ગ્રીન એમોનિયાનો ગરમી અને વીજળી ઉત્પન્ન કરવા માટે બોઈલર, ટર્બાઈન અથવા એન્જિનમાં બળતણ તરીકે ઉપયોગ કરી શકાય છે, જે ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો કરે છે.

વર્ષ ૨૦૨૧માં, ગ્રીન એમોનિયાનું માર્કેટ અંદાજે ૧૬.૮ મિલિયન ડોલર (એટલે કે અંદાજે ૧૩૯ કરોડ રૂપિયા)નું હતું. આ માર્કેટ ૯૦.૪ ટકાના વાર્ષિક દરે વધવાનું અનુમાન છે, જે વર્ષ ૨૦૩૦ સુધી લગભગ ૪.૮ અબજ (અંદાજે ૪૦,૦૦૦ કરોડ રૂપિયા) ડૉલર સુધી પહોંચી જશે.

દેશમાં સતત વધતી ખાદ્યપદાર્થોની અને ખાતરની માગ વચ્ચે વર્ષ ૨૦૨૩ દરમિયાન દેશનું એમોનિયા માર્કેટનું વોલ્યૂમ ૧૮.૨૯ મિલિયન મેટ્રિક ટન નોંધાયું હતું. દેશનું એમોનિયા માર્કેટ વર્ષ ૨૦૨૪-૨૦૩૨ સુધીમાં ૮.૨ ટકાના એકત્રિત વાર્ષિક વિકાસ દરે વધીને વર્ષ ૨૦૩૨ સુધીમાં ૩૭.૧૭ મિલિયન મેટ્રિક ટન સુધી પહોંચવાનું અનુમાન છે.

એમોનિયા અથવા એનએચ-થ્રી, નાઇટ્રોજન અને હાઇડ્રોજનનું સંયોજન છે. ધરતી પર આ બંને વિપુલ માત્રામાં મળી આવે છે. એમોનિયા બનાવવા માટે હવે વિન્ડ, સોલર અને હાઇડ્રો પાવરનો ઉપયોગ કરવામાં આવે છે. અનેક કંપનીઓ જૂની ટેકનિકની તુલનામાં અનેકગણા ઓછા સમયમાં અનેકગણા વધુ એમોનિયાનું ઉત્પાદન કરવા માટે પ્રયોગ કરી રહી છે.

વર્ષ ૨૦૨૩માં વિશ્વભરમાં અંદાજે ૧૫ કરોડ ટન એમોનિયાનું ઉત્પાદન થયું હતું. સૌથી વધુ અંદાજે ૪.૩ કરોડ ટન ઉત્પાદન ચીનમાં થયું હતું. ભારતમાં અંદાજે ૧.૯ કરોડ ટનનું ઉત્પાદન થયું હતું. ખાતર ઉપરાંત એમોનિયાનો ઉપયોગ રિફ્રેજરેન્ટ ગેસના રૂપમાં, પાણીના શુદ્ધિકરણ માટે અને પ્લાસ્ટિક, વિસ્ફોટક, કપડાં, કીટનાશક, રંગ અને અન્ય રસાયણોના ઉત્પાદન માટે પણ કરવામાં આવે છે. તેનો ઉપયોગ અનેક ઘરેલુ અને ઔદ્યોગિક ક્લિનિંગ પ્રોડક્ટ્સમાં પણ કરવામાં આવે છે.

## પ્રાસંગિક (સાતમાં પાનાનું ચાલુ)

બંધ કરવા માંડ્યા છે. 'બીબી'એ કુણા પડીને ઈજિપ્તમાં હમાસ સાથેની શાંતિ વાટાઘાટોમાં ભાગ લેવાની તૈયારી દાખવી છે. હમાસ કહે છે કે ઈઝરાયલે સંપૂર્ણ યુદ્ધવિરામ માટે હા પાડવી જોઈએ અને સાત ઓક્ટોબર પછી કબજે કરેલા વિસ્તારો ખાલી કરવા જોઈએ. સામે 'બીબી' એ તો એવી જાહેરાત કરી છે કે હમાસ સાથેના યુદ્ધમાં એ વિજયથી એક પગથિયું જ દૂર છે. ઈઝરાયલમાં વડા પ્રધાન નેતન્યાહૂ વિરુદ્ધ દેખાવો થઈ રહ્યા છે. દેખાવકારો કહે છે કે ઈઝરાયલ છ મહિના ચાલેલા જંગ પછી પણ હમાસે બંદી બનાવીને રાખેલા ૧૩૦ બાનોને છોડાવામાં વિફળ રહ્યું છે. ઈઝરાયલ અને અમેરિકાએ તેના લશ્કરને ઈરાનની ધમકીને પગલે સાબદા કર્યા છે.

સો વાતની એક વાત એ છે કે અમેરિકા માટે ઈઝરાયલ વ્યૂહાત્મક લાયેબિલિટી બનતું જાય છે. ઈઝરાયલ ભુખમરો વેઠી રહેલા પેલેસ્ટાઈનવાસીઓને સહાય મોકલવાની છૂટ પણ આપતું નથી. આને લીધે દુનિયાની નજરે અમેરિકાએ પણ પીછેહટ કરવી પડી છે. એડ વકર્સ પરના હુમલાએ તો અમેરિકાને બેઆબરૂ કરી નાખ્યું છે. અમેરિકા વીટો પાવરનો ઉપયોગ કરીને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ઈઝરાયલને બચાવતું આવ્યું છે. જો કે આની ભારે કિંમત બાઈડેનને એમના હરીફ ટ્રમ્પ સામેના જંગમાં ભોગવવી પડશે. બાઈડેનનું નવું રેટિંગ નીચે જઈ રહ્યું છે. રશિયા સામે યુક્રેન ગમે ત્યારે ઘૂંટણીયા ટેકવી દે એવી પરિસ્થિતિ છે. બાઈડેન યુક્રેનને સહાય પેકેજ આપવા માગતા હતા, પરંતુ સંસદે એ અટકાવી દીધું છે. ટ્રમ્પ તો યુક્રેનને કોઈ પણ પ્રકારની સહાય કરવાનો વિરોધ કરી રહ્યા છે.

બીજી તરફ, ઈરાનને રશિયા અને ચીનનો ટેકો છે. ઈરાનના કહેવાથી હૂતી અને હિઝબુલ્લાએ અમેરિકા અને ઈઝરાયલ વગેરેના હિતો પર હુમલો વધારી દીધા છે. ઇઝરાયલ પર લગામ ન તાણવાની અમેરિકાની હિમાલય જેવડી મોટી બ્લન્ડર તેના સુપરપાવર મોભાને જોખમમાં મૂકશે અને પૃથ્વીને ત્રીજા વિશ્વયુદ્ધની સમીપ ધકેલશે....

## ગુજરાત ડાયરી (સાતમાં પાનાનું ચાલુ)

આપેલી ટિકિટ પણ રદ્દ કરવી પડી. એ ટિકિટ રદ્દ થયા પછી ભીખુજીના ટેકેદારોએ પણ દેખાવો કર્યા. ભીખાજી ઠાકોરની જગ્યાએ કૉંગ્રેસમાંથી આવેલા શોભના બારૈયાને ટિકિટ અપાતા મેઘરજ ગામ સજ્જડ બંધ રખાયું.

ભીખાજીને જ્યારે પુછાયું કે શોભનાબેન કેટલી લીડથી જીતશે? ત્યારે ભીખાજીએ 'જવાબ નથી આપવો' એમ તોછડાઈથી કહીને નીકળી ગયાં.રાજકોટમાં લોકસભાના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામેનો ક્ષત્રિય સમાજનો રોષ ઓછો થવાનું નામ નથી લેતો બીજી બાજુ વલસાડના લોકસભાના ભા.જ.પ.ના ઉમેદવાર ધવલ પટેલ સામે પોસ્ટર યુદ્ધ અને લેટર વોર શરૂ થઈ ગયું છે.આવું બધુ કૉંગ્રેસમાં બનતું પણ ભા.જ.પ.માટે આ બધું નવું છે.આ બધી ઘટનાઓનું વિશ્લેષણ કરવામાં આવે તો એવું તારણ નીકળે છે કે (૧):- ભા.જ.પ.માં જે ભરતી મેળો શરૂ થયો છે તેનાથી પક્ષમાં જે નારાજગી પ્રવર્તે છે તેની આ આડ અસર છે(૨):- આ બનાવો સૂચવે છે કે પક્ષની શિસ્તમાં પાતળી તડ પડવાની શરૂઆત થઈ ગઈ છે(૩):- પક્ષમાં પાટિલ અંગે પણ છુપો ગણગણાટ ચાલી રહ્યો છે (૪):-પક્ષના નિષ્ઠાવાન, સમર્પિત કાર્યકરોને હાંસિયામાં ધકેલી દેવાયા છે તે અંગે પણ પૂરતો અસંતોષ પ્રવર્તે છે. (૫):-દૂરથી એવું પણ દેખાય છે કે સર્વોચ્ચ મોવડીઓનો ડર પણ ધીમે, ધીમે, સંભવતઃ ઓગળવા માંડ્યો છે.

### વાહનવ્યવહાર મંત્રી તરીકે હર્ષ સંઘવીએ ગુજરાત એસ.ટી.માં નવા પ્રાણ ફૂંક્યા છે

ગુજરાત રાજ્ય સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના(જેને લોકો એસ.ટી.ના ટૂંકા લોકપ્રિય નામે ઓળખે છે)ચેરમેન તરીકે ૧૯૬૦ થી ૧૯૭૦ના દસકામાં એકવાર જામનગરના કે.પી.શાહ નામના એક બાહોશ વણિક નેતાને નીમવામાં આવ્યા હતા.આ કે.પી.શાહના સત્તા કાળમાં એસ.ટી.નફો કરતી થઈ ગઈ હતી અને કર્મચારીઓને બોનસ પણ અપાતું હતું.એ પછી ૧૯૯૦થી એસ.ટી.ના વળતા પાણી શરૂ થયા પણ હમણાંથી એસ.ટી.નો વહીવટ પાછો એક જૈન વણિક નેતા એવા વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવી પાસે આવ્યો છે ત્યારથી ગુજરાત એસ.ટી.માં નવા પ્રાણ ફૂંકાયા છે. એવું દેખાય છે કે હર્ષ સંઘવી ગૃહ વિભાગમાં આપે છે એટલું જ ધ્યાન એસ.ટી.તંત્રને સુધારવા, વિકસાવવા માટે પણ આપે છે. એનો પુરાવો એ છે કે (૧) છેલ્લા ૧૪ મહિનામાં રૂ.૫૨૫ કરોડનાં ખર્ચે વિવિધ પ્રકારની ૧૫૭૧નવી બસો લોકોની સેવામાં મુકવામાં આવી છે (૨) અગાઉ દરરોજ ૨૫ લાખ મુસાફરો એસ.ટી.માં મુસાફરી કરતા હતા હવે એ સંખ્યા ૨૭ લાખ પર પહોંચી ગઈ છે (૩) ગત દિવાળીનાં તહેવારોમાં ૧.૩૨ લાખ લોકોએ એક જ દિવસમાં ઓન લાઈન બુકિંગ કરાવી એસ.ટી.માં મુસાફરી કરી હતી. (૪) અમદાવાદમાં ઓટોમેટિક ટિકિટ મશીન પણ મુકાવ્યું છે અને (૫) અમદાવાદ- ગાંધીનગર વચ્ચેની શહેરી બસ સેવાનો લાભ છેલ્લા એક વર્ષમાં ૭૨,૬૯,૪૦૯ મુસાફરોએ લીધો છે જે સૂચવે છે કે લોકો એસ.ટી.ની સેવા લેવા તરફ વળ્યા છે અને એ માટે હર્ષ સંઘવી અભિનંદનના અધિકારી તો છે હોં!

### ગુજરાતના ક્ષત્રિય આંદોલનમાં બીજાં રાજ્યોના ક્ષત્રિય નેતાઓ કેમ જોડાઈ ગયા છે?

ગુજરાતના રાજકારણમાં પુરુષોત્તમ રૂપાલાની રાજકોટ ખાતેની લોકસભાની બેઠક પરની ઉમેદવારી વિરુદ્ધ ક્ષત્રિય સમાજ દ્વારા ચાલી રહેલા આંદોલનમાં એક નવું આશ્ચર્ય ઉમેરાયું છે અને એ આશ્ચર્ય એ છે કે બીજાં રાજ્યોના રાજપુત નેતાઓ આ આંદોલનનું નેતૃત્વ કરવા આવી પહોંચ્યા છે. આમાં કરણી સેનાનાં રાજ શેખાવત, શેરસિંહ રાણા, મહિપાલસિંહ મકરાણા વગેરેનો સમાવેશ થાય છે.

આ તમામ આયાતી નેતાઓને નિમંત્રિત કરીને બોલાવાયા છે કે તે બધાં 'માન ન માન મૈં તેરા મહેમાન'ની કહેવત અનુસાર પરાણે માથે પડ્યા છે. અલબત, સ્થાનિક ક્ષત્રિય આગેવાન અને આ આંદોલન સાથે સક્રિય રીતે સંકળાયેલા યુવા નેતા યુવરાજ સિંહ જાડેજા(ગોંડલ) જે રીતે આ બહારનાં નેતાઓનો પ્રચાર કરે છે એ જોતાં આ નેતાઓ સ્થાનિક નેતાઓનાં નિમંત્રણથી પણ કદાચ આવ્યા હોય એવું બને, પરંતુ અહીં સવાલ એ ઊભો થાય છે કે ગુજરાતનાં ક્ષત્રિયોને આંદોલન ચલાવવા માટે બીજાં રાજ્યોના નેતાઓની શું જરૂર પડી? આ અંગે એવું કહેવાય છે કે આંદોલન લાંબું ચલાવવાનું થાય તો તે માટે આર્થિક આયોજન પણ કરવું પડે અને એ માટે સમગ્ર રાષ્ટ્રનાં ક્ષત્રિયોની સહાય મળી રહે તે માટે તેમજ ગુજરાત નેતા દ્વારા ક્ષત્રિયો માટે કેવું અયોગ્ય બોલાયું છે તેનાં પ્રચાર-પ્રસાર માટે આ આંદોલનમાં બીજાં રાજ્યોના રાજપુત નેતાઓનો પ્રવેશ થયો છે. આ વાત જો સાચી છે કે ખોટી એ સંશોધનનો વિષય છે, પરંતુ બીજાં રાજ્યોના ક્ષત્રિય આગેવાનોની ઉપસ્થિતિથી આંદોલનને નુકસાન તો નહીં થાયને?એવી ભીતિ ગુજરાતનાં રાજકીય નિરીક્ષકો સેવી રહ્યાં છે હોં!

### ગુજરાતમાં ભા.જ.પ.ના હાલના ઉમેદવારો હવે નહીં બદલાય એ નિશ્ચિત થઈ ગયું છે.

ડિસેમ્બર-૨૦૨૨માં ગુજરાતમાં ભા.જ.પ.એ વિધાનસભામાં ૧૫૬ બેઠકો મેળવીને ગુજરાતના રાજકારણમાં ભારે છાકો પાડી દીધો હતો.પરંતુ ત્યારબાદ માત્ર ૧૫ મહિનાના ટૂંકા સમયગાળામાં જ ગુજરાતમાં પક્ષમાં ખુલ્લો વિરોધ થશે તેવી તો કોઈએ કલ્પના પણ નહોતી કરી. આનો પ્રારંભ વડોદરાના પૂર્વ મેયર અને રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપાધ્યક્ષ જ્યોતિ પંડ્યાએ કર્યો.તમામ પ્રકારનું રાજકીય નુકસાન વ્હોરી લેવાની તૈયારી સાથે રંજન ભટ્ટને વડોદરા લોકસભાની ચૂંટણી માટે સતત ત્રીજી વખત અપાયેલી ટિકિટનો છડેચોક વિરોધ કરીને તેઓએ બળવાનું રણશિંગું ફૂંક્યું.એ પછી વડોદરાનાં ધારાસભ્ય કેતન ઈનામદારે રાજીનામું આપવાનું નાટક કરીને 'બળતામાં ઘી હોમ્યું.' અહીં એ પણ નોંધવું પડશે કે જ્યોતિ પંડ્યાની રાજકીય શહીદી એળે નથી ગઈ.ભા.જ.પ.એ વડોદરામાં પોતાના ઉમેદવાર બદલવા જ પડ્યા છે.એ રીતે જ સાબરકાંઠાની લોકસભાની બેઠક માટે પસંદ કરેલા ઉમેદવાર ભીખુજીની અટક ઠાકોર છે કે ડામોર છે? એ અંગે વિવાદ સર્જાયો અને ભીખુજીને આપેલી ટિકિટ પણ રદ્દ કરવી પડી.એ ટિકિટ રદ્દ થયા પછી ભીખુજીના ટેકેદારોએ પણ દેખાવો કર્યા.ભીખાજી ઠાકોરની જગ્યાએ કોંગ્રેસમાંથી આવેલા શોભના બારૈયાને ટિકિટ અપાતા મેઘરજ ગામ સજ્જડ બંધ રખાયું. ભીખાજીને જ્યારે પૂછાયું કે શોભનાબેન કેટલી લીડથી જીતશે? ત્યારે ભીખાજીએ 'જવાબ નથી આપવો' એમ તોછડાઈથી કહીને નીકળી ગયાં.રાજકોટમાં લોકસભાના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામેનો ક્ષત્રિય સમાજનો રોષ ઓછું થવાનું નામ નથી લેતો અને તેના કારણે રૂપાલાને બદલવા પડે એ કક્ષાની સ્થિતિનું નિર્માણ થયું થયું.બીજી બાજુ વલસાડના લોકસભાના ભા.જ.પ.ના ઉમેદવાર ધવલ પટેલ સામે પોસ્ટર યુદ્ધ અને લેટર યુદ્ધ પણ છેડાયુ.પરંતુ આજે આ લખાય છે ત્યારે સ્થિતિ એવી છે કે ભા.જ.પ. કોઈ બળવાખોરોને નમતુ આપવા તૈયાર નથી અને મક્કમતાથી દરેક પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર છે.એવું લાગે છે કે ગઈકાલે ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હી જઈને તથા વડાપ્રધાનને મળીને આવ્યા એ પછી આ સ્થિતિનું નિર્માણ થયું છે.જે સૂચવે છે કે ભા.જ.પ.નુ મોવડી મંડળ ગુજરાત માટે શું વિચારે છે!

# ઇન્ટરવલ

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## શું ઇંધણ ક્ષેત્રે એમોનિયા આધિપત્ય મેળવશે?

### ગ્રીન એમોનિયાની માર્કેટ રૂ. ૪૦,૦૦૦ કરોડને આંબી જશે!



વિશ્વભરમાં હવે પર્યાવરણ અંગે સજાગતા વધી રહી છે અને પર્યાવરણને સૌથી વધુ નુકસાન ઇંધણને કારણે થતું હોય છે. અર્થતંત્રને આગળ ધપાવવા માટે ઔદ્યોગિક પ્રગતિ પણ અનિવાર્ય છે અને તેને માટે ઇંધણનો ઉપયોગ પણ વધતો રહે છે. હવે આ પરિસ્થિતિમાં સંતુલન માટે શું કરવું? આ કોયડાનો ઉકેલ શું? વૈજ્ઞાનિકો આ પ્રશ્નનો જવાબ શોધવા સતત સંશોધન કરતા રહે છે અને આવા જ સંશોધનમાં ઉકેલરૂપે એક જવાબ જડ્યો છે, ગ્રીન એમોનિયા!

લગભગ એકાદ દાયકા કે તેથી વધુ સમય પહેલાં એવું લાગતું હતું કે હવે હાઇડ્રોજન ઇકોનોમીનો સમય આવી ગયો છે. પરંતુ જ્યારે વિશ્વના ઇજનેરોએ પુનઃપ્રાપ્ય પદાર્થોના વિશાળ પુરવઠાનો ઉપયોગ કરીને હાઇડ્રોજનનું અગાઉ ક્યારેય કલ્પ્યુ ના હોય એવા જથ્થામાં ઉત્પાદન કરી તેનું વિશ્વભરમાં સુરક્ષિત રીતે પરિવહન કઇ રીતે કરવું, એના પર વિચાર મંથન કર્યું ત્યારે તેમણે વિવિધ કારણોસર એક ભયાવહ સંભાવના જોઈ!

હાઇડ્રોજન પરિવહન માટે હાલના બલ્ક કેરિઅર્સ અને પાઇપલાઇન્સનો ઉપયોગ કરવામાં મુશ્કેલીઓ તેમજ પરિવહન કેન્દ્રોમાં હાઇડ્રોજનના મોટા પ્રમાણમાં સંગ્રહ કરવાની આવશ્યકતાની સલામતી પાસાંઓનો વિચાર કરતા આ સંશોધકોએ જાણે મિશન ઇમ્પોસિબલની લાગણી અનુભવી!

સંશોધન ટીમે આ પછી જે હાઇડ્રોજનનું વહન કરી શકે એવા વૈકલ્પિક, સંયોજનો શોધવાની દિશામાં કામ આગળ વધાર્યું અને તેમણે અત્યંત દૂરના અંતર સુધી મોટા પ્રમાણમાં પરિવહન માટે સલામત અને વધુ સરળ માધ્યમ તરીકે એમોનિયા પર કળશ ઢોળ્યો.

એમોનિયા એક નાઇટ્રોજન અણુ અને ત્રણ હાઇડ્રોજન અણુનું સંયોજન છે. હાઇડ્રોજન વાહક તરીકે ઉપયોગ કરવાની શક્યતાને ટેક્નોલોજીને આધારે ચકાસવામાં આવી હતી, જેમાં તેના ઉપયોગના સમયે એમોનિયાના પરમાણુને તેના ઘટકોમાં આવશ્યકતા મુજબ વિભાજિત કરી શકાય છે. હાઇડ્રોજન સામે એમોનિયાના લાભમાં તેની હેન્ડલિંગ અને બલ્કમાં પરિવહનની સરળતા સામેલ છે. એમોનિયા ખસેડવા માટેની સિસ્ટમો સારી રીતે સ્થાપિત છે. ઊર્જા-આયાત કરનારા દેશોમાં, જાપાન ખાસ કરીને તેના ઊર્જા મિશ્રણના ભાગરૂપે એમોનિયા જેવા હાઇડ્રોજન વાહક માટે તેની પસંદગી વિશે સ્પષ્ટ છે.

હવે ઉપયોગ વિશે જોઇએ તો, વિશ્વભરના કારખાનામાં ઉત્પાદન કરાતા ૮૦ ટકાથી વધુ એમોનિયાનો ખાતર બનાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. ૧૯મી સદી પહેલા યુરોપિયન લોકો પક્ષીઓના ચરકમાંથી ખાતર બનાવતા હતા, કારણ કે પક્ષીઓના ચરકમાં મોટી માત્રામાં એમોનિયા હોય છે. ત્યારબાદ ૧,૯૦૦ના દાયકાની શરૂઆતમાં જર્મન રસાયણશાસ્ત્રી ફ્રિટ્ઝ હેબરે કાર્લ બોશની સાથે મળીને એમોનિયા બનાવવામાં હેબર-બોશ પ્રક્રિયા વિકસિત કરી હતી.

આપણે ૧૦૦થી વધુ વર્ષોથી એમોનિયા બનાવવા માટે એ જ ટેકનિક પર નિર્ભર છીએ. એમોનિયા અને હેબર બોશ ટેકનિકનું આપણા જીવનમાં કેટલું વધારે મહત્વ છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે વૈજ્ઞાનિકો માને છે કે જો એમોનિયા અને તેને ઉત્પન્ન કરવાનું આ તંત્રજ્ઞાન ના હોત તો વિશ્વની વસતિ આજની તુલનામાં માત્ર અડધી હોત!

છોડના વિકાસ માટે એમોનિયા ફર્ટિલાઇઝર ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ હેબર વોશ ટેકનિકમાં મોટા પાયે જીવાશ્મ ઇંધણનો ઉપયોગ થાય છે. વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જનમાં એમોનિયાના ઉત્પાદનનું બે ટકા જેટલું યોગદાન છે. હવે અનેક કંપનીઓ જીવાશ્મ ઇંધણ (ફોસ્સીલ ફયુઅલ)ના ઉપયોગ વગર ગ્રીન એમોનિયા બનાવવાની દિશામાં ઝડપભેર કામ કરી રહી છે.

ગ્રીન એમોનિયાનો અન્ય સંભવિત નવો ઉપયોગ જહાજો માટે બળતણ તરીકે છે અને તે દરિયાઈ ક્ષેત્રના

(જુઓ પાનું ૬) ▸▸

ગુજરાત ડાયરી
મનોજ મ. શુકલ
feedback@bombaysamachar.com

## વિસનગરમાં સરદાર કરતાં રાષ્ટ્રીય બજરંગ વધુ મહાન છે?



વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના પનોતા પુત્ર અને રાષ્ટ્રના સરદાર વલ્લભભાઈ પટેલને વિશ્વભરમાં પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત કરવા માટે તેમનું જગતમાં સૌથી ઊંચું બાવલું ગુજરાતમાં કેવડિયા કોલોની ખાતે મુક્યું.નરેન્દ્ર મોદીની આ ભાવના વિસનગરના બજરંગ દળ સુધી પહોંચી નથી એવું લાગે છે. તેનું કારણ એ છે કે મહેસાણા જિલ્લાના વિસનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલનું પૂતળું જ્યાં મુકવામાં આવ્યું છે તે સ્થળે સ્થાનિક બજરંગ દળે સરદારને ઢાંકી દે એવડું મોટું બોર્ડ સંસ્થાની પ્રસિદ્ધિ માટે મુકી દીધું છે! (તસ્વીરમાં જોઈ શકાય છે) પત્રકારત્વના શિક્ષણ સાથે સંકળાયેલા પ્રા.હરિ દેસાઈએ સોશિયલ મીડિયાના માધ્યમથી આ દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિ અંગે અવાજ ઉઠાવીને ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલને એવો સવાલ પૂછ્યો છે કે ''વિસનગરમાં સરદારસાહેબનું આ માન ગણાય કે અપમાન ગણાય?'' અહીં સવાલ એ પણ પેદા થાય કે વિસનગરમાં વસતાં પટેલ સમાજના કોઈ આગેવાનોનું પણ સરદારની આવી અપમાનજનક અવગણના તરફ ધ્યાન નહીં ગયું હોય? આ સૂચવે છે કે બજરંગ દળની વિસનગર શાખા પાસે ઠરેલ કે પરિપક્વ નેતૃત્વ નથી હોં!

## ગુજરાતમાં ભા.જ.પ.માં અત્યારે માહોલ સાવ જુદો ને આશ્ચર્યજનક બની ગયો છે



ડિસેમ્બર-૨૦૨૨માં ગુજરાતમાં ભા.જ.પ.એ વિધાનસભામાં ૧૫૬ બેઠકો મેળવીને ગુજરાતના રાજકારણમાં ભારે છાકો પાડી દીધો હતો, પરંતુ ત્યારબાદ માત્ર ૧૫ મહિનાના ટૂંકા સમયગાળામાં જ ગુજરાતમાં પક્ષમાં ખુલ્લો વિરોધ થશે તેવી તો કોઈએ કલ્પના પણ નહોતી કરી. આનો પ્રારંભ વડોદરાના પૂર્વ મેયર અને રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપાધ્યક્ષ જ્યોતિ પંડ્યાએ કર્યો. તમામ પ્રકારનું રાજકીય નુકસાન વ્હોરી લેવાની તૈયારી સાથે રંજન ભટ્ટને વડોદરા લોકસભાની ચૂંટણી માટે સતત ત્રીજી વખત અપાયેલી ટિકિટનો છડેચોક વિરોધ કરીને તેઓએ બળવાનું રણશિંગું ફૂંક્યું. એ પછી વડોદરાના ધારાસભ્ય કેતન ઈનામદારે રાજીનામું આપવાનું નાટક કરીને 'બળતામાં ઘી હોમ્યું.' અહીં એ પણ નોંધવું પડશે કે જ્યોતિ પંડ્યાની રાજકીય શહીદી એળે નથી ગઈ. ભા. જ.પ.એ વડોદરામાં પોતાના ઉમેદવાર બદલવા જ પડ્યા છે. એ રીતે જ સાબરકાંઠાની લોકસભાની બેઠક માટે પસંદ કરેલા ઉમેદવાર ભીખુજીની અટક ઠાકોર છે કે ડામોર છે? એ અંગે વિવાદ સર્જાયો અને ભીખુજીને

(જુઓ પાનું ૬) ▸▸

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## બંધ પડેલા મોબાઇલ ફોનની મદદથી કલ્પનાતિત કૌભાંડ



સાયબર ઠગોનું દિમાગ એવું ગજબનાક ચાલે છે કે કલ્પના સુધ્ધાં ન આવે. મોટા ભાગનાને થાય કે જૂના કે બંધ કરી દેવાયેલા મોબાઇલ ફોન વળી શું નુકસાન કરી શકે? સાવ એવું નથી.

લગભગ દોઢ-બે વર્ષ અગાઉ એક ગેંગ પકડાઇ હતી જે રેલવેની કન્ફર્મ ટિકિટને નામે કરોડોની, ગેરકાયદે, કમાણી કરતી હતી. અને ટિકિટ પણ પાછી આઇ.આર.સી.ટી.સી. (ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન)ની ઑફિશિયલ વેબસાઇટ પરથી મેળવાતી હતી. આ સાઇટ પર ઑનલાઇન બુકિંગ કરાવનારા જાણે છે કે એક જણને એક સમયે એક ટ્રેનની મર્યાદિત ટિકિટ જ મળી શકે. તો પછી કૌભાંડ આચરાયું કંઇ રીતે હશે?

રાજકોટની રેલવે પોલીસ ફોર્સે આ કૌભાંડને ઉઘાડું પાડયું. આ કૌભાંડ મુજબ આરોપીઓ જથ્થાબંધ ટિકિટ બુક કરાવવા માટે બંધ પડી ગયેલા મોબાઇલ ફોનનો ઉપયોગ અમુક સસ્તા સોફટવેરનો ઉપયોગ કરીને આઇ.આર.સી.ટી.સી.ના નિયમો-નિયંત્રણમાંથી છટકબારી મેળવી લેતા હતા.


બંધ કરી દેવાયેલા ફોનને ફરી સક્રિય કરીને અને અમુક સોફટવેરની મદદથી આ આવા મોબાઇલ સાધન અને એમાં નવું સિમ કાર્ડ નાખીને ઇ-મેલ એડ્રેસ બનાવે, યુઝર આઇડી પણ બનાવાય. પછી એક, હા. એક જ, કોમ્પ્યુટર પરથી અલગ-અલગ ઇ-મેલ આઇડી થકી ધડાધડ ટિકિટ બુક કરાવાય. આને લીધે અમુક સંખ્યામાં જ ટિકિટ બુક કરાવવાને નિયમને પણ ઘોળીને પી જવાય.

એમની પાસેના 'કોવિડ એક્સ,' એનએમએસ બૅન્ક અને બ્લેક ટાઇગર જેવા સોફટવેર થકી આઇઆરસીટીસી સાઇટના ઓટીપી અને કેપ્ચાના રક્ષણને ય ભેદી જતા હતા.

પોલીસે છ જણાની ધરપકડ કરીને ૫૦ સિમકાર્ડ, પાંચ લેપટોપ, એક હાર્ડ ડિસ્ક, સાત મોબાઇલ ફોન અને લાખો રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા. એ કહેવાની જરૂર નથી કે આ ગેંગ જથ્થાબંધ બુક કરાવેલી ટ્રેન ટિકિટ વધુ ભાવે અન્યને વેચી દેતા હતા. પોલીસે એ ગેંગ સાથે સંકળાયેલા શખસોની મુંબઇ, વાપી, વલસાડ અને છેક સુલ્તાનપુર (ઉત્તર પ્રદેશ)થી ધરપકડ કરી હતી.

આમાંના એક આરોપીએ તો ખોટા દસ્તાવેજની મદદથી ઇન્સ્ટ્રાગ્રામ પર બનાવટી એકાઉન્ટ ખોલાવ્યું હતું. આ ખાતા દ્વારા જ તે બધા જ સાથે મેસેજની આપ-લે કરતો હતો.

આઘાતજનક વાત એ બહાર આવી કે આવું ભયંકર રેકેટ મહારાષ્ટ્ર અને ગુજરાત ઉપરાંત પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં ચાલતું હોવાનું પર્દાફાશ થયું હતું. ■




પ્રાસંગિક
અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ઈઝરાયલના અડપલાં ને ઈરાનની પ્રતિશોધ માટે પેરવી....

### આ જોખમી ખેલ કયાંક ત્રીજા વિશ્વયુદ્ધ તરફ તો નહીં ધકેલેને?



બેકાબૂ બનેલા ઈઝરાયલે અમેરિકા માટે ઘણી મુશ્કેલીઓ- ધર્મસંકટ ઊભાં કર્યાં છે. પોતાની ગાદી ટકાવી રાખવા અમેરિકાના પ્રમુખ જો બાઈડેનને સામાન્ય ચૂંટણીમાં ગાદી છોડવી પડે એવી લાચાર સ્થિતિમાં મૂકી દીધા છે. પેલેસ્ટાઈન અને સીરિયા પર ઈઝરાયલના નિરંકુશ હુમલાને લીધે સુપરપાવર અમેરિકાની માનહાનિ થઈ છે અને આખા વિશ્વમાંથી ફટકારનો સામનો કરવો પડી રહ્યો છે. હમાસ સાથે યુદ્ધ ચાલુ છે ત્યારે ઈઝરાયલે આ રીતે ઈરાનને છંછેડીને એક નવો મોરચો ખોલ્યો છે. ઈઝરાયલની બે અવળચંડાઈ એ અમેરિકા માટે મોટું શિરદર્દ ઊભું કર્યું છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને છ મહિના થઈ ગયા છે. ઈઝરાયલના અવિચારી હુમલાને લીધે અત્યાર સુધી પેલેસ્ટાઈનના ૩૩,૦૦૦ લોકો મરણ પામ્યા છે. એમાં ૨૦,૦૦૦થી વધારે મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે.

ઈઝરાયલના તાજેતરના કાતિલ હુમલા દરમિયાન ગાઝામાં સેવાભાવી સંસ્થા- એનજીઓ 'વર્લ્ડ સેન્ટ્રલ કિચન'ના સાત સમાજસેવકો માર્યા ગયા. આ હુમલો આકસ્મિક નહીં, પરંતુ જાણીબુઝીને કરવામાં આવ્યો હોય એવું લાગે છે. મળતા હેવાલ મુજબ - રાહત ટુકડી મધ્ય ગાઝાના દૈર-અલ- બલાહના ગોદામમાં ૧૦૦ ટન અનાજ આપીને શાંત જાહેર કરાયેલા ઝોનમાં પસાર થઈ રહી હતી ત્યારે આ હુમલો થયો. બે બખતરીયા અને એક સાદી ગાડીની હિલચાલની માહિતી ઈઝરાયલ લશ્કરને અગાઉથી જ આપવામાં આવી હતી તેમ છતાં ઈઝરાયલે ડ્રોનમાંથી મિસાઈલ છોડીને ત્રણેય વાહનોના ફુરચા બોલાવી દીધા. માર્યા ગયેલા સાત મદદનીશમાં પોલેન્ડ, ઈંગ્લેન્ડ, અમેરિકા અને કેનેડાના નાગરિકોનો સમાવેશ થાય છે. આ હુમલાથી આખા વિશ્વમાં ઈઝરાયલ પ્રત્યે રોષ ફેલાઈ ગયો છે.. સંયુક્ત રાષ્ટ્રસંઘની હ્યુમન રાઇટ્સ કાઉન્સિલે' ઠરાવ મંજૂર કરીને ઈઝરાયલેને યુદ્ધ અને માનવતા વિહોણા ગુના માટે દોષિત ઠરાવવાની માગણી કરી હતી. ૨૮ સભ્યોએ તરફેણમાં અને છ સભ્યોએ વિરોધમાં મતદાન કર્યું હતું. આ હુમલા બાદ પ્રમુખ બાઈડેને ઈઝરાયલના વડા પ્રધાન 'બીબી' ઉર્ફે નેતાન્યાહૂને સાફ શબ્દોમાં કહી દીધું કે જો ઈઝરાયલ ગાઝા પટ્ટીની માનવ કટોકટીને દૂર કરવા નક્કર પગલાં નહીં લે તો અમેરિકા તેને અપાતી સહાય બંધ કરી દેશે....હમાસ સાથેના યુદ્ધમાં પણ ૨૦૦થી વધારે એડ વર્કર્સ (મદદ કરનારા સમાજસેવકો) માર્યા ગયા છે. આખા વિશ્વના દબાણ પછી ઈઝરાયલે સ્વીકાર્યું છે કે 'આ અમારી ભૂલ છે...' ઈઝરાયલે આ 'ભૂલ' બદલ બે લશ્કરી અધિકારીને સસ્પેન્ડ કર્યા છે, પરંતુ સંતપ્ત વિશ્વે આ બનાવની સ્વતંત્ર તપાસની માગણી કરી છે.

અમેરિકાની ધમકી પછી ઈઝરાયલે ઉત્તર ગાઝાની ઇરેઝ ક્રોસિંગ ખોલવાની અને દક્ષિણ ઈઝરાયલના એશદોદ બંદરનો માનવ સહાય માટે ઉપયોગ કરવાનું ગાજર દેખાડ્યું છે. અમેરિકાનાં ભૂતપૂર્વ સ્પીકર નેન્સી પોલોસી સહિત ડેમોક્રેટિક પાર્ટીના ૩૦ સાંસદોએ ઈઝરાયલને હથિયારો આપવાનું બંધ કરવાનો પ્રમુખ બાઈડેનને અનુરોધ કર્યો છે. કેનેડા, નેધરલેન્ડ, જપાન, સ્પેન અને બેલ્જિયમે ઈઝરાયલને હથિયારો આપવાનું બંધ કર્યું છે. ઇંગ્લેન્ડમાં પણ વિરોધ પક્ષો અને અમુક સાંસદોએ ઈઝરાયલને હથિયારો આપવાનું બંધ કરવાનો વડા પ્રધાન ઋષિ સુનકને અનુરોધ કર્યો છે.

આમ છતાં, અમેરિકા અને યુરોપના અમુક દેશો હજી ઈઝરાયલને કાતિલ હથિયાર આપવાનું ચાલુ રાખ્યું છે.



### યુદ્ધ બની રહ્યું છે વિકરાળ....

'મુંબઈ સમાચાર'ના ૧૦ જાન્યુઆરીની 'પ્રાસંગિક' કોલમમાં અમે પ્રગટ કર્યું હતું કે ઈઝરાયલ પર લગામ નહીં તાણે તો હમાસ સામેનું યુદ્ધ વિકરાળ બનશે : 'નેતન્યાહૂ સત્તા બચાવવાના મરણિયા પ્રયાસમાં અમેરિકાને ડુબાડશે' ... આવા મથાળાવાળા લેખમાં સ્પષ્ટ શબ્દોમાં લખાયું હતું કે ઈઝરાયલ અમેરિકાના કહ્યામાં રહ્યું નથી. યુદ્ધની તીવ્રતા, પરિમાણ અને વિસ્તાર વધતા જાય છે. અમુક નિષ્ણાતો કહે છે કે આ યુદ્ધમાં ભડકો થશે તો આ ત્રીજા વિશ્વયુદ્ધમાં પરિવર્તિત થશે. હમાસના ઈન્ટેલજિન્સ ફેલ્યોરના આરોપનો સામનો કરી રહેલા નેતન્યાહૂ માને છે કે યુદ્ધ જેટલું લંબાશે એટલી વધારે વાર તેમને સત્તામાં રહેવા મળશે. એમની આ આશા ઠગારી નિવડશે અને આમાં એ ડૂબશે અને સાથે અમેરિકા અને પ્રમુખ બાઈડેનને પણ ડુબાડશે. અહીં એ વાતની નોંધ લેવી ઘટે કે અમેરિકામાં આ વર્ષે પ્રમુખપદની ચૂંટણી છે અને બાઈડેનની લોકપ્રિયતા તળિયે જતી રહી છે....

ઈઝરાયલને મોટા ભાગના હથિયારો અમેરિકા આપે છે. અમેરિકાએ ઈઝરાયલને ૨૦૦૦ પાઉન્ડ બન્કર-બસ્ટર બોમ્બ આપ્યા છે. આ વર્ષે અમેરિકન કોંગ્રેસે ઈઝરાયલને ૧૪ અબજ ડોલરની સહાયનું પેકેજ મંજૂર કર્યું છે.

આ બધા વચ્ચે , ઈઝરાયલે કરેલી બીજી હરકત તો પહેલી કરતાં પણ અનેકગણી ખતરનાક છે. ઈઝરાયલે સીરિયાના દમાસ્કસમાં આવેલી ઈરાનના દૂતાવાસ પર હુમલો કરીને ઈરાનના મિડલ ઈસ્ટના ગુપ્ત ઓપરેશનના સાત અધિકારીઓને મારી નાખ્યા હતા. એ હુમલો એક વર્ષથી ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલતા શેડો વોરની પરાકાષ્ઠા છે. આ હુમલો ફાઈટર પ્લેન દ્વારા કરવામાં આવ્યો હતો. આ હુમલાથી ક્રોધે ભરાયેલા ઈરાને ધમકી આપી છે કે ઈઝરાયલનું કોઈ દૂતાલય હવે સલામત નથી. આનો અર્થ એ થયો કે અત્યાર સુધી અમેરિકા અને ઈઝરાયલ સાથે સીધી અથડામણ ટાળનાર ઈરાન હવે પ્રતિશોધની આગમાં કોઈ પણ લક્ષ્મણરેખા ઓળંગવા તૈયાર છે.

અમેરિકાને પણ ખાતરી છે કે ઈઝરાયલ પર પ્રતિ હુમલો કરવા ઈરાન તૈયાર છે. ઈરાન ક્રૂઝ મિસાઈલ અને ડ્રોન પ્લેન વડે હુમલો કરી શકે. આ હુમલો નજીકના ભવિષ્યમાં જ કરાશે. ઈરાન અમેરિકાના મિડલ ઈસ્ટના લશ્કરી મથકો પર હુમલો ન કરે એ માટે અમેરિકાએ એવો ખુલાસો કર્યો છે કે અમને ઈઝરાયલના હુમલાની આગોતરી જાણ નહોતી. ઈરાને અમેરિકાને પણ કહી દીધું છે કે એ ઈઝરાયલના વડા પ્રધાન 'બીબી'ના છટકામાં ફસાય ન જાય. ઈરાને અમેરિકાને ચોખ્ખું કહ્યું છે કે અમારી ઈઝરાયલ સાથેની લડાઈમાં અમેરિકા વચ્ચે ન પડે. સીરિયામાં ૯૦૦ જવાનો અને ઈરાકમાં ૨,૫૦૦ જવાનો અમેરિકા ધરાવે છે.

ઈરાનની ધમકીથી ઈઝરાયલ હચમચી ગયું તો લાગે છે. ઈઝરાયલે દક્ષિણ ગાઝામાંથી લશ્કરી દળો પાછા બોલાવવાનું શરૂ કર્યું છે. ઈઝરાયલે તેના રાજદૂતાલય

(જુઓ પાનું ૬) ▸▸

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પર્સ જોઈ પ્રેમ થાય, કાર્ડ લઈ શોપિંગ...



પ્રેમ વિશે કેવી અદ્દભુત કવિતા - શાયરી લખાતી હતી.... રાહત ઈંદૌરી સાહેબ લખી ગયા છે કે 'ઉસ કી યાદ આઈ હૈ સાંસો જરા આહિસ્તા ચલો, ધડકનોંસે ઈબાદત મેં ખલલ પડતા હૈ'. દિલ જોઈને થતો પ્રેમ હવે પર્સ (કેટલા પૈસા છે) જોઈને થાય છે. આજ કાલની પ્રેમ શાયરીનુંઉદાહરણ છે 'પૈસા હૈ તો પ્યાર હૈ ક્યોંકિ લડકિયોં કે સપને મેં રાજકુમાર આતે હૈં, મઝદૂર નહીં'. દીવા જેવી ચોખ્ખી વાત છે કે 'હની, વ્હેર ઈઝ ધ મની?' યુએસના લાસ વેગાસની ૩૨ વર્ષની ક્લોઈ એમર નામની યુવતી એવા લોકો સાથે જ અફેર કરે છે જેમની ઈન્કમ વર્ષેદહાડે ૧,૬૦,૦૦૦ પાઉન્ડ (આશરે ૧૬ કરોડ ૮૦ લાખ રૂપિયા) કરતાં વધારે હોય જેથી મેડમને અસલી હીરા તેમજ ડિઝાઈનર કપડાં ખરીદવામાં આસાની રહે. યુવતીની મુલાકાત ૭૦ વર્ષના 'કુબેર' મહાશય સાથે લાસ વેગાસની રેસ્ટોરાંમાં થઈ. ધનપતિનું તગડું પાકીટ જોઈ યુવતીને પ્રેમ થઈ ગયો અને મહાશય મિત્ર - બોયફ્રેન્ડ બની ગયા. 'હેલ્થ ઈઝ વેલ્થ' (આરોગ્ય એ જ સંપત્તિ છે) તો સમજ્યા, પણ 'વેલ્થ ઈઝ લવ' (સંપત્તિ જ સાચો પ્રેમ છે)માં શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવતી ક્લોઈ દોસ્તીના ત્રણ દિવસ પછી ડિઝાઈનર સ્ટોરોમાં ડાયમંડ રિંગ, અલાયદી જ્વેલરી, ડિઝાઇનર હેન્ડબેગ્સ, શૂઝ વગેરે વગેરેની ખરીદી કરી બોયફ્રેન્ડનું પાકીટ થોડું હળવું કરી આવી. ભારતીય મહિલા ગણ આશ્ચર્યમાં પડી જાય એવી વાત એ છે કે ક્લોઈને સોનામાં કે સોનાનાં આભૂષણોમાં કોઈ દિલચસ્પી નથી.

જો કે હવે પેલા 'કુબેર'કુમાર સાથે ક્લોઈનું બ્રેકઅપ થઈ ગયું છે. કારણમાં ૪૩ વર્ષની ઉંમરનો તફાવત નથી, પણ એ જ પ્રકારની ખરીદીથી અને સેમ ટુ સેમ ગિફ્ટ મેળવીને એ કંટાળી ગઈ છે. સોશિયલ મિડિયા પર ક્લોઈ મહિલાઓને 'વડીલ ધનપતિ' સાથે દોસ્તી કરવા સલાહ આપે છે અને આવી મૈત્રીને કારણે આર્થિક સધ્ધરતા અને ડહાપણના મળતા લાભ વિશે સમજાવે છે. દરમિયાન ક્લોઈ અત્યારે તો 'દિલ ઢૂંઢતા હૈ ફિર વહી તગડા પર્સ' ગણગણી રહી છે.

## તબડક તબડક, એ પકડા ગયા!



અશ્વ, ઘોડો, તોખાર, હય... નહીં વાગોળનાર ચોપગા પશુનું ઉદાહરણ છે. કસાયેલો બાંધો ધરાવતો અશ્વ સૌંદર્ય અને ઉત્સાહની મૂર્તિ ગણાય છે. આ અદ્ભુત એનિમલનો ઉપયોગ એક સમયે રણ મેદાનમાં થતો હતો. સદીઓ સુધી લગ્નપ્રસંગે થયો (હવે નજીવું પ્રમાણ છે), એને દોડાવી લોકોએ પૈસાની કમાણી સુધ્ધાં કરી અને ઓલિમ્પિક્સમાં તેમજ પોલો જેવા ખેલમાં પણ એની કમાલ જોવા મળે છે. 'તોખાર' નામનું નાટક પણ ભજવાય છે અને... આવા અનેક કરતબ ઘોડા સાથે જોડાયેલા છે. જો કે, યુએસએના ન્યૂ મેક્સિકો નામના રાજ્યમાં આ તબડક તબડક પ્રાણીએ એકવીસમી સદીમાં જે કમાલની કામગીરી કરી છે એ જાણ્યા પછી તમારી આંખો ફાટી જશે. ન્યૂ મેક્સિકો પર્વત વિસ્તારમાં આવેલું હોવાથી અહીંના પોલીસ સ્ટેશનમાં સુધ્ધાં ઈંધણથી ચાલતા વાહનને બદલે ખડ ખાઈ દોડતા અશ્વને પ્રાધાન્ય છે.

થયું એવું કે કોઈ એક દુકાનમાંથી ઉઠાઉગીર સામાન લઈને ભાગ્યો અને 'ચોર ચોર, પકડો પકડો'ની બૂમ પડતા જ નજીકમાં ઘોડા પર પહેરો ભરતા પોલીસ ઓફિસરે 'ચલ મેરે ચેતક' કહેતા અશ્વ હણહણતો દોડવા લાગ્યો. થોડી વારમાં અન્ય ઘોડેસવાર પોલીસ કર્મીઓના અશ્વો પણ સાબદા થઈ ગુનેગારને ઝબ્બે કરવા તબડતબડક કરી દોડવા લાગ્યા. ઘોડદોડ સામે માનવીની દોડ શું ચીજ છે અને ગણતરીની સેકંડોમાં ત્રણ અશ્વો વચ્ચે ચોરભાઈ ઘેરાઈ ગયા. અભિમન્યુ જેવી આવડત ન હોવાથી કોઠા પાર ન કરી શક્યો અને 'એ પકડા ગયા' જેવી હાલત થઈ. સમગ્ર ઘટના પોલીસ ઓફિસરના બોડીકેમમાં (કમરે વીંટાળેલો કેમેરા) કેદ થઈ છે અને અશ્વ તેમજ ઓફિસરને શાબાશી આપવામાં આવી છે.

## દીકરી તો આપણી થાપણ કહેવાય

'ચાલો, દીકરીના જન્મનો ઉત્સવ મનાવીએ. આપણને આપણી દીકરીઓ માટે દીકરા જેટલો જ ગર્વ હોવો જોઈએ. હું તમને વિનંતી કરું છું કે તમારે ત્યાં દીકરીનો જન્મ થાય ત્યારે એ પ્રસંગની ઉજવણી માટે પાંચ છોડ રોપજો.' વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આ શબ્દો સમાજ પરિવર્તનની શાખ પૂરનારા છે. અલબત્ત, મહિલા સશક્તિકરણની વાતો- ચર્ચા કરવી અને એના અમલની પહેલ કરવી એ બે બાબતમાં ઘણીવાર અંતર હોય છે. રાજસ્થાનમાં મહિલા સાક્ષરતા દર વર્ષોથી ઓછો રહ્યો છે, પણ તાજેતરનાં વર્ષોમાં 'બેટી પઢાઓ, બેટી બચાવો' જેવી ઝુંબેશને કારણે મા-બાપ 'દીકરી તો પારકી થાપણ કહેવાય'ની જૂની ભાવનાને 'દીકરી તો આપણી થાપણ કહેવાય' સ્વરૂપે સમજી રહ્યા છે. અજમેરમાં કાજલ યાદવ નામની નગરપાલિકાની મહિલા સભ્યએ પોતાની દીકરીના શાળાના પહેલા દિવસે ઘરથી સ્કૂલ સુધી શોભાયાત્રા કાઢી, જેમાં અન્ય પાલકની પુત્રીઓ પણ સામેલ થઈ. કાજલ જ્યાં કાઉન્સિલર છે તે વિસ્તાર આર્થિક તેમજ શૈક્ષણિક દ્રષ્ટિએ ઘણો પછાત છે. કન્યા કેળવણી વિશે બહુ જાગૃતિ નથી. આ પરિસ્થિતિમાં કાજલે લોકોમાં જાગરુકતા લાવવા 'બેન્ડ બાજા અને શિક્ષણ'નો કીમિયો અજમાવ્યો છે. આશા રાખીએ કે આ બેન્ડની ગૂંજ દૂર દૂર સુધી સંભળાય અને અનેક માતા પિતા પુત્રી શિક્ષણને પ્રાધાન્ય આપતા થાય.

## પંખીઓની મિમિક્રી આર્ટિસ્ટ



ખેતરમાં ફરતું અને ઘાસની ગંજીઓમાં નિવાસ કરતું લાવરી પંખી હોય છે તો માત્ર અડધો ફૂટ લાંબું, પણ કહે છે ને કે દિખાવે પે મત જાના. અંગ્રેજીમાં 'ટોનીલાર્ક' તરીકે ઓળખાતું આ પક્ષી આપણા પંજામાં સમાઈ શકે એવું હોય છે, પણ આ આવડું અમથું પંખી અન્ય પાંચ-પંદર નહીં, પણ ૩૪ પક્ષીઓના અવાજની નકલ કરી શકવાની ક્ષમતા ધરાવે છે. ગુજરાત, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર સહિત પશ્ચિમ અને મધ્ય ભારતમાં જોવા મળતું લાવરી ભરવાડ વગાડતો હોય એ સિસોટીનાં અવાજની પણ સુંદર નકલ કરી શકે છે. એટલે મજાકમાં લાવરી પંખીઓ 'મિમિક્રી આર્ટિસ્ટ' તરીકે ઓળખાય છે. માદાને આકર્ષવા માટે તેમ જ ભયસૂચક ચેતવણી આપવા માટે લાવરી પોતાની આ વિશિષ્ટ કળાનો ઉપયોગ કરે છે. ઝીણવટપૂર્વક કરવામાં આવેલા આ અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે લાવરી ૩૪ પંખીઓના સ્વરની એના અવાજની નકલ કરી શકે છે. ઓસ્ટ્રેલિયાનું સુપર્બ લાયરબર્ડ તરીકે ઓળખાતું પક્ષી તો મશીનથી ચાલતી કરવત (ચેઇન સો) અને કારના અલાર્મની નકલ કરવામાં પાવરધું હોય છે, બોલો...!

## માણસ એક.. બકરી છ



એકવીસમી સદીની 'શોલે'ની વાર્તામાં નઠારો માણસ ગબ્બર સિંહને બદલે જો ઈટલી માફિયા હોત તો એમાં 'આદમી એક ઔર બકરી છહ' (માણસ એક બકરી છ) જેવો સંવાદ જરૂર સાંભળવા મળે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. ગાંધીજીના બકરી પ્રેમથી પ્રેરાઈને કે અન્ય કોઈ કારણસર ઈટલીના અલીકુદી નામના ખોબા જેવડા ટાપુ પર વીસેક વર્ષ પહેલા ખેડૂતભાઈ પહેલી વાર બકરી લઈ આવ્યા. પ્રારંભમાં તો એની ઉપયોગિતાથી રહેવાસીઓ રાજીના રેડ થઈ ગયા પણ આજે એમની આંખો પરેશાનીમાં લાલચોળ જોવા મળે છે. થયું છે એવું કે બકરી બહેનને આ ગામ એવું ગોઠી ગયું કે અહીં જ વસવાટ કરવાની તમન્ના જાગી. જોતજોતામાં વસ્તાર એ હદે વધી ગયો કે ૧૦૦ રહેવાસીઓના ટાપુ પર બકરીની સંખ્યા ૬૦૦ જેટલી થઈ ગઈ. રસ્તામાં માણસ ભટકાય એની બદલે બકરી ભટકાય એવી હાલત થઈ ગઈ. ઊભી થયેલી સમસ્યાનું નિવારણ કરવા મેયરે અનોખો આઈડિયા ટાપુજનોને આપ્યો છેઃ 'બકરી પકડો, બકરી તમારી. ઘરે લઈ જવાની છૂટ.' આ ઓફર રહેવાસીઓને પસંદ પડી છે, કારણ કે બેંબેં પ્રાણી રાખવાથી દૂધ અને ચીઝ વિનામૂલ્યે મેળવી શકાય અને થોડું વેચાણ કરી બે પૈસા પણ જોડી શકાય. અલબત્ત, અમુક બકરીઓ ટુરિઝમ આકર્ષણ તરીકે સત્તાધીશો પાસે જ રહેશે.

## લ્યો કરો વાત!

દક્ષિણ ગોળાર્ધમાં ન્યૂ ઝીલેન્ડ નજીક આવેલો ન્યુએ નામનો દેશ તો છે સાવ ટપકા જેવો અને એની વસતિ છે માંડ ૧૨૦૦ની.સૌથી વધુ અચંબામાં પાડી દેતી વાત છે અહીંની કરન્સી એટલે કે ચલણ. અલબત્ત, આ દેશમાં ન્યૂ ઝીલેન્ડ ડૉલરનું ચલણ છે, પણ દર વર્ષે અહીં યાદગીરીની જાળવણી તરીકે ખાસ સિક્કા બહાર પાડવામાં આવે છે. જાણીતી વીડિયો ગેમ પોકેમોનના સિક્કા અહીંનું ખાસ આકર્ષણ છે.૨૦૧૪માં ડિઝનીના મિકી માઉસ, ડોનલ્ડ ડક અને ગૂફી વગેરે પાત્રોના સિક્કા બહાર પાડવામાં આવ્યા હતા. એક અને બે ડૉલરના આ સિક્કા કાયદેસર ચલણ ગણાય છે અને લોકો એનો સંગ્રહ કરવાના શોખીન હોય છે. આખા દેશમાં વિનામૂલ્યે વાઇફાઇ સેવા આપનારો આ વિશ્વનો પ્રથમ દેશ છે. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# દિલ ક્યારેય દગો નહીં આપે... !

### દિલના રસ્તે જ આપોઆપ આત્મવિશ્વાસ આવી જશે અને એટલે જ સ્વામી વિવેકાનંદ કહે છે : 'આત્મવિશ્વાસ જેવો કોઈ બીજો મિત્ર નથી. આત્મવિશ્વાસ જ ભાવિ ઉન્નતિની સીડી છે.'



આત્મા પરનો વિશ્વાસ એટલે આત્મવિશ્વાસ. ખૂબ જ સરસ અને સમજવા જેવી વાત છે કે આત્મામાં ઈશ્વરનો અંશ છે એનો મતલબ એ થયો કે તમારામાં ઈશ્વરનો અંશ છે. તમારા આત્માનો અવાજ તમારે સાંભળવાનો છે,જેને સાંભળીને સાચો માર્ગ પસંદ કરવાનો છે. આત્મા ક્યારેય ખોટા રસ્તે તમને નહીં લઈ જાય.અને ધારો કે તમે ખોટા રસ્તે હશો તો આ આત્મા તમને અંદરથી ડંખ મારશે.

બહુ સરળ શબ્દોમાં કહીએ તો માત્ર દિલનો અવાજ સાંભળો- મન અને દિલ બંનેનો નહીં.મન તમને તાર્કિક અને સાચાં ખોટાં કારણોમાંથી માર્ગ પસંદ કરવાનું કહેશે,પણ દિલ તમને વિશ્વાસ સાથે માર્ગ પસંદ કરવાનું કહેશે. દિલથી પસંદ કરેલા માર્ગમાં તમને ઠોકર લાગી શકે, છતાંય એ માર્ગ ખોટો નહીં હોય એની પૂરી ખાતરી રાખો અને એ જ તો આત્મવિશ્વાસ છે.સાચી રીતે અને સારી રીતે સારામાં સારાં કર્મ કરો,કામ એવાં કરો કે એ કામમાં તમને તમારી જાત જ મદદરૂપ થાય.આ જ રીતે તમે લોકો પર વિશ્વાસ પણ કરી શકો કે આ માણસ દિલમાં વસાવવા લાયક છે કે નહીં.

જીવનનાં દરેક કાર્ય દિલને પૂછીને કરવા જોઈએ.દિલ જો હા કહે તો આગળ વધો.કોઈ ભેજું લગાડવાની જરૂર નથી. જો કોઈ ભય હોય તો એ ભય પણ ભવિષ્યનો જ હોય છે.આ ભય કાલ્પનિક હોય છે.પરીક્ષા સારી જશે કે નહીં ? પાસ થઈશ કે નહીં ? પાસ થઈશ તો સારા માર્ક આવશે કે નહીં? લગ્ન માટે છોકરી સારી મળશે કે નહીં ? છોકરી સારી મળશે તો મા-બાપને સાચવશે કે નહીં ? અને મા- બાપને સાચવશે તો શું ખરેખર મને પ્રેમ કરશે ?

આવી અને આ પ્રકારની બીજી જે કોઈ મૂંઝવણ આવે એ સમયે તમારે તમારા આત્માનો - તમારો દિલનો અવાજ સાંભળવાનો છે.દિલ દગો નહીં આપે.અને આ દિલના રસ્તે જ આપોઆપ આત્મવિશ્વાસ આવી જશે.અને જો આત્મવિશ્વાસ આવી ગયો તો તમે દરેક ભયને,દરેક ડરને આ જ રીતે મહાત કરી શકશો.

માત્ર દિલનો અવાજ સાંભળીને તમે જુઓ , આ દિલ શું શું આપે છે.દયા...દયા ક્યાંથી આવે છે ? પ્રેમ...પ્રેમ ક્યાંથી આવે છે ? દિલમાંથી જ ને ! અહોભાવ ક્યાંથી ઉત્પન્ન થાય છે ? દિલમાંથી....રડવાનું મન ક્યાંથી થાય છે? દિલમાંથી....આમાંનાં એક પણ કામ મનનાં નથી- બલકે દિલના છે.હવે તમે જ કહો કે આ દિલ પાસેથી જવાબ માગ્યો હોય તો એ ક્યારેય ખોટો હોઈ શકે ?તમારા આત્મા સાથે તમારો અવાજ ભળ્યો છે અને એટલે જ એ ક્યારેય ખોટો નહીં હોય.

અંતરાત્માના અવાજને અનુસરીને ચાલશો તો ક્યારેય તમારું ખરાબ નથી થવાનું.તમારે માત્ર શાંતિથી દિલને પૂછવાનું છે કે શું કરવું જોઈએ ? દિલ જે જવાબ આપે,એ સાચો.એ જવાબ તમારા આત્મવિશ્વાસમાંથી આવ્યો હશે એટલે બાકીનાં કામ તો આત્મવિશ્વાસથી જ થવાના છે.

સાચું બોલનારને જીવનમાં ક્યારે અટકવું નથી પડતું.મહેનત કરવાની સાથે સાથે સાચી દિશા પકડી રાખવી જોઈએ.આમ કરવાથી જીવનમાં આપોઆપ આત્મવિશ્વાસ આવી જશે.ક્યારેય ખોટી રીત શોધવી નહીં.ખોટા રસ્તા પણ શોધવાના નહીં ને ખોટાં કામ પણ નહીં કરવાના.ખોટું તો ક્યારેય બોલવું જ નહીં.આમ કરવાથી આત્મવિશ્વાસ ક્યારેય પણ ખૂટશે નહીં.બીક તો હંમેશાં ખોટાં કામ કરનારા ને જ લાગે અને એટલે જ તેણે કોઈના ખભા શોધવા જવું પડે છે.સાચું કરનારને તો ખબર જ છે કે સામે આખી દુનિયા ઊભી હશે તો પણ કોઈ એનું બગાડી નથી શકવાના અને એટલે એનો આત્મવિશ્વાસ ક્યારેય ઓછો થતો નથી.

ભગવાને માણસનું જીવન આપ્યું, પણ જીવવાનો નકશો નથી આપ્યો.એ નકશો માણસે પોતાની કોઠાસૂઝથી,આવડતથી અને કુનેહથી જાતે તૈયાર કરવાનો હોય છે.જીવનના ચિત્રમાં માણસને મનગમતા રંગ પૂરવાની સ્વતંત્રતા છે,પણ માણસ નકારાત્મક વિચારો કરી પોતાનું અવમૂલ્યન કરે તો પરિણામ શૂન્ય જ આવે એટલે સકારાત્મક દ્રષ્ટિકોણ અપનાવીને માણસ સમુન્નત બની શકે.

આત્મવિશ્વાસ એટલે પોતાની શક્તિ પર પોતાનો અખૂટ અને અડગ વિશ્વાસ....આત્મવિશ્વાસે જ નરેન્દ્ર નામના યુવકને સ્વામી વિવેકાનંદ બનાવ્યા.મોહનદાસ કરમચંદ ગાંધીને 'મહાત્મા ગાંધીજી' બનાવ્યા.એક સામાન્ય માણસના પુત્ર અબ્રાહમ લિંકનને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બનાવ્યા.એકલવ્ય પાસે મજબૂત મનોબળ હતું એટલે ગુરુ દ્રોણાચાર્યની માટીની પ્રતિમા બનાવી એમને ગુરુપદે સ્થાપી બાણ વિદ્યામાં કુશળતા પ્રાપ્ત કરી.....મનોબળ હોય તો જ મોતી પ્રાપ્ત કરનાર મરજીવો બની શકે.આત્મવિશ્વાસ અને મનોબળને આધારે જ કલ્પના ચાવલા કે સુનિતા વિલિયમ અંતરિક્ષનાં દ્વારે ટકોરા મારવા સફળ થયાં.વૈજ્ઞાનિક શોધો અને પ્રગતિને કારણે આવતીકાલનો માનવી મંગળ કે ચંદ્ર પર રહેઠાણ કરતો થઈ જશે.દિવ્યાંગતા અનુભવતાં અનેક ભાઈ-બહેનોએ રમત ગમતના ક્ષેત્રે અવનવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

નેપોલિયન બોનાપાર્ટને એક વખત સૈનિકો સાથે આલ્પ્સના પહાડો ઓળંગવાના હતા.સૈનિકોને જ્યારે સમાચાર મળ્યા કે આલ્પ્સના પર્વતો બરફ આચ્છાદિત હોવાથી ઓળંગવામાં ખૂબ જ મુશ્કેલી પડશે.આથી સૈનિકોમાં અંદરો અંદર ચણભણ થવા લાગી.નેપોલિયનને આ વાતની ખબર પડી.સૈનિકોનું મનોબળ વધારવા માટે નેપોલિયને સૈનિકોને પર્વતો ઓળંગવાની હિંમત પ્રેરી.આત્મવિશ્વાસ જગાવ્યો. 'હું પણ તમારી સાથે જ છું ને !' અને સૈનિકો સાથે આલ્પ્સના પર્વતો ઓળંગવાની શરૂઆત કરી.જોતજોતામાં આલ્પ્સના પર્વતો ઓળંગાઈ ગયા. કોઈને ખબર પણ ન રહી.આગળ વધતા ગયા તો સૈનિકોમાં પ્રશ્ન ઉદભવ્યો કે આપણે જે આલ્પ્સના પર્વતો ઓળંગવાના છે,એ ક્યારે આવશે ? ત્યારે નેપોલિયને કહ્યું કે આલ્પ્સના પર્વતો તો આપણે ક્યારના ઓળંગી ગયા છીએ....! અર્થાત્ મનોબળ મજબૂત કરવામાં આવે, આત્મવિશ્વાસ જગાવવામાં આવે તો કોઈ પણ અઘરાં કાર્ય સહેલાઈથી ઉકેલાઈ જતા હોય છે.

*'હજાર બર્ફ ગિરે લાખ આંધિયાં ઊઠે,*
*વો ફૂલ ખિલ કે રહેંગે જો ખિલને વાલે હૈ.'* ■

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# સો કરોડનો ચેક ને ખાતામા માત્ર રૂપિયા ૯૯,૯૯,૯૯,૯૮૩ ઓછા !



'અલ્લાહ કે નામ પર કુછ દે દો, ભગવાન કે નામ પર કુછ દેદો.' મંદિરની બહાર શણિયું પાથરી ભીખ માગતા ભિખારીએ ગુહાર લગાવી.

'આ, લો બાબા.' રાજુ રદીએ ઘોબાવાળા એલ્યુમિનિયમના વાટકામાં સિક્કો નાખ્યો. ભિખારી 'અંધ' હતો. એણે આંખ ખોલી સિક્કો જોયો. રાજુએ પચાસ પૈસાનો સિક્કો નાખેલો.

અરે, તમે તો મોટો ભિખારી નીકળ્યા. પચાસ પૈસા ચલણમાંય ચાલતા નથી. મારા અક્ષયપાત્રમાં પચાસ પૈસાનો સિક્કો નાખી આશીર્વાદમાં કુબેરનો ખજાનો મેળવવો છે? લો, આ તમારો સિક્કો .' આમ કહી ભિખારીએ સિક્કો પરત કર્યો.

રાજુ રદીના ઘરે માસીબા આવેલાં. રાજુ રદીના મોટા ભાઇને ઘરે પુત્ર રત્ન જન્મેલ. માસીબા તાબોટા પાડી આશીર્વાદ આપવા આવેલાં. એમનો તો આશય હતો કે રાજુ રદીના ઘરેથી નેક તરીકે એક લાખ રૂપિયા વસૂલવાનો, પણ ત્યાંથી મળ્યા માંડ એક હજાર રૂપિયા... માસીબા નારાજ થઇ ગયા.

સૌરાષ્ટ્રમાં એક કદાવર નેતા હતા. નસીબજોગે ભારત સરકારમાં મંત્રી પણ હતા. મનુબાપા તરીકે જાણીતા. કોઇ પણ કાર્યક્રમમાં ફંડફાળા ઉઘરાવવામાં આવે તો સૌ પહેલાં મનુબાપા એમના તરફથી એક લાખ રૂપિયાનું દાન નોંધાવે. કાર્યક્રમના આયોજક મનુબાપા પાસે દાનની રકમ લેવા જાય ત્યારે મનુબાપા કહે મારે દાન આપવાનું ન હોય. મારે તો દાનની સરવાણી ફૂટે તે માટે માત્ર જાહેરાત કરવાની હોય!

દાન એટલે શું?

સામે ઊભેલી કે બેસેલી વ્યક્તિના હાથમાં એક રૂપિયાનો સિક્કો થમાવી દેવો એ દાન છે? મંદિરમાં ભગવાન સામે ભારતના બજેટના વોલ્યુમ જેટલી માગણી રજૂ કરી ગોલકમાં બે-પાંચ કે દસ રૂપિયા નાખવા એ દાન છે કે પછી મંદિરના ભંડારામાં એક સિંગતેલનો ડબ્બો કે દસ કિલો ચણાની દાળ આપવી એ દાન ગણાય?

દાનનાં આ સ્વરૂપ છે. દાન શબ્દ સંકુલ છે. માનવ સંસ્કૃતિની શરૂઆતથી દાનની બોલબોલા રહી છે. દાન આપવું અને દાન લેવું એ બ્રાહ્મણોનું મુખ્ય કર્તવ્ય છે. જો કે, આજના જમાનામાં કોઇ દાન આપતું નથી એ વાત અલગ છે! આપણી કમાણી પર આપણા પરિવાર ઉપરાંત પશુ, પંખી, પ્રાણીનો પણ પર્યાપ્ત હક્ક હોય છે. આપણે ભોજન કરતાં પહેલા અબોલ પ્રાણીઓનો પણ વિચાર કરીએ છીએ. જમતા પહેલાં ગૌ ગ્રાસ અને શ્વાન ગ્રાસ અલગ કાઢવામાં આવે છે. દાનની આ રીત સાચી અને સારી રીત છે. આપણે જમી લઇએ પછી વધેલું ભોજન ગાય કે કૂતરાંને આપવું એ પશુ પંખીનો અનાદર છે. આજે પણ ગામડાંમાં ભોજન પહેલાં રામરોટી એટલે જે કાંઇ રાંધવામાં આવેલ હોય તે તમામ વાનગી પ્રથમ કાઢી મંદિરના પૂજારીને ઘરે આપવાની પ્રથા અમલમાં છે!

દાન સ્વૈચ્છિક હોય. દાન બળજબરીથી લઇ શકાય નહીં. દાન કેવી રીતે કરવું એ પણ વિચારણાનો મુદ્દો બની રહે છે. ઢોલ પીટીને દાન આપવામાં તાત્ત્વિક રીતે કશું ખોટું નથી. બાકી ડાબા હાથે દાન આપીએ તો જમણા હાથને ખબર ન પડે અગર જમણા હાથે દાન આપવામાં આવે તો ડાબા હાથને ખબર ન પડે તે શ્રેષ્ઠ દાન છે.

દરેક ગોરધન મોટો દાનવીર હોય છે. પોતાની કે પડોશીની પત્ની પર તન,મન અને ધન કુરબાન કર્યા પછી જગતનું કાયમી, દૈનિક રક્તદાન કરે છે. પત્ની ગોરધનનું જે લોહી ચૂસે છે એને લોહીની બોટલની સંખ્યામાં કહીએ તો સહેજે લાખ બોટલ લોહી નાખી દેતા કંમ્પલસરી દાનમાં હોમી દેતો હશે! છતાં ઘરવાળીની છણકી જ માણવા મળે છે!

૨૦મી સદીમાં દુનિયાના સૌથી મોટા દાનવીર ટાટા ગ્રુપના સ્થાપક જમશેદજી ટાટા છે. જમશેદજૂથએ ૧૦૨ બિલિયન ડૉલર એકઠું કર્યું. રૂપિયા ૮,૪૭,૫૭૪ કરોડનું દાન કરેલું...ભામાશા માતૃભૂમિને બચાવવા સર્વસ્વનું દાન કરી દાનવીર ભામાશા કહેવાયા હતા. શિબિરાજાએ હોલાને બચાવવા ખુદના શરીરના માંસનું દાન કરેલ. રામસેતુના નિર્માણ સમયે એક ખિસકોલી રેતીમાં આળોટી તે રેતી રામ સેતુ ખાતે ખંખેરી રામસેતુના નિર્માણમાં યોગદાન આપેલ. ભગવાન બુદ્ધની મૂર્તિના નિર્માણ સમયે એક ગરીબ છોકરીએ એની વાળીનું એવું દાન કર્યું કે મૂર્તિ પર સ્મિત આવી ગયેલું.

આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમના સિમ્હાચલમ ખાતે વરાહ લક્ષ્મી મંદિર છે. મંદિરની સંચાલન સમિતિ દરરોજ દાનપેટી ખોલી આવેલ દાનની રકમ બેંકમાં જમા કરાવે છે. એક દિવસ દાનપેટી ખોલતાં આનંદનો પાર ન રહ્યો. હાઇલા.... કોઇ પરમ ભગવદીય ધર્માત્માએ મંદિરને દાન આપીને માલામાલ કરી દીધા હતા. દાનની રકમ જોઇને તમામની આંખ ચમકી ઉઠી. મંદિરનાં અધૂરાં કામો હાથ ધરી શકાશે તેની ખાતરી થઇ ગઇ. મહાલક્ષ્મી માતાએ જાણે એવો ચમત્કાર કર્યો હતો કે દાતાએ ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ એટલે કે સો કરોડ રૂપિયાનું દાન પેટે ચેકથી આપેલું...! સંચાલન સમિતિએ ચેક વટાવવા બેંકમાં ભર્યો! એ મહાન દાનવીરના બેંક એકાઉન્ટમાં ૯૯,૯૯,૯૯,૯૮૩ એટલે કે નવાણુ કરોડ નવાણું લાખ નવાણુ હજાર નવસો ત્ર્યાસી ક્યાં રૂપિયા જ હતા?

મોટા માણસો ચેક ફાડે તો બેલેન્સ થોડી જુવે? અરે પ્રભુ, એના ખાતામાં ૯૯,૯૯,૯૯,૯૮૩ ની રકમ ઓછી હતી. ખાતામાં માત્ર ને માત્ર સત્તર રૂપિયા જ જમા હતા!

આમ માતાજી સાથે માનવીએ ધોખો કર્યો. અરે, એના કરતાં તો સાહેબ પાસે ચાર રૂપિયા વધારે હતા એટલે ભગવાન શ્રી દેવનારાયણજીના ૧૧૧૧માં પ્રાગટ્ય દિવસ પર દર્શન કરી કવરમાં એકવીસ રૂપિયાનું જંગી દાન પોતે કરેલું તેવો મંદિરના પૂજારીનો દાવો છે! ■

## ટૂંકી વાર્તા

મનહર રવૈયા
feedback@bombaysamachar.com

# એક ફુલપ્રૂફ પ્લાન




ભાદર નદીના કેમના કાંઠે વસેલું રૂપગઢ ગામ ખૂબ સમૃદ્ધ ગામ હતું. કેમના હિસાબે જમીનમાં પાણી સારું હતું. જમીન પણ બહુ કસદાર એટલે ખેડૂતો ખેતી કરી સારું કમાઈ લેતા હતા. રૂપગઢમાં કાળુ મુખી એમની ત્રીજી પેઢીએ મુખીપણુ ભોગવતા હતા. રૂપગઢમાં આર.સી.સી.ના પાકા રસ્તા, સ્ટ્રીટલાઈટ, ઘરે ઘરે પાણીના નળ અને હાઇસ્કૂલ કાળુમુખીનાં મુખીપણાને આભારી હતું. ગમે તેવું વિકટ કામ મુખીના એક ઇશારે પતી જતું. એમની વગ છેક ઉપર સુધી હતી. વગ અને પૈસાનાં જોરે મુખીની આખા રૂપગઢ પર જબરી પકડ હતી. નહીંતર મુખીનાં અમુક અપલખણ ઘણાને આંખમાં કણા જેમ ખૂબ ખૂંચતા હતા. પણ કોઈ મુખી સામે હરફ સુધ્ધાં નહોતા ઉચ્ચારી શકતા.

વયમાં વનપ્રવેશ કરી ચૂકેલા મુખી હજીયે કડેધડે હતા. એમનો કસાયેલ દેહ તાંબા જેવો હતો. એમના પત્ની લાખુબેન પાંચેક વર્ષ પહેલાં ઝેરી મલેરિયા તાવમાં ગુજરી ગયાં હતાં. પછી મુખીએ પુનઃ લગ્ન નહોતાં કર્યાં. કારણ એમને બે છોકરાઓમાં મોટા વાલજીને ગામમાં હીરાનું કારખાનું ચાલે અને નાનાને જંતુનાશક દવા તેમજ ખાતરની દુકાન હતી. સૌથી નાની પુત્રી કાનુ સુરત સાસરે હતી. આમ મોટી ઉંમરે લગ્ન શોભે નહીં એ વાતે એમણે પુનઃલગ્ન કર્યાં ન હતાં. પોતે સુખી-સંપન્ન હતા. કોઈ જાતની ચિંતા જેવું ન હતું. પાછો એમની કસદાર વાડીમાં ખેતી કરીને ભીમલો ધૂળમાંથી ધાન અને ધાનમાંથી ધન (રૂપિયા) નો મુખીને ઘેર ઢગલા કરી આપતો હતો.

આ ભીમલો એટલે મુખીની વાડીએ ખેતી કરતો ભાગિયો. એ ખેતીનું તમામ કામ એકલો સંભાળતો હતો. રૂપગઢમાં એના માબાપ એક પૂર હોનારતમાં મૃત્યુ પામેલાં ત્યારે ભીમલો સાતેક વર્ષનો ખરો. એના મામાને ત્યાં પાંચેક વર્ષ રહ્યો. પણ મામીના ત્રાસથી કંટાળીને ભીમલો પાછો રૂપગઢ આવી ગયો હતો. બસ પછી તો એ ગામની રહેમનજરે મોટો થયેલો. પોતે સાવ ભોળો સાવ ભગવાનનું માણસ. નજર અને હાથનો ચોખ્ખો, શરીરે ભારે મજબૂત માણસ એટલે મહેનત કરી જાણે. સાથે પરગજુય ખરો. ગામમાં ગમે ત્યાં સારો-મોળો પ્રસંગ હોય ત્યાં મહેનતનું કામ કરવા ભીમલો હાજર હોય જ. ગામનું નાનું છોકરુંય એને ઓળખે. વળી એને કોઈ વ્યસન નહીં. આવા ભીમલાના ભોળપણનો લાભ મુખીએ વાડીએ પોતાનો ભાગિયો બનાવીને લીધો હતો.

આમ મુખીને ઇમાનદાર ભીમલા પર વિશ્વાસ હતો. મુખીએ બે ઓરડાવાળું મકાન બનાવેલું હતું, જે ભીમલાને રહેવા આપેલું હતું. વાડીએ એ મકાનને સાફ કરી એકલો રહેતો હતો. આમ વાડીએ ખેતી બારામાં મુખીને કોઈ ચિંતા જેવું ન હતું.

એમાં એક વાર ભીમલાના મામા વાડીએ આવેલા ત્યારે ભીમલો હાથે રોટલા બનાવતો. હવે એને બરાબર ફાવે નહીં છતાં કાચુંપાકું શાક રોટલા બનાવી એ જમી લેતો. ચૂલો બરાબર સળગે નહીં. ધુમાડો થાય, એની આંખો બળે. ભીમલાની આવી સ્થિતિ જોઈ એના મામાને ભીમલાની દયા આવી એટલે એમણે એના પોતાની માસીની દીકરી રમિલા સાથે ભીમલાની સગાઈ કરી આપી. એટલે મુખીએ ભીમલાને પૈસા આપી લગ્ન કરાવી આપ્યાં હતાં. હવે ભીમલો અને રમિલા બન્ને વાડીએ મકાનમાં મોજ કરતાં હતાં.

એમાં ભીમલાના લગ્ન પછી પહેલી હુતાશની હોળી આવી. ફાગણ સુદ પૂનમની પહેલી હોળીનાં રિવાજ મુજબ ભીમલો અને રમિલા દર્શન કરવા રાત્રે આવ્યાં ત્યારે જ કાળુ મુખીએ પહેલી વાર નજીકથી રમિલાને જોઈ. ઉભરાતા જોબનભરી નમણી રમિલાની કાયામાંથી રૂપ નીતરી રહ્યું હતું. હોળીની જ્વાળા જેવું રમિલાનું રૂપ મુખીને દઝાડી ગયું. બસ પછી તો રૂપાળી રમિલાને જોયા બાદ મુખીની દાઢ સળકી. આંખોમાં વાસનાના સાપોલિયાં સળવળી રહ્યા, નહીંતર પહેલા મુખી વાડીએ આંટો મારવા ક્યારેક માંડ ડોકાતા હતા. એના બદલે મુખીના આંટાફેરા રોજબરોજ વધી ગયા. વાડીના બે ઓરડાની ઓસરીમાં મુખી ખાટલો નાખીને બેસતા અને કામકાજ કરતી રમિલાને જોયા કરતા હતા ક્યારે વાડીના કૂવે નહાઈને રમિલા પાસે કપડાં ધોવરાવતા હતા. મુખીની નજર અને ઇરાદો રમિલા વર્તી ગઈ હતી. એટલે એ સજાગ રહી લાજ કાઢીને કામ કરતી હતી તો મુખી મનોમન રમિલાને જાળમાં લેવા ઘાટ ઘડતા હતા. જેમાં દરેક વાતે ભીમલો નડતર બનતો હતો. એ ભીમલો હોય ત્યાં સુધી કશું શક્ય ન હતું. મુખીને રમિલાને વશ કરવામાં ટૂંકમાં ભીમલો આડખીલીરૂપ હતો. બસ એ આડખીલી દૂર કરવા એક દિવસ મુખી ખરા બપોરે વાડીએ રાજદૂત પર આવ્યા. ત્યારે ભીમલો લીમડાના છાંયે સૂતો હતો. રમિલા માથાબોળ નહાઈને વેલણથી લાંબા વાળ ઝાટકીને કોરા કરી રહી હતી. એણે મુખીને જોઈ માથે ઓઢી લાજ કાઢી લીધી. વેધક નજરે રમિલાને જોતા જોતા મુખી બોલ્યા, ''ભીમલો અત્યારે કેમ સૂતો છે? ખાલી અમથો સૂતો છે ને?''

''હા...ઇ તો નીલગાયો અને રોઝડાઓ રાત્રે વાડીમાં છીંડા પાડીને ઘૂસીને માલ બગાડે છે તેથી તેનું ધ્યાન રાખવા રાત્રે જાગવું પડે છે એ ઉજાગરાથી સૂતા છે.'' ''એમ વાત છે, માળો મને વાતેય કરતો નથી. હવે કાલથી ઉજાગરો નહીં કરવો પડે. લાવો થોડું પાણી પીવરાવો તો મારી તરસ છીપે.''

રમિલા પાણીનો લોટો ભરી આવીને મુખીને લોટો આપવા ગઈ ત્યારે મુખીએ રમિલાનો હાથ દબાવતા કહ્યું, ''આ કપાસના પૈસા આવે એમાંથી આ હાથમાં મારે સોનાની ચૂડલી પહેરાવવી છે.''

મુખીને બોલતા સાંભળીને ભીમલો જાગી ગયો તેથી વાત અટકી ગઈ. ભીમલાને મળીને કાળુમુખી નીકળી ગયા ત્યારે રમિલાએ નિરાંતનો શ્વાસ લીધો. એને મુખીનો બહુ ડર રહેતો હતો, કારણ મુખી દાણા નાખતો હતો. પણ રમિલા ચેતી ગઈ હતી તેથી દાદ આપતી ન હતી. અગાઉ કાળુમુખીએ કેટલીય બાઈઓને રાતોપાણીએ રોવડાવેલી હતી.

બીજા દિવસે ઇલેક્ટ્રિક વાયરનું બંડલ લાવીને મુખીએ વાડીની ફરતે તારનાં કાંટાની વાડમાં અને લોખંડના દરવાજામાં વાયર લગાવી સહેજ અમથો શોર્ટનો ઝટકો લાગે એવી ગોઠવણી કરી. જેનો ઝટકો લાગતા રોઝડા આવે નહીં અને આવે તો ભાગી જાય. પણ એની સ્વિચ રાત્રે જ ઓન કરવાની અને દિવસે કરંટ બંધ કરી દેવાનું મુખીએ ભીમલાને સમજાવી દીધું. આનાથી જનાવરનો ત્રાસ બંધ થતા ભીમલાને શાંતિ થઈ, પણ રમિલાને અશાંતિ વધી રહી હતી. મુખીની હરકત વધી રહી હતી. એક વાર તો રમિલાએ ભીમલાને મુખીની ફરિયાદ કરતા કહ્યું, ''આ તમારા કાળુમુખીની દાનત-અને નજર સારા નથી.''

''તે એમાં આપણને શું વાંધો છે? આપણને નડતા નથીને''

''અરે નડતા હોય તો એનું નિવારણ થાય, તમે સાવ ભોળા જ રહ્યા, તમને ખબર નથી એની નજર મારી પર છે.''

અને ખરેખર સાવ ભોળા ભીમલાને મુખી પર ખૂબ જ વિશ્વાસ હતો, બસ આવા વિશ્વાસુ ભીમલાને બહાર ગામ મોકલીને રમિલાને ઝપટમાં લેવા મુખીએ ફુલપ્રૂફ પ્લાન બનાવ્યો અને તુરત તેનો અમલ કરવા એણે ભીમલાને મોબાઈલ ઉપર કોલ કર્યો. મોબાઈલમાં રિંગ વાગતા રમિલાએ જોયું તો મુખીનો કોલ હતો. ભીમલાએ વાત કરી તો મુખી ભીમલાને ઘરે બોલાવી રહ્યા હતા. ભીમલો તુરંત જ ગામમાં આવ્યો, મુખીને ઘરે જઈને મળ્યો. એટલે મુખીએ ભીમલાને કહ્યું, ''ભીમલા...! તું અત્યારે જ સુરનગર જા અને યાર્ડમાં આવેલ નવરંગ ટ્રેડિંગમાંથી કપાસના પૈસા લઈ આવ, વચ્ચે ક્યાંય રોકાતો નહીં.''

''ભલે હું જાઉં છું.''

''લે આ ચાવી રાજદૂત લેતો જા.''

ભીમલો રાજદૂત લઈને નીકળી પડ્યો. હા વાડીએ આવી પોતે કપાસના પૈસા લેવા સુરનગર જાય છે મુખીના કહેવાથી એવું રમિલાને કહીને ભીમલાએ રાજદૂત મારી મૂક્યું. ખરા તડકામાં વાડી-ખેતર અને સીમ સાવ સુનકાર હતા. ધોળા દિવસે તમરા બોલતાં હતાં. વીસ કિ.મી. જવાના અને વીસ આવવાના આમ ચાલીસ કિ.મી.નું અંતર કાપી ભીમલો પૈસા લઈને આવી ગયો. પહેલા પોતે સુરનગરથી આવી ગયો છે એ રમિલાને કહેવા વાડીએ આવ્યો, પણ એની આંખો ફાટી રહી. એ હતપ્રભ થઈ ગયો. લોખંડના દરવાજાને અડીને મુખીની લાશ પડી હતી. રાજદૂત પરથી ઊતરી ભીમલો દોડીને મુખીની લાશ પાસે આવ્યો. એણે જોયું તો દરવાજાને બે વાયર લગાવેલા હતા તેની સ્વિચ પાછી બંધ હતી. આથી ભીમલાએ રમિલાને પૂછ્યું:

''રમિલા આ વાયરની સ્વિચ કોઈએ ચાલુ કરી હતી?'' ત્યારે રમિલા બોલીઃ 'હા મેં ચાલુ કરી હતી'

''પણ એ રાત્રે રંજાડતા જાનવરોને અટકાવવા માટેની સ્વિચ હતી તે શા માટે ચાલુ કરી?''

''આ દિવસના જાનવરને અટકાવવા માટે અને બીજું જુઓ...! કાળુમુખીનો તમે ગયા પછી ફોન આવેલો કે એ વાડીએ આવે છે તો તું... બાકીની વાત રમિલાએ ભીમલાને કામના કરી ત્યારે ભીમલાએ રાજી થતા મુખીએ ગોઠવેલ વાયર કાઢીને મૂકી દીધા, બિચારા મુખીએ બનાવેલ એના જ ફાંસલામાં... એના મોતનું રહસ્ય અકબંધ રહ્યું. ■

## તસવીરની આરપાર

- ભાટી એન.
feedback@bombaysamachar.com

# શ્રી સ્વામીનારાયણ મંદિર-વઢવાણ ઐતિહાસિક ધરોહર છે

આજના અત્યાધુનિક યુગમાં કેમેરા, વીડિયોગ્રાફી સહુ કોઈ માટે સહજ બની ગયા છે. આપણે આજ કોલમમાં અત્યારના વિવિધતા સભર કેમેરાઓ વિશે વિગતે આર્ટીકલ લખેલ તેમાનો insta 360x3 (ઈન્સ્ટા ૩૬૦x૩) જે કેમેરામાં ૩૬૦ ડિગ્રી એટલે ગોળાકાર તમામ ફરતી વસ્તુનું કેપ્ચરીંગ થાય. આજે સુરેન્દ્રનગર જિલ્લાનું વઢવાણ કાઠિયાવાડના પ્રવેશદ્વાર એવા ઐતિહાસક નગર તીર્થધામ વઢવાણ (શ્રી વર્ધમાનપુરી) ખાતે આવેલ શ્રી સ્વામીનારાયણ મંદિરની આ કેમેરામાં લિધેલ તસવીર સાથેનો આર્ટીકલ વાંચો. વઢવાણ (શ્રી વર્ધમાનપુરી) કે જે જગ્યાએ અગિયાર... અગિયાર... વખત શ્રી હરિનાં ચરણવિંદથી અંકિત થયેલી તીર્થભૂમિ છે. જ્યાં શંકરાચાર્યની, મહાવીર સ્વામી, રામાનુજાચાર્યજી, વલ્લભાચાર્યજી, ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ, જલારામબાપા, ભક્ત હરિદાસ, સંત તુલસીદાસ, ગોરખનાથ, રમણ મહર્ષિ, વામદેવજી, સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરૂષોની અને રાણકદેવીની પ્રાચીન કલાત્મક દેરી છે. તેનો ગૌરવશાળી ઈતિહાસ છે. આવા મહાપુરૂષોએ પધારીને આ ભૂમિને ઉતમ તીર્થ બનાવેલ. આવી ઉતમ તીર્થભૂમિમાં સવંત ૧૯૬૧માં પ.પૂ. સનાતન ધ.ધૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય સમર્થ શ્રીકુંજવિહારીપ્રસાદજી મહારાજશ્રીએ શ્રી સ્વામીનારાયણ મંદિર વઢવાણ ધામની સ્થાપના કરી છે.

શ્રી સ્વામીનારાયણ મંદિર વઢવાણ લગભગ છ એકર જમીનમાં ફેલાયેલ વિશાળ કલાત્મક કોતરણીથી બેનમૂન મુખ્ય મંદિરને યોગરદમનયનરમ્ય સંકુલ ભવ્યતાતિભવ્ય છે. લાકડામાંથી સુંદર નકશીકામ કરીને બનાવેલ વિશાળ સભામંડપ અને સંતઆશ્રમ ભવ્ય અને રજવાડી ઠાઠથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું નિવાસસ્થાન (હવેલી), સુંદર બગીચો, હરિભક્તોના ઉતારા, દેવ, સંતો અને હરિભક્તો માટે રસોડું, ભોજનાય, કોઠાર વિગેરેનો સમાવેશ થાય છે. પૂર્વાભિમુખ પાંચ શિખર, ૭૬ સ્તંભો તથા ત્રણ શૃંગાર ચોકી યુક્ત ભવ્યને દિવ્ય મંદિરનું બાંધકામ કુંજવિહારીપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તેમની સિધી દેખરેખ નીચે તૈયાર થયેલ છે. જેમાં ધર્મની સાથે...સાથે સ્થાપત્ય, વાસ્તુશિલ્પ અને બાંધકામની ઉત્તમોત્તમ શૈલી દશ્યમાન થાય છે. આ મંદિર પરિસરમાં શોભાયમાન કુંભી, સ્તંભદંડ, મોવડ અને ભરણી, શિરાવત છધ્યા, ઉદુબર-ઉંબરો, બારસાખ, પ્રતિ, ઉતરંગ, મંગલ ચિન્હો વગેરે ઉત્તમ પથ્થરમાંથી દિવ્ય કલાકૃતિથી કંડારેલ છે.

આ મંદિરમાં મુખ્ય ખંડમાં શ્રીકૃષ્ણ ભગવાન તથા તેમનું અંગ એવા શ્રી રાધિકાજી સાથે શ્રીજી મહારાજનું સ્વરૂપ પંચધાતુથી બનેલ દર્શનીય સ્વરૂપ છે. શ્રી હરિકૃષ્ણ મહારાજ બિરાજમાન છે. તેમની જમણી બાજુએ શ્રી બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની સાથે શ્રી ધર્મપિતા અને શ્રી ભક્તિમાતા અલૌકિક સ્વરૂપમાં દર્શન આપે છે. તેમની જમણી બાજુ શ્રીજી મહારાજની સુખશૈયા છે. મુખ્ય વિરાટ પ્રવેશદ્વારમાં પ્રવેશતા જ ભવ્ય કલાત્મક મંદિરના દિવ્ય પરિસરમાં આવતા જ મનમાં અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. આચાર્યશ્રીનો જીવન મંત્ર હતો ધર્મ પાળોને ધર્મ પળાવવો.

- આલેખન તસવીર ભાટી એન.■






## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# પૂર્વગ્રહઃ છોડવો છે પણ છૂટતો નથી



આપણા સાહિત્યમાં લોકપ્રિય ઉક્તિ છે કે માણસજાત ઉપગ્રહ છોડી શકે પણ પૂર્વગ્રહ છોડવો અસંભવ છે. માણસના મનમાં એક વાર જે ડેટા વાઇરસની જેમ ઊતરી જાય એને ડિલીટ કરવો લગભગ અશક્ય છે. પૂર્વગ્રહ દરેક વ્યક્તિમાં ઓછાવત્તા અંશે હોય છે. કોઈ વ્યક્તિ એવું માનવા લાગે કે પૂર્વગ્રહથી પર છે તો એ વાત પણ એક પ્રકારનો પૂર્વગ્રહ જ છે. સરળ શબ્દોમાં પૂર્વગ્રહને સમજવાનો પ્રયાસ કરીએ. પૂર્વગ્રહ એટલે કોઈ પણ પુરાવા અથવા તપાસ વગર માની લીધેલું તારણ છે. વ્યક્તિના ધર્મ, સંપ્રદાય, સમુદાય, ઉંમર, લિંગ, ભાષા, વતન, રાષ્ટ્રીયતા વિશે કશું સ્પષ્ટ જાણતા ન હોવા છતાં લોકોક્તિ અથવા કોઇપણ સોર્સ થકી જાણેલી માહિતીને સત્ય માનવા લાગીએ છીએ. પૂર્વગ્રહ માટેનો અંગ્રેજી શબ્દ લેટિન ભાષામાંથી આવ્યો. લેટિન શબ્દ પ્રેજ્યુડિસિયમમાં પ્રૈ એટલે પહેલેથી જ અને જ્યુડિસિયમ એટલે નિર્ણય. મતલબ કે ઘટના, વ્યક્તિ કે સમુદાય વિશે સત્યાર્થતા ચકાસ્યા વગર નિશ્ચિત માન્યતાઓ ધરાવવી.

આફ્રિકન મૂળના લોકો સારા એથ્લેટ હોય છે કે યુરોપિયન પ્રજા બુદ્ધિશાળી હોય છે જેવી માન્યતાઓ આપણા મનમાં પહેલેથી ઘર કરી ચૂકી છે. પૂર્વગ્રહની સૌથી મોટી સમસ્યા એ છે કે આપણા માની લીધેલા સત્ય થકી બીજાનો દ્રષ્ટિકોણ આપણે સમજી શકતા નથી અથવા સમજવા માટે તૈયાર પણ હોતા નથી. કદાચ બીજાઓની સમસ્યા સમજી શકે તો માણસ પૂર્વગ્રહોના લીધે એ તરફ સંવેદનશીલ થઇ શક્તો નથી.

મહાભારત સહિત ઘણા પૌરાણિક સાહિત્યમાં પૂર્વગ્રહ વિષય સંબંધિત અસંખ્ય ઉદાહરણ જોવા મળે છે. વરાહ પુરાણમાં એક ઈન્ટરેસ્ટિંગ કથા લખવામાં આવી છે.

એક પવિત્ર તીર્થના મંદિરમાં અસંખ્ય ભક્તો દર્શન માટે આવતા હતાં. મંદિરમાં ફૂલ, ફળો અને જાતજાતના પ્રસાદનો ઢગલો થતો હતો. મંદિરમાં સરળતાથી ભોજન મળી રહેતું હોવાથી એક નાગણ મંદિર પાસે વસતી હતી. ભોજનની શોધમાં યોગાનુયોગ એક નોળિયો મંદિર પરિસરમાં આવ્યો. નોળિયો અને નાગણ આમનેસામને થતાં સ્વભાવગત લડાઈ થઈ. બંનેએ એકબીજાનો સંહાર કરવાના પ્રયાસો કર્યા. નોળિયાએ નાગણને દાંતથી ઇજાગ્રસ્ત કરીને લગભગ મૃતપ્રાય કરી દીધી અને મરતી વેળા નાગણે નોળિયાને ઝેરી ડંખ માર્યો. ઝેર શરીરમાં પ્રસરી જતાં નોળિયો મૃત્યુ પામ્યો. બીજી તરફ ઇજાગ્રસ્ત નાગણ પણ થોડા સમયમાં મૃત્યુ પામી. સદભાગ્યે નાગણ અને નોળિયાનો નવો જન્મ માનવયોનિમાં થયો. નાગણનો જન્મ જ્યોતિષપુર નામના નગરની રાજકુમારી તરીકે થયો અને નોળિયાનો જન્મ કૌશલ રાજ્યના રાજકુમાર તરીકે થયો.

ભારતીય પરંપરા મુજબ માણસ પૂર્વજન્મનાં લક્ષણો સાથે જન્મ લેતો હોવાની માન્યતા છે.

નાગણ અને નોળિયાનો જન્મ માનવ તરીકે થયો પણ બંને પાસે પૂર્વજન્મની ક્વોલિટી જળવાઈ હતી. રાજકુમારીને જન્મજાત નોળિયા માટે નફરત હતી અને રાજકુમારને નાગ માટે નફરત હતો. આ બંનેનું ચાલે તો જે તે પ્રજાતિનો નાશ કરી નાખે.

ફિલ્મી કથાની જેમ યોગાનુયોગ બંનેના લગ્ન થયા. લગ્નજીવનના પ્રારંભિક સમયમાં દંપતી મજાની જિંદગી માણતા હતાં.

એક દિવસ નવદંપતી જંગલમાંથી પસાર થતા હતાં. અચાનક માર્ગમાં નાગ જોવા મળ્યો. રાજકુમારને નાગને જોતાં ગુસ્સો આવ્યો અને તલવારથી વધ કરવા આગળ વધ્યો. રાજકુમારીએ સમજાવવાની કોશિશ કરી પણ રાજકુમારે ગુસ્સામાં નાગની હત્યા કરી. થોડા સમય પછી જંગલમાંથી પસાર થતાં માર્ગમાં નોળિયો જોવા મળ્યો. સ્વભાવગત રાજકુમારીને નોળિયા પર ગુસ્સો આવ્યો અને તેનો વધ કરવાનું નક્કી કર્યું. રાજકુમારે પોતાની પત્નીને સમજાવી અને નોળિયાને છોડી દેવા વિનંતી કરી. રાજકુમારી કશું સાંભળવા તૈયાર ન હતી અને તેણે નોળિયાનો સંહાર કર્યો.

આ ઘટના પછી બંને વચ્ચે વિખવાદ વધવા લાગ્યો. રાજકુમારને લાગ્યું કે તેની પત્ની વાત સાંભળવા તૈયાર ન હોય તો તેની સાથે રહેવું શક્ય નથી. બંને જણા એક જ મહેલમાં અલગ અલગ રહેવા લાગ્યાં. બંનેનું અલગ રહેવાની વાત ધીમે ધીમે ફેલાવા લાગી. રાજકુમારના પિતાને ખબર પડતાં બંનેને બોલાવીને સમજાવ્યા પણ બંને પર કોઈ અસર થઈ નહીં.

કોશલ રાજ્યમાં એક વિદ્વાન સંન્યાસી અવારનવાર આવતા. રાજાએ તેમની સલાહ લેવાનું નક્કી કર્યું. રાજાએ સંન્યાસીને પોતાની વ્યથા જણાવી. સંન્યાસીએ પોતાના યોગબળથી સમસ્યાનું મૂળને જાણ્યું. સમસ્યાના સમાધાન માટે સંન્યાસીએ બંનેને પેલા પવિત્ર તીર્થ પર લઇ જવાનું નક્કી કર્યું. બંને તીર્થ પર પહોંચ્યા અને સંન્યાસીએ પોતાના યોગબળથી બંનેને પૂર્વજન્મની યાદ કરાવ્યો.

સ્વભાવગત થતી ભૂલનું ભાન થતાં બંનેએ દુઃખ વ્યક્ત કર્યું અને એકબીજાની માફી માગી. સંન્યાસીએ તીર્થક્ષેત્રમાં વહેતી પવિત્ર નદીમાં સ્નાન કરવા જણાવ્યું. નદીમાં સ્નાન કરીને એકબીજા માટે દ્વેષ દૂર કર્યો. બંનેએ એકબીજાને માફ કરીને નવેસરથી જિંદગી જીવવાનું નક્કી કર્યું. પુરાણની આ કથા મુજબ પવિત્ર તીર્થક્ષેત્રને ઋષિકેશ તરીકે ઓળખવામાં આવ્યું.

આપણે જે પૂર્વગ્રહ સંબંધિત વાત કરી રહ્યા છે એમાં આ કથામાં થોડો વધારો કરીએ. કદાચ ભવિષ્યમાં કપડાં, ભોજન કે અન્ય પસંદગી બાબતે દંપતી વચ્ચે મતભેદ થાય તો બંને પૂર્વજન્મની કથા યાદ કરશે. આ કથા આધારિત એકબીજાનું મૂલ્યાંકન કરતાં રહેશે કારણ કે પૂર્વગ્રહ છોડવો આસાન નથી. સાઇકોલોજીવાળાઓના મતે એક વાર પૂર્વગ્રહ મનમાં ઘર કરી જાય એ નીકળી શકે એવી સંભાવના ઘણી ઓછી હોય છે.

પુરાણમાં લખાયેલી ઉપરોક્ત કથા પૂર્વગ્રહથી પીડિત વ્યક્તિઓની વાત કરે છે. આપણી આસપાસ લગભગ દરેક વ્યક્તિ પૂર્વગ્રહોના આધારે જ સંબંધોનું મૂલ્યાંકન કરતાં હોય છે. કોઈ ફિલોસોફરે કહ્યું છે કે વિશ્વાસ શબ્દનો વિરોધી શબ્દ અવિશ્વાસ કરતાં પૂર્વગ્રહ વધારે જામે છે. માણસ પૂર્વગ્રહ ધરાવતો હોય અથવા વિશ્વાસ રાખતો હોય તો તેણે નિર્ણય લેતી વેળા વિચારવાની જરૂર હોતી નથી. જ્યારે કોઈ વ્યક્તિને જાણ્યા સમજ્યા વગર જ તેના પરત્વે પૂર્વગ્રહ ધરાવતો હોય તો એ વિશે મંથન ક્યારેય કરતો નથી.

મનોવિજ્ઞાનના મતે માણસ પૂર્વગ્રહથી પીડિત હોય ત્યારે નુકસાન એ છે કે કોઈ પણ ભૂલ કે સમસ્યાઓ માટે બીજાનો દોષ કાઢવાની આદત ધરાવતો થઈ જાય છે. સમસ્યા ગંભીર બને તો પૂર્વગ્રહોના મૂળિયા વધારે મજબૂત બનવા લાગે છે. જો કે પૂર્વગ્રહો દરવખતે નુકસાન કરે એવું જરૂરી નથી. પ્રાકૃતિક આપદા જેવી સામૂહિક સમસ્યા વખતે માણસને અનુભવો જ કામ લાગતા હોય છે. પેઢી દર પેઢીથી ઘડાયેલા અનુભવ સમય જતાં નિશ્ચિત પૂર્વગ્રહોના માળખામાં ફેરવાય છે જે આપદામાં આશીર્વાદરૂપ બને છે. પ્રશ્ન એ છે કે નકારાત્મક પૂર્વગ્રહ દૂર કરવા માણસે ઘણા પરિવર્તન કરવા પડે. માણસે પૂર્વગ્રહ કાઢવા નિતનવા અવિરત સંપર્ક કેળવવા જોઈએ. માણસ જેમ જેમ નવા નવા લોકોને મળતો રહે, દેશ અને દુનિયા ફરતો રહે ત્યારે એનો દુનિયા જોવાનો દ્રષ્ટિકોણ બદલાવા લાગે છે. પ્રવાસો અને સંપર્કો થકી પૂર્વગ્રહમાં બદલાવ થતાં નવી જનરેશનને નકારાત્મક પૂર્વગ્રહથી દૂર રાખી શકે.

ભારત જેવા વિશાળ સાંસ્કૃતિક વારસો ધરાવતા દેશમાં ગજબની વિવિધતા છે. કોઈ સમાજ દરિયા કિનારા પર વસતો હોય તો તેમની માન્યતા પહાડી વિસ્તારના સમુદાય કરતાં સાવ ભિન્ન હોઇ શકે. એ જ રીતે ભાષા, ભોજન, લોકવારસો, નદી, આબોહવા સહિત અસંખ્ય પરિબળોને કારણે વિવિધ સંસ્કૃતિ જોવા મળે છે. આ સાંસ્કૃતિક વિવિધતાને માણસ પોતાની નજરે જોવાનું શરૂ કરે તો ફક્ત પૂર્વગ્રહો જ નજરે ચડે. દક્ષિણ ભારતીયનું અંગ્રેજી શાનદાર છે. ગુજરાતીઓ ખમણ અને ઢોકળા જ ખાતા હોય છે. પૂર્વ ભારતમાં કેવળ જંગલો જ છે અથવા રાજસ્થાનમાં ફક્ત રણ છે. ફલાણા વિસ્તારના અથવા નિશ્ચિત સમુદાયના લોકો ભરોસાપાત્ર હોતા નથી જેવા અસંખ્ય પૂર્વગ્રહ જિન્સમાં ચાલ્યા આવે છે.

ઇવન અમુક કામ સ્ત્રીઓ કરી જ ના શકે અથવા ઘરના કામ પુરુષોએ કરવા કે કેમ જેવી અસંખ્ય બાબતો પૂર્વાશ્રમથી ચાલ્યા કરે છે. સોશિયલ મીડિયામાં સ્ત્રીઓએ કેવા કપડાં પહેરવા એની ચર્ચા કરનાર વ્યક્તિઓનો અભ્યાસ કરશો તો સમજાશે કે પારિવારિક માન્યતાઓ ઘર કરી ગઇ છે. સ્ત્રીઓ પુરુષો કરતાં વધારે લાગણીશીલ હોય છે જેવી માન્યતા પેઢીઓથી દિલ દિમાગમાં બેસાડી દેવામાં આવી છે.

કોઈ વ્યક્તિના જ્ઞાન માટે અહોભાવ થાય પણ એમની નબળાઈ ખબર પડે અથવા એ વ્યક્તિ સજાતીય સંબંધ ધરાવે છે જેવી માહિતી મળે એટલે કેટલાક પૂર્વગ્રહ થકી એના માટે માન ઘટી જાય છે. કોઇની રહેણીકરણી જોઇને એના માટે માપદંડ બનાવવા સહજ છે. વ્યક્તિ ભોજનમાં શાકાહારી છે કે માંસાહારી એના પરથી એ વ્યક્તિને પૂર્વગ્રહ થકી જજ કરવામાં આવે છે.

પૂર્વગ્રહથી કંઈક અંશે મુક્ત થવું હોય તો ઉપર જણાવ્યા મુજબ સૌથી સરળ રસ્તો એ છે કે યાત્રાઓ કરતાં રહેવી જોઈએ. યાત્રાઓમાં અવનવા અનુભવો થકી ઘણા ભ્રમ દૂર થવાની સંભાવના છે. ઘણા ડિવોર્સ સુધી કે ગંભીર વિવાદ સુધી પહોંચેલા પૂર્વગ્રહોના વમળમાંથી બહાર નીકળવાનો એક કઠિન રસ્તો છે કે મનોવિજ્ઞાનનો અભ્યાસ કરો અથવા મનોચિકિત્સક પાસે જવું જોઈએ. પૂર્વગ્રહ પરેશાન કરે તો હસી નાખતા શીખવું જોઈએ બાકી ચોઇસ ઇઝ યોર્સ...

ધ એન્ડ : હેવલેટ પૈકર્ડનો એક રિપોર્ટ એવું કહે છે કે નોકરી માટે મહિલા અરજી કરે ત્યારે એનો પોર્ટફોલિયો લગભગ સો ટકા મેચ થતો હોય. એ જ પોસ્ટ માટે પુરુષ એપ્લિકેશન કરે છે ત્યારે સાઇઠ ટકા સુધી મેચ થાય તો પણ એપ્લાય કરવામાં વિચારતો નથી. ■

## બિઝનેસ બિટ્સ

### એનએસઇને સેબીની મંજૂરીનો ઇંતઝાર

મુંબઇઃ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઇનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ (આઇપીઓ)ની પ્રોસેસ શરૂ કરવા માટે કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ની મંજૂરીની પ્રતીક્ષામાં છે.

### કેબીસી ગ્લોબલનું વૈશ્વિક બજારમાં વિસ્તરણ

મુંબઇઃ અગાઉ કાર્દા કન્સ્ટ્રક્શન લિમિટેડના નામે ઓળખાતી કન્સ્ટ્રક્શન અને રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ સેક્ટરમાં અગ્રણી કંપની કેબીસી ગ્લોબલ લિમિટેડે સ્થાનિક અને વૈશ્વિક બજારમાં વિસ્તરણની વ્યૂહાત્મક યોજના જાહેર કરી છે. કંપનીએ રેસિડેન્શિયલ તથા રેસિડેન્શિયલ-કમ-ઓફિસ પ્રોજેક્ટ્સના ડેવલપમેન્ટ અને વેચાણમાં નિપુણતા હાંસલ કરી છે. કંપની મુખ્યત્વે રેસિડેન્શિયલ અને કમર્શિયલ પ્રોજેક્ટ્સમાં કન્સ્ટ્રક્શન અને ડેવલપમેન્ટ તથા કોન્ટ્રાક્ટ પરના પ્રોજેક્ટ્સ એમ બે સેગમેન્ટમાં કામ કરે છે.

### આઇએફસીએસમાં ગ્રીન બોન્ડના સોદા

મુંબઇઃ રિઝર્વ બેન્કે જાહેરાત કરી છે કે તે દેશના કેન્દ્રીય અંદાજપત્ર, ૨૦૨૨-૨૩માં થયેલી ઘોષણાના અનુસંધાનમાં ગુજરાતમાં ગાંધીનગર ખાતે ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસ સેન્ટર (આઇએફસીઆઇ) ખાતે સોવેરેન ગ્રીન બોન્ડમાં રોકાણ અને તેના સોદા માટે પરવાનગી આપશે.

# ગૂડીપડવાના શુકને ૭૫,૦૦૦ની ઓલટાઇમ હાઇ સપાટી નોંધાવ્યા બાદ સેન્સેક્સ નેગેટિવ ઝોનમાં લપસી પડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારની શરૂઆત જોરદાર તેજી સાથે થઇ હતી અને સેન્સેક્સે લગભગ ૪૦૦ પોઇન્ટના ઊંચા ગેપ સાથે ખૂલતા સત્રમાં જ પ્રથમ વખત ઐતિહાસિક ૭૫,૦૦૦ની સપાટી વટાવી નાંખી હતી, જ્યારે નિફ્ટીએ પણ ઇન્ટ્રા-ડે નવું શિખર નોંધાવ્યું હતું, જોકે ત્યાર પછી મંગળવારે પ્રોફિટ બુકિંગના મારા વચ્ચે બેનં બેન્ચમાર્ક ઇન્ડેક્સ સાધારણ ઘટાડા સાથે નેગેટીવ ઝોનમાં સરી પડ્યા હતા.

રેકોર્ડ બ્રેકિંગ રેલી પર બ્રેક લગાવતા સેન્સેક્સ સત્રને અંતે ૫૮.૮૦ પોઇન્ટ અથવા ૦.૦૮ ટકા ઘટીને ૭૪,૬૮૩.૭૦ પોઇન્ટની સપાટી પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૩૮૧.૭૮ પોઇન્ટ અથવા ૦.૫૧ ટકા વધીને ૭૫,૧૨૪.૨૮ની સર્વકાલીન ટોચે પહોંચ્યો હતો. એ જ રીતે, નિફ્ટી ૨૩.૫૫ પોઇન્ટ અથવા ૦.૧૦ ટકા ઘટીને ૨૨,૬૪૨.૭૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧૦૨.૧ પોઇન્ટ અથવા ૦.૪૫ ટકા વધીને ૨૨,૭૬૮.૪૦ની વિક્રમી ટોચે પહોંચ્યો હતો.

સેન્સેક્સ બાસ્કેટમાંથી, ટાઇટન, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એશિયન પેઇન્ટ્સ, ટેક મહિન્દ્રા, ઇન્ડસઇન્ડ બેન્ક, અલ્ટ્રાટેક સિમેન્ટ, વિપ્રો અને આઇટીસી ટોપ લુઝર શેર બન્યા હતા. આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇન્ફોસિસ, બજાજ ફિનસર્વ, ટાટા સ્ટીલ, એક્સિસ બેન્ક, બજાજ ફાઇનાન્સ, નેસ્લે અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરો ટોપ ગેઇનર્સની યાદીમાં હતાં.

મૂડી બજારમાં હલચલ ચાલુ રહી છે. રિફાઈન્ડ રાઇસ બ્રાન ઓઈલના ઉત્પાદક અને વિતરક નાગપુર સ્થિત રામદેવબાબા સોલવન્ટ લિમિટેડ ૧૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરવાની યોજના ધરાવે છે. કંપનીનું લક્ષ્ય આ આઇપીઓ દ્વારા અપર પ્રાઇસ બેન્ડ પર રૂ. ૫૦.૨૭ કરોડ એકત્ર કરવાની છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૦થી ૮૫ નક્કી થઇ છે. શેર એનએસઇ ઇમર્જ પર લિસ્ટ થશે, માર્કેટ લોટ સાઈઝ ૧,૬૦૦ ઈક્વિટી શેર છે.

કોર્પોરેટ હલચલમાં બ્રાઈટ સ્ટીલ બાર અને વાયરની વિશાળ શ્રેણીના અગ્રણી ઉત્પાદકોમાંની એક મેઈડન ફોર્જિંગ્સ લિમિટેડે જાણ કરી છે કે ખાસ કરીને બંદૂકો અને બોમ્બ ફેક્ટરી આઇટમ્સની જોગવાઈ માટે, ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડમાં સપ્લાયર તરીકે સત્તાવાર રીતે પસંદગી થઇ છે. ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડમાં સપ્લાયર તરીકે કંપનીની નોંધણી આપોઆપ નવીકરણ સાથે પાંચ વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે.

એશિયન બજારોમાં, ટોક્યો, શાંઘાઈ અને હોંગકોંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થાયી થયા હતા જ્યારે સિયોલ નીચા સ્તરે બંધ થયું હતું. યુરોપિયન બજારો મોટે ભાગે નીચામાં ટ્રેડ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટ સોમવારે મિશ્ર નોંધ પર સમાપ્ત થઈ. બુધવારે જાહેર થનારા મુખ્ય યુએસ ફુગાવાના ડેટા અગાઉ સાવચેતીના માનસ વચ્ચે શરૂ થયેલા પ્રોફિટ બુકિંગને કારણે ભારતીય શેરબજારમાં ખૂલતા સત્રમાં જોવા મળેલો ઉછાળો દોવાઇ ગયો હતો અને બંને બેન્ચમાર્કે નોંધાવેલી સર્વકાલિન ઊંચી સપાટી પમ ગુમાવી હતી. રોકાણકારોની નજર અમેરિકન ફેડરલ બેન્ક દ્વારા વ્યાજ દરમાં ઘટાડા અંગેની જાહેરાત પર મંડાયેલી છે. યુએસ રોજગાર અને મેન્યુફેક્ચરિંગ ડેટા અપેક્ષા કરતા વધુ સારા આવ્યાં હોવાથી આ વર્ષે રેટ કટ સંબંધિત ધારણામાં સંભવિત ફેરફારને કારણે વૈશ્વિક ઇક્વિટી માર્કેટમાં ફરી ચિંતા ઊભી થઇ છે.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ સોમવારે રૂ. ૬૮૪.૬૮ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી. વૈશ્વિક ક્રૂડ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૮ ટકા વધીને ૯૦.૫૪ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. બેન્ચમાર્ક સોમવારે ૪૯૪.૨૮ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા ઉછળીને ૭૪,૭૪૨.૫૦ની નવી બંધ ટોચ પર સેટલ થયો હતો. એનએસસી નિફ્ટી ૧૫૨.૬૦ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા વધીને ૨૨,૬૬૬.૩૦ પર પહોંચ્યો હતો.

શેરબજારમાં અફડાતફડી અને અનેક અવરોધો છતાં એકંદરે આગેકૂચ ચાલુ રહી છે અને નિષ્ણાતો માને છે કે, શેરબજારમાં ટૂંકા ગાળામાં તેજી જળવાઇ રહેવાની અપેક્ષા છે. બજારની નજર ઇન્ફ્લેશન, ફેડરલની મિનટ્સ અને ચોથા ક્વાર્ટરના કંપની પરિણામો સહિતના પરિબળો પર રહેશે. પ્રાઇમરી માર્કેટમાં હલચલ ચાલુ રહી છે.

નિષ્ણાતો અનુસાર, બ્રોડ માર્કેટની ઉછાળો સૂચવે છે કે મજબૂતાઈ ટૂંકા ગાળામાં ચાલુ રહેશે. દરમિયાન, મજબૂત યુએસ આર્થિક ડેટાને કારણે જૂનમાં ફેડ રેટ કટ અંગે ફરી આશંકા વ્યક્ત થઇ રહી છે, પરંતુ આ ફેક્ટર અત્યારે ડિસ્કાઉન્ટ થઇ ગયેલું જણાય છે.

ટેક્નિકલ એનાલિસ્ટે કહ્યું હતું કે, નિફ્ટી નવી ઊંચી સપાટીએ બંધ થયો છે અને સાપ્તાહિક ચાર્ટ પર લોંગ અપર અને લોવર શેડો સાથે સ્મોલ બોડી બુલિશ કેન્ડલસ્ટિક પેટર્નની રચના કરી છે, જ્યાં હા.ર હાઇ અને હાયર લોની રચના સતત બીજા અઠવાડિયા સુધી ચાલુ રહી છે. ટેક્નિકલ રીતે, નિફ્ટી આ સપ્તાહમાં રેન્જબાઉન્ડ રહેવાની શક્યતા છે, સિવાય કે તે અપર સાઇડમાં ૨૨,૬૦૦ અથવા નીચલી બાજુએ ૨૨,૩૦૦-૨૨,૨૦૦ને નિર્ણાયક રીતે તોડે નહીં. આ સપાટીઓનો ભંગ જ બજારને મજબૂત દિશા આપી શકે છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે નિફ્ટીની ૨૨,૨૦૦ પોઇન્ટની સપાટી ના તૂટે ત્યાં સુધી રોકાણકારોએ ઘટાડે લેવાલીનો અભિગમ ચાલુ રાખવો જોઈએ. હાયર સાઇડમાં નિફ્ટી ૨૨,૭૦૦-૨૨,૮૫૦ ઝોન તરફ વધી શકે છે. સાપ્તાહિક ઓપ્શન્સ ડેટા સૂચવે છે કે નિફ્ટી ૫૦ માટે ૨૨,૫૦૦ નિર્ણાયક બનવાની ધારણા છે, જેમાં ૨૨,૮૦૦ ઊંચી બાજુએ મુખ્ય પ્રતિકાર અને ૨૨,૪૦૦ ઇન્ડેક્સ માટે તાત્કાલિક સપોર્ટ બનવાની સંભાવના છે.

## ગુજરાત ટૂલરૂમમાં ૧૦૦ ટકા ડિવિડન્ડ

મુંબઇઃ માઇન્સ અને મિનરલ્સના બિઝનેસમાં કાર્યરત ગુજરાત ટૂલરૂમ લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આઠમી એપ્રિલ, ૨૦૨૪ના રોજ મળેલી તેની બેઠકમાં શેરદીઠ રૂ. ૧ની ફેસ વેલ્યુના પ્રત્યેક શેર પર રૂ. ૧નું એટલે કે ૧૦૦ ટકા ડિવિડન્ડ મંજૂર કર્યું હતું. બોર્ડે વચગાળાના ડિવિડન્ડના પેમેન્ટ માટે શેરધારકોની પાત્રતા નક્કી કરવાના હેતુ માટે રેકોર્ડ ડેટ તરીકે શનિવાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૪ નક્કી કરી છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**રિટ્રોફિટમેન્ટ વર્ક**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, N.M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩ ઈ-ટેન્ડર નોટીસ નંબરઃ WR-PL-ME-EST-૪૧૦૩૭RT તારીખઃ૦૫.૦૪.૨૦૨૪ નીચેના કામો માટે ઈ-ટેન્ડરિંગ પદ્ધતિ દ્વારા મંગાવે છે, તેના સ્થાન સાથે કામનું નામઃ LHB કોચેસમાં PU ફોર્મ ટાઈપ સિટો અને બેર્થસનું રિટ્રોફિટમેન્ટ, અંદાજિત કિંમતઃ રૂ. ૩૧,૯૨,૫૭,૩૭૧.૪૩/-; બારડીઃ રૂ. ૧૭,૪૬,૩૦૦.૦૦/- ઈ-ટેન્ડરોની ખોલવાની તારીખ અને ઈ-બીડસની ઓનલાઈન સુપ્રતિ માટેની છેલ્લી તારીખ અને સમયઃ ૦૮.૦૫.૨૦૨૪ના ૧૩.૦૦ કલાકે. બીડ ફોર્મ અને અન્ય વિગતો જેમ કે સુધારા વેબસાઈટઃ www.ireps.gov.in પરથી મેળવી શકાય છે. 0029

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**શુદ્ધિપત્ર**

**ટેન્ડર નોટિસ નંબર DRM BRC 001 થી 014 of 2024-25 તારીખ 02.04.2024 ના ટેન્ડર નંબર DRM BRC 013 થી 014 of 2024-25 ના ટેન્ડર ડોક્યુમેન્ટ માટે સુધારો**

**1. ટેન્ડર નંબર DRM BRC 013 of 2024-25:-** ટેન્ડર ડોક્યુમેન્ટના પેજ નંબર 13 પર (ટેન્ડર ફોર્મ પ્રથમ શીટ) કામનો સમાન પ્રકાર "કોઇપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય" ને બદલે "NIL" તરીકે વાંચવું. **2. ટેન્ડર નંબર DRM BRC 014 of 2024-25**:- ટેન્ડર ડોક્યુમેન્ટના પેજ નંબર 13 પર (ટેન્ડર ફોર્મ પ્રથમ શીટ) કામનો સમાન પ્રકાર "કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય" ને બદલે "NIL" તરીકે વાંચવું. અન્ય નિયમો અને શરતો યથાવત રહેશે.

W/623/NIT of 2024-25 dated 05.04.2024 374

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**Hoarding Site available on long lease**

Sealed offers are invited for display of Static or LED Hoarding at Prime Location on the dead wall on the East side of our landmark building facing Southward from Haji Ali to Peddar Road.

**Approx Size : 80'x30'**

Tender Documents can be obtain from Society Manager, **Tirupati Mahalaxmi CHS. Ltd., Tirupati Apartment, Bhulabhai Desai Road, Mumbai - 400026. Phone: 022-23510898** on payment of **Rs. 2000/-** (Non - Refundable) from **10/04/2024** to **16/04/2024** between **12 pm** to **6 pm** to be submitted at society office on or before **23/04/2024** upto **15 hours.**

# તરબૂચનાં બીજની નિયંત્રણમુક્ત આયાતને મંજૂરી

નવી દિલ્હીઃ સરકારે આગામી પહેલી મેથી ૩૦ જૂન સુધીના સમયગાળા માટે વાસ્તવવિક વપરાશકાર ધોરણે માન્યતાપ્રાપ્ત પ્રોસેસરોને તરબૂચના બીજની નિયંત્રણમુક્ત આયાત માટે મંજૂરી આપવામાં આવી હોવાનું એક નોટિફિકેશનમાં જણાવ્યું છે.

ગત સોમવારે ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડે જણાવ્યું હતું કે નિયંત્રણમુક્ત આયાત માટેની આ મંજૂરી માત્ર એફએસએસએઆઈ માન્યતાપ્રાપ્ત ઉત્પાદકો જે મેલન સીડ માટેનું લાઈસન્સ ધરાવતા હશે તેને જ મંજૂરી આપવામાં આવશે. તેમ જ તમામ આયાતને મેલન સીડ ઈમ્પોર્ટ મોનેટરિંગ સિસ્ટમ હેઠળ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે, એમ નોટિફિકેશનમાં જણાવતા ઉમેર્યું હતું કે આ નિયંત્રણમુક્ત આયાત માત્ર પહેલી મેથી ૩૦મી જૂન સુધીના સમયગાળા માટે જ છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત એપ્રિલથી જાન્યુઆરી (૨૦૨૩-૨૪) દરમિયાન તરબૂચના બીજની આયાત ૮.૪ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આયાત ૫.૭૬૭ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી. ભારત તરબૂચના બીજની આયાત મુખ્યત્વે સુદાન, ઈજિપ્ત, ઈરાન અને યુએઈ ખાતેથી કરે છે.

# સોનામાં વધુ ₹ ૫૫૩નો ઉછાળો, ચાંદીએ ₹ ૮૨,૦૦૦ની સપાટી કુદાવી

## ઊંચા મથાળેથી ગૂડીપડવાની અપેક્ષિત માગનો વસવસો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આવતીકાલે અમેરિકામાં જાહેર થનારા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોનો સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ રહ્યો હતો. તેમ છતાં કેન્દ્રવર્તી બૅન્કોની વ્યાપક લેવાલી, ફંડો અને રાજકીય-ભૌગોલિક તણાવને ધ્યાનમાં લેતાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં સતત આઠમા સત્રમાં તેજી આગળ ધપી હતી. તેમ જ હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૨૩૬૫.૦૯ ડૉલરની ઊંચી સપાટી સુધી પહોંચ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૦થી ૫૫૩ની તેજી આગળ ધપી હતી અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૦૪ના ઉછાળા સાથે રૂ. ૮૨,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારો આગળ ધપ્યો હોવા છતાં જ્વેલરી ઉત્પાદકોની માગ મર્યાદિત રહી હતી. તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૦૪ની તેજી સાથે કિલોદીઠ રૂ. ૮૨,૧૦૦ના મથાળે રહ્યા હતા.

તે જ પ્રમાણે સોનામાં સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રોકાણકારોનો નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની માગ પણ શુષ્ક હોવા છતાં વિશ્વ બજાર પાછળ ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૦ વધીને રૂ. ૭૧,૫૪૪ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૫૩ વધીને રૂ. ૭૧,૮૩૨ના મથાળે રહ્યા હતા. જોકે આજે ગૂડી પડવાનો સપરમો દહાડો હોવા છતાં ઊંચા મથાળેથી રિટેલ સ્તરની અપેક્ષિત માગનો વસવસો રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે મુખ્યત્વે કેન્દ્રવર્તી બૅન્કોની અનામત માટે સોનામાં લેવાલી જળવાઈ રહેવા ઉપરાંત ફંડોની લેવાલી અને રશિયા-યુક્રેન તથા મધ્યપૂર્વના દેશોમાં વધેલા રાજકીય-ભૌગોલિક તણાવને ધ્યાનમાં લેતાં સલામતી માટેની માગને ટેકે હાજરમાં એક તબક્કે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૩૬૫.૦૯ ડૉલરની વિક્રમ સપાટીએથી પાછા ફર્યા હતા અને ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા વધીને ૨૩૬૩.૪૨ ડૉલર આસપાસ તથા હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૨૮.૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે છેલ્લા એક મહિનાથી વૈશ્વિક બજારમાં ચાંદીની સરખામણીમાં સોનામાં વધુ તેજીનું વલણ રહ્યું હોવાથી હવે છેલ્લા બે-ત્રણ સત્રથી ચાંદીમાં સટ્ટાકીય આકર્ષણ વધ્યું હોવાનું ઓએએનડીએના એશિયા પેસિફિકનાં વિશ્લેષક કેલ્વિન વૉંગે જણાવ્યું હતું.

વધુમાં સોના અંગે કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું કે હાલમાં નાણાં બજારમાં સોનાની ગણના મુખ્ય અસ્કયામત તરીકે થઈ રહી હોવાથી સોનાની તેજીને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીનો ટેકો મળી રહ્યો છે. જોકે આજે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ અને માર્ચ મહિનાના ફુગાવાના ડેટા પર હોવાથી તેઓએ નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાનું જણાય છે.

દરમિયાન આજે બૅન્ક ઑફ અમેરિકાએ વર્ષ ૨૦૨૫માં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલર અને મજબૂત ઔદ્યોગિક માગને ટેકે ચાંદીના ભાવ ઔંસદીઠ ૩૦ ડૉલર સુધી પહોંચે તેવી ધારણા મૂકી છે.

# આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ બ્લુચીપ ફંડની એયુએમ ₹ ૫૧,૫૫૪.૨૮ કરોડની સપાટીએ

મુંબઈઃ લાર્જ કેપ સેગમેન્ટમાં આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ બ્લુચીપ ફંડે તેના બેન્ચમાર્કના ૩૫ ટકા વળતરની સરખામણીમાં ૪૨ ટકા રિટર્ન આપ્યું છે. મે ૨૦૦૮માં શરૂ થયેલું આ ફંડ ૧૫ વર્ષથી વધુ સમયથી અસ્તિત્વમાં છે. આ ફંડ રૂ. ૫૧,૫૫૪.૨૮ કરોડની એયુએમ સાથે તેની શ્રેણીમાં ટોચના સ્થાને છે.

ક્ષેત્રીય ફાળવણીના સંદર્ભમાં, ફંડના ટોચના હોલ્ડિંગ્સમાં નાણાકીય સેવા ક્ષેત્રનો હિસ્સો ૨૨ ટકા, તેલ, ગેસ અને કન્ઝ્યુએબલ ઇંધણનો હિસ્સો ૧૨.૯૨ ટકા, ઓટોમોબાઈલ અને ઓટો પાર્ટસનો હિસ્સો ૧૦.૨૩ ટકા, આઇટીનો હિસ્સો ૮.૯૯ ટકા અને બાંધકામ ક્ષેત્રનો હિસ્સો ૬.૭૬ ટકા છે. મોર્નિંગસ્ટાર ઇન્ડિયાએ તાજેતરમાં ફંડને શ્રેષ્ઠ લાર્જ-કેપ ઇક્વિટી ફંડ તરીકે સ્વીકાર્યું.

લાર્જ કેપ ફંડ હોવાને કારણે, સ્કીમનું રોકાણ માર્કેટ કેપિટલાઇઝેશન દ્વારા ટોચની ૧૦૦ કંપનીઓ છે. ફંડ બોટમ અપ સ્ટોક પસંદ કરવાના અભિગમને અનુસરે છે. ફંડ પોર્ટફોલિયોમાં કંપનીને સ્થાન આપવા માટે ત્રણ બાબતો પર ધ્યાન આપે છે, જેમાં નફાકારકતાનો પ્રદર્શિત ટ્રેક રેકોર્ડ, માર્કેટ લીડર પોઝિશન અને વાજબી ગુણાંકિત વૃદ્ધિની સંભાવનાનો સમાવેશ છે.

તેના સમગ્ર ઈતિહાસ દરમિયાન ફંડે ૨૦૦૮ની નાણાકીય કટોકટી, ૨૦૧૩માં વ્યાજ દરમાં વધારો અને ૨૦૨૦ કોવિડ-૧૯ રોગચાળા સહિત વિવિધ બજારની ઘટનાઓનો સામનો કર્યો છે. આ દરેક તબક્કામાં, ફંડે ઓછી વોલેટિલિટી દર્શાવી છે અને પરિણામે રોકાણ કરી રહેલા તેના રોકાણકારોને રોકાણનો સારો અનુભવ આપ્યો છે.

લાર્જ કેપ્સમાં રોકાણ અસ્થિર સમયમાં સ્થિરતા પૂરી પાડે છે અને લાંબા ગાળાની સંપત્તિ સર્જનને પ્રોત્સાહન આપે છે. આ કંપનીઓ મજબૂત ફંડામેન્ટલ્સનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે, જે મિડ-કેપ્સ અને સ્મોલ-કેપ્સની સરખામણીમાં તેમને ઓછી અસ્થિર બનાવે છે. ફંડની સ્થાપના સમયે કરવામાં આવેલા રૂ. ૧૦ લાખનું રોકાણ ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં વધીને લગભગ રૂ. ૯૬ લાખ સુધી પહોંચ્યું છે, જે ૧૫.૩૩ ટકાનો વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે.

# સરકારે ટેકાના ભાવે ચણાની પ્રાપ્તિ શરૂ કરી, ઉત્પાદન સંતોષજનક

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે આજથી સ્થાનિકમાં વધતા ભાવને નિયંત્રણમાં રાખવા બફર સ્ટોકની જાળવણી માટે અને વિવિધ રાજ્યોની કલ્યાણ યોજનાઓ માટે ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવથી ચણાની પ્રાપ્તિની શરૂઆત કરી હોવાનું જણાવ્યું છે. અત્રે ગ્રાહક બાબતોનાં સચિવ નીધિ ખરેએ પત્રકાર વર્તુળોને જણાવ્યું હતું કે કૃષિ મંત્રાલયે ચણાની ઊપજ સારી હોવાથી ઉત્પાદન અંગે કોઈ ચિંતાનો વિષય નથી. જોકે તમામ રાજ્યોનાં ટ્રેડરો, આયાતકારો અને ડીલરોને આગામી ૧૫ એપ્રિલથી સ્ટોકની પોઝિશન જાહેર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે જેથી સંગ્રહખોરી અટકે અને ભાવ પણ નિયંત્રણમાં રહે એમ તેમણે જણાવતાં ઉમેર્યું હતું કે આવતીકાલે (બુધવારે) ગ્રાહક બાબતોનાં વિભાગે આયાતકારો, ટ્રેડરો, કસ્ટમ વિભાગ અને રાજ્ય સ્તરના અધિકારીઓ સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં કસ્ટમ્સમાં રહેલા આયાતી કઠોળ અંગે ચર્ચા કરવામાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૫ની રવી માર્કેટિંગ મોસમ માટે ચણાના લઘુતમ ટેકના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૫૪૪૦ નિર્ધારિત કરવામાં આવ્યા છે. દેશની મંડીઓમાં ચણાની આવકો શરૂ થતાં ચણાના ભાવ દબાણ હેઠળ આવ્યા છે અને ભાવ ટેકાની સપાટી આસપાસ પહોંચ્યા હોવાથી અમે ટેકાના ભાવે પ્રાપ્તિ પ્રક્રિયા શરૂ કરી હોવાનું તેમણે જણાવ્યું હતું. પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ હેઠળ ભાવ વધારાના સંજોગોમાં માલ છૂટો કરવા માટે કઠોળનો સ્ટોક કરવા સહકારી નાફેડ અને એનસીસીએફ દ્વારા ચણાની પ્રાપ્તિ હાથ ધરવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર વિવિધ રાજ્ય સરકારો સાથે ખરીદ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ચર્ચા કરી રહી છે. તેમ જ ખાસ કરીને ઝારખંડ જેવાં કઠોળના બિનપરંપરાગત ઉત્પાદક રાજ્યો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વિવિધ રાજ્યોની કલ્યાણ યોજનામાં ચણાના વિતરણ માટેની માગમાં પણ વધારો થયો હોવાથી બફર સ્ટોક પણ દબાણ હેઠળ રહે છે. અગાઉ માત્ર ત્રણથી ચાર રાજ્યો જ કલ્યાણ યોજના હેઠળ વિતરણ માટે બફરમાંથી ચણાની ખરીદી કરતા હતા, પરંતુ હવે ૧૬ રાજ્યો પોષક સુરક્ષા માટે બફરમાંથી ચણાની ખરીદી કરી રહ્યા છે.

**પબ્લિક નોટિસ**

આથી અહી નોટિસ આપવામાં આવે છે કે અમે નીચે જણાવેલ વ્યક્તિઓના કોઈપણ પ્રકારના દાવાથી મુકત, સ્વચ્છ અને માર્કેટેબલ માલિકી હક્ક (ટાઈટલ)ના દાવાની તપાસ કરી રહ્યા છીએ:

(૧) શ્રી જયદીપ જવાહિર કાપડિયા પોતાના માટે અને જયદીપ જવાહિર કાપડિયા એચયુએફના કર્તા અને મેનેજર તરીકે અને જવાહિર ત્રિકમદાસ કાપડિયા એચયુએફ તરીકે

(૨) શ્રી ઉપેન્દ્ર ત્રિકમદાસ કાપડિયા પોતાના માટે અને છબિલદાસ કાપડિયા એચયુએફના કર્તા અને મેનેજર તરીકે તથા ત્રિકમદાસ છબિલદાસ કાપડિયા એચયુએફ અને ઉપેન્દ્ર ત્રિકમદાસ કાપડિયા એચયુએફના મેનેજર તરીકે

(૩) શ્રી દિલીપ ત્રિકમદાસ કાપડિયા પોતાના માટે અને દિલીપ ત્રિકમદાસ કાપડિયા એચયુએફના કર્તા અને મેનેજર તરીકે

(૪) શ્રી અતુલ ત્રિકમદાસ કાપડિયા પોતાના માટે અને કર્તા તરીકે તથા અતુલ ત્રિકમદાસ કાપડિયા એચયુએફના મેનેજર તરીકે

(૫) શ્રીમતી દર્શા કૌશલ દલાલ (લગ્ન પહેલા દર્શા ઉપેન્દ્ર કાપડિયા)

(૬) શ્રીમતી કામાક્ષી અનુપમ તિવારી (લગ્ન પહેલા કામાક્ષી ઉપેન્દ્ર કાપડિયા)

(૭) કુ. હિમાની અતુલ કાપડિયા

(૮) શ્રીમતી હીના કાપડિયા (લગ્ન પહેલા હીના અતુલ કાપડિયા)

(૯) શ્રી નિખિલ અજીતસિંહ કાપડિયા, પોતાના માટે અને અજીતસિંહ છબિલદાસ કાપડિયા એચયુએફ અને નિખિલ અજીતસિંહ કાપડિયા એચયુએફના કર્તા અને મેનેજર તરીકે

(૧૦) શ્રીમતી સુવર્ણા પંકજ કાપડિયા

(૧૧) શ્રીમતી લીના પ્રદીપ પાલીચા (લગ્ન પહેલા લીના અજીતસિંહ કાપડિયા)

(૧૨) શ્રી નયન હર્ષકુમાર કાપડિયા પોતાના માટે અને નયન હર્ષકુમાર કાપડિયા એચયુએફ અને હર્ષકુમાર છબિલદાસ કાપડિયા એચયુએફના કર્તા અને મેનેજર તરીકે

(૧૩) શ્રીમતી સંધ્યા દીપક ભીમાણી (લગ્ન પહેલા સંધ્યા હર્ષકુમાર કાપડિયા)

(૧૪) શ્રીમતી ચૌલા ચંદ્રહાસ દયાલ (લગ્ન પહેલા ચૌલા હર્ષકુમાર કાપડિયા) અને

(૧૫) શ્રીમતી ભાવના મિહિર વિરજી (લગ્ન પહેલા ભાવના હર્ષકુમાર કાપડિયા)

(અહી પછીથી "**માલિકો**" તરીકે ઓળખવામાં આવશે) નીચેની **પ્રથમ અનુસૂચિ** ("**મિલકત**") માં વર્ણવેલ મિલકતને માલિકોએ રજૂઆત કરી છે કે અહી લખેલી **બીજી અનુસૂચિ**માં વધુ ખાસ કરીને સૂચિબદ્ધ મિલકતના સંદર્ભમાં મૂળ ટાઈટલ દસ્તાવેજો તેમની કસ્ટડીમાં નથી અને ડયુ ડિલિજન્સ હાથ ઘરવા છતાં ("**મૂળ ટાઈટલ દસ્તાવેજો**") ખોવાઈ ગયા છે/ ગુમાયેલ છે અને / અથવા શોધી શકતા નથી.

તમામ વ્યકિતઓ/હસ્તીઓ, અન્ય બાબતોની સાથે, કોઈપણ બેંક અને/અથવા નાણાકીય સંસ્થા અને/ અથવા સત્તાવાળા મિલકત અથવા તેના કોઈ હિસ્સાના સંબંધમાં વેચાણ, ટ્રાન્સફર, લીઝ, પૂર્વાધિકાર, ઈઝમેન્ટ, બદલી, ભેટ, ગીરો, ચાર્જ, ટ્રસ્ટ, જાળવણી, વારસો, વ્યવસાય, કબજો, લીવ એન્ડ લાઈસન્સ, ભાડુઆત/પેટા-ભાડુઆત, સોંપણી, પેટા-પટ્ટા, વસિયત, સંભાળ લેનારના આધારે, ઉત્તરાધિકાર, કૌટુંબિક વ્યવસ્થા/પતાવટ, કાયદાની કોઈપણ અદાલતનું હુકમનામુ અથવા હુકમ, કોન્ટ્રાકટ્સ/કરારો, અથવા અન્યથા કોઈપણ રીતે અથવા મિલકતના સંદર્ભમાં મૂળ ટાઈટલ દસ્તાવેજાનો કબજો ધરાવતા હોય, ઉપરોકત કોઈપણના આધારે અથવા અન્યથા કોઈપણ દાવો, હક, ટાઈટલ, લાભ, હિત, હિસ્સો, અથવા માગણી ધરાવતા હોય તો તે બાબતની જાણ લેખિતમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને જાની એન્ડ પરીખ, ઍડવોકેટ્સ એન્ડ સૉલિસિટર્સ, જેની ઓફિસ ૩૧૧, દલામલ ટાવર્સ, ૨૧૧ ફ્રી પ્રેસ જર્નલ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ ૪૦૦૦૨૧ ખાતે આવેલી છે ત્યાં આ પ્રકાશિત થયાના ૧૪ દિવસમાં કરવાની રહેશે, આમ નહી કરાતા આવા દાવા અથવા વાંધાઓ, જો કોઈ હોય તો, માફ કરી દીધેલા અને/અથવા છોડી દેવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે.

**પ્રથમ અનુસૂચી**: જમીનનો તે ટુકડો અથવા કકડો જેનું માપ લગભગ ૨,૨૨૧ ચોરસ યાર્ડ (૧,૮૫૭.૦૨ ચોરસ મીટરની સમકક્ષ) અથવા તેની આસપાસ છે જે મલબાર હિલ ડિવિઝનના કેડસ્ટ્રલ સર્વે નંબર ૫૮૧ ધરાવે છે, જેમાં "લક્ષ્મી નિવાસ" તરીકે ઓળખાતો બંગલો છે, જેમા ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાન્ત ઉપલા બે માળ અને પાછળની બાજુનું આઉં માળખું ધરાવતું મકાન જેમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાન્ત ઉપલા એક માળનો સમાવેશ થાય છે, કુલ બિલ્ટ- અપ વિસ્તાર આશરે ૧૯,૮૯૧.૮૭ ચોરસ ફૂટનો છે અને તે ૩૭, નેપિયન સી રોડ પર છે, જે મુંબઈના રજિસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અને સબ-ડિસ્ટ્રીકટમાં આવેલો છે જેની બાંધણી નીચે પ્રમાણે છે:

ઉત્તરમાં અથવા તે તરફ: દાદાભાઈ નવરોજી દાવરની મિલકતો દ્વારા

પૂર્વમાં અથવા તે તરફ: શ્રી અરદેશર બી. દુબાશની મિલકતો દ્વારા

પશ્ચિમમાં અથવા તે તરફ: નેપિયન સી રોડ તરીકે ઓળખાતા જાહેર માર્ગ દ્વારા હવે લક્ષ્મીબાઈ જગમોહનદાસ માર્ગ તરીકે ઓળખાય છે

દક્ષિણમાં અથવા તે તરફ: શ્રી અરદેશર બી. દુબાશની મિલકતો દ્વારા

**બીજી અનુસૂચી**: ૧. ડૉ. એરૂચશૉ જમશેદજી હકીમ અને છબિલદાસ લખમીદાસ ભીમજી અને નારણદાસ લખમીદાસ ભીમજી વચ્ચે તારીખ ૬ જુલાઈ ૧૯૧૭ના રોજ કરાર.

૨. નારણદાસ લક્ષ્મીદાસના વિધવા જમનાબાઈ, લક્ષ્મીદાસ ભીમજી ના વિધવા જવેરબેન અને છબિલદાસ લક્ષ્મીદાસ વચ્ચે તારીખ ૨૦ સપ્ટેમ્બર ૧૯૨૧ના રોજ કરાર.

તારીખ: ૧૦ એપ્રિલ ૨૦૨૪

**જાની એન્ડ પરીખ** માટે,

ઍડવોકેટ્સ એન્ડ સૉલિસિટર્સ

નીરવ સી. જાની, પાર્ટનર

જાની એન્ડ પરીખ, ૩૧૧, દલામલ ટાવર્સ, ૨૧૧ ફ્રી પ્રેસ જર્નલ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ ૪૦૦૦૨૧

ઈમેલ: nirav.jani@jplaw.in

# આયાતી તેલમાં મિશ્ર વલણ, કામકાજો પાંખાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૯૯ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૫ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ એકંદરે વૈશ્વિક બજારનાં મિશ્ર અહેવાલ ઉપરાંત આજે ગૂડી પડવાની જાહેરરજાને કારણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે ૧૦ કિલોદીઠ આયાતી તેલમાં આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે સન ક્રૂડમાં રૂ. ૧૦ અને સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નિરસ માગે સ્થાનિકમાં કપાસિયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને અન્ય દેશી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં રજાના માહોલમાં સેલરિસેલ ધોરણે અંદાજે આરબીડી પામોલિનના છૂટાછવાયા વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૭૦થી ૯૭૨ની રેન્જમાં થયા હતા. આ સિવાય ગોલ્ડન એગ્રીના અંદાજે ૨૦૦થી ૨૫૦ ટન આરબીડી પામોલિનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૭૨માં થયા હતા. જોકે આજે સત્રના અંતે ડાયરેક્ટ ડિલિવરી ધોરણે અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૯૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૯૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૯૬૫, ગોલ્ડન એગ્રીના રૂ. ૯૭૫થી ૯૮૦ અને રૂચીના સન ફ્લાવરના ૧૦થી ૩૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૬૫, સોયા રિફાઈન્ડના ૧થી ૧૫ મે ડિલિવરી શરતે રૂ. ૯૬૫ અને આરબીડી પામોલિનના રૂ. ૯૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૭૦, ક્રૂડ પામતેલના રૂ. ૯૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૯૬૫, સોયા ડિગમના રૂ. ૯૨૫, સન રિફાઈન્ડના રૂ. ૯૬૦, સન ક્રૂડના રૂ. ૮૮૦, સિંગતેલના રૂ. ૧૫૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૮૫ અને સરસવના રૂ. ૧૦૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૦થી ૯૩૫માં અને રૂ. ૧૪૭૫માં તથા તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે રાજસ્થાન ખાતે ૪.૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૪૨૫થી ૫૪૫૦માં થયા હતા.

# ચીન અને કોરિયાથી આયાત થતાં હાઈડ્રોલિક રૉક બ્રેકર પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની ભલામણ

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રાલય હેઠળનાં ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝએ સ્થાનિક ઉદ્યોગના હિત જાળવી રાખવા માટે તપાસના અંતે ચીન અને કોરિયાથી આયાત થતાં સસ્તા હાઈડ્રોલિક રૉક બ્રેકર પર પાંચ વર્ષના સમયગાળા માટે ડેફિનેટિવ એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરી છે. ડોઝકોએ ચીન અને કોરિયાથી આયાત થતાં સસ્તા મશીનને કારણે કારણે સ્થાનિક ઉત્પાદકોનાં હિત જોખમાઈ રહ્યા હોવાથી એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરવા માટે અરજી કરી હતી. ડીજીટીઆરએ તપાસનાં અંતે મશીનનાં ડૉલરના મૂલ્યમાં સીઆઈએફ ધોરણના ભાવનાં ૪.૫૫ ટકાથી ૧૬૨.૫ ટકાની રેન્જમાં ડ્યૂટીની ભલામણ કરવામાં આવી છે. ડીજીટીઆરએ અન્ય એક નોટિફિકેશનમાં ચીન, યુરોપિયન યુનિયન, જાપાન અને કોરિયાથી આયાત થતાં સોડિયમ સાઈનાઈડ પર પણ પાંચ વર્ષ માટે ટનદીઠ ૧૩ ડૉલરથી ૫૫૪ ડૉલરની રેન્જમાં એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરી છે. તેમ જ ચીનથી આયાત થતાં ઈલેક્ટ્રોલીટીક ટીન પ્લેટ ૪૦૧ ડાયામીટર (૯૯ એમએમ) અને ૩૦૦ ડાયામીટર (૭૩ એમએમ) સહિતની ઈઝી ઓપન એન્ડસ ઑફ ટીન પ્લેટ પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરી છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘ફક્ત અને ફક્ત મોદી માટે’

## મહાયુતિને રાજ ઠાકરેનો બિનશરતી ટેકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસભાની ચૂંટણીની જાહેરાત થઇ ત્યારથી જ મહારાષ્ટ્રમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે) મહાયુતિ(ભાજપ-શિવસેના-એનસીપી)માં સામેલ થશે કે નહીં તેની અટકળો ચાલી રહી હતી. જોકે, ગૂડી પડવા નિમિત્તે શિવાજી પાર્ક ખાતે મનસે પ્રમુખ રાજ ઠાકરે દ્વારા યોજવામાં આવેલી રેલીમાં રાજ ઠાકરેએ આ તમામ અટકળો પર પૂર્ણ વિરામ મૂકી દીધું હતું. રાજ ઠાકરેએ સત્તાવાર રીતે મહાયુતિને પોતાનો બિનશરતી ટેકો આપવાની જાહેરાત કરી હતી. પોતે લોકસભાની ચૂંટણી નહીં લડે અને આ ચૂંટણીમાં મહાયુતિને ફક્ત અને ફક્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કારણે બિનશરતી ટેકો આપશે, તેવી જાહેરાત રાજ ઠાકરેએ કરી હતી.

ઉલ્લેખનીય છે કે રાજ ઠાકરે મહાયુતિમાં પ્રવેશ કરશે અથવા તો મનસે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં વિલીન થઇ જશે તેવી જાતભાતની ચર્ચાઓ ચાલી હતી. તેમાં પણ રાજ ઠાકરે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની મુલાકાતે ગયા ત્યારબાદ આ અટકળોએ જોર પકડ્યું હતું. જેને પગલે ગૂડી પડવા નિમિત્તે યોજાનારી રાજ ઠાકરેની સભા ઉપર બધાની નજર હતી. આ સભામાં રાજ ઠાકરે પોતાનો નિર્ણય જાહેર કરશે તેવી શક્યતા હોવાના કારણે બધાની નજર તે શું બોલે છે તેના પર હતી. તેમણે પણ આખરે બધી ચર્ચાઓ પર પડદો પાડતા પોતાનો નિર્ણય સ્પષ્ટ કર્યો હતો અને મહાયુતિને પોતાને બિનશરતી ટેકો જાહેર કર્યો હતો. તેમણે પોતાના ભાષણમાં તેમણે નરેન્દ્ર મોદીની ભૂતકાળમાં કરેલી ટીકાને પણ યોગ્ય ગણાવી હતી અને મોદી સરકારે કરેલા સારા કામોના વખાણ પણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે મને જે વસ્તુ યોગ્ય લાગી તેના મેં હંમેશા વખાણ કર્યા છે અને જે અયોગ્ય લાગી તેનો હંમેશા વિરોધ કર્યો છે. ■

### મોદીને વડા પ્રધાનપદ માટે યોગ્ય ગણાવનાર હું પહેલો વ્યક્તિ

રાજ ઠાકરેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કરતા કહ્યું હતું કે જ્યારે ૨૦૧૪માં તે પહેલી વખત ચૂંટણી લડી રહ્યા હતા ત્યારે તેમણે વડા પ્રધાન બનવું જોઇએ એમ કહેનારો હું પહેલો વ્યક્તિ હતો. કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવાઇ ત્યારે પણ મેં આ નિર્ણયનું સ્વાગત કરી સરકારને સમર્થન આપ્યું હતું.

### મહારાષ્ટ્ર માટે મોદીથી અપેક્ષા

વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી ઘણી અપેક્ષા હોવાનું કહેતા રાજ ઠાકરેએ કહ્યું હતું કે મને મહારાષ્ટ્ર માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીથી ઘણી બધી અપેક્ષા છે. મહારાષ્ટ્રને દરેક ક્ષેત્રમાં મોટો ફાળો મળશે એવી આશા હું વડા પ્રધાન મોદી પાસેથી રાખું છું. તે મારી અપેક્ષા પૂરી કરશે તેવી મને આશા છે.

### મનસે માટે મહાયુતિના નેતાઓની લાલ જાજમ તૈયાર

રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે) મહાયુતિમાં સામેલ થશે કે નહીં તેનો ફક્ત ક્યાસ કાઢવામાં આવી રહ્યો હતો ત્યારથી જ મહાયુતિના નેતાઓ મનસેના ખુલ્લા હાથે સ્વાગત કરવા માટે તૈયાર દેખાઇ રહ્યા હતા. રાજ ઠાકરેએ મહાયુતિને ટેકો જાહેર કર્યો એ પહેલા પણ રાજ ઠાકરેનું સ્વાગત કરવા માટે મહારાષ્ટ્રના મહાયુતિના દિગ્ગજ નેતાઓ તૈયાર દેખાતા હતા. ભૂતકાળમાં પણ અશોક ચવ્હાણ અને દેવેન્દ્ર ફડણવીસ ઉપરાંત મહાયુતિના અનેક દિગ્ગજ નેતાઓ મનસેના મહાયુતિમાં સામેલ થવા વિશે સકારાત્મક અભિગમ દાખવી

(જુઓ પાનું ૪) ▸▸

# બાળાસાહેબ મૈત્રીપૂર્ણ હતા, પરંતુ ઉદ્ધવ અમને ઘરનોકર માનતા હતા: શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જૂન ૨૦૨૨માં જેમના ઉદ્ધવ ઠાકરે સામેના બળવાને કારણે શિવસેનામાં વિભાજન થયું હતું તે એકનાથ શિંદે એવો આરોપ લગાવ્યો હતો કે અવિભાજિત શિવસેનામાં મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કાર્યકર્તાઓ સાથે ઘરનોકરની જેમ વર્તી રહ્યા હતા.

બાળાસાહેબ ઠાકરે (ઉદ્ધવના પિતા અને શિવસેનાના સ્થાપક) અમને મિત્ર સમાન દરજ્જો આપતા હતા, પરંતુ તેઓ (ઉદ્ધવ) અમારી સાથે નોકર જેવું વર્તન કરતા હતા એમ એકનાથ શિંદેએ નાગપુરના રામટેક ખાતે પાર્ટી કાર્યકર્તાઓની બેઠકમાં કહ્યું હતું.

સેનાના વૈચારિક સાથી ન હોય તેવા કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) સાથે જોડાણ કરવાના ઉદ્ધવના નિર્ણયનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, હું અલગ થઈ ગયો કારણ કે પાર્ટીની વિચારધારા સાથે સમાધાન કરવામાં આવ્યું હતું. મહા વિકાસ આઘાડી ગઠબંધનની રચના ઓક્ટોબર ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના દિવસો પછી કરવામાં આવી હતી, જેમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટી-સેના યુતિને સ્પષ્ટ બહુમતી મળી હતી. જો કે, મુખ્યમંત્રીની ખુરશી કોને મળશે તે અંગેના વિવાદને પગલે ઉદ્ધવે લાંબા સમયથી અને વૈચારિક સાથી ભાજપ સાથેના સંબંધો તોડી નાખ્યા અને કોંગ્રેસ-એનસીપી સાથે ગયા.

દરમિયાન, રવિવારની નાગપુરની બેઠકમાં, શિંદેએ લોકોને આગામી લોકસભા

(જુઓ પાનું ૪) ▸▸

# ગૂડીપડવા ચાર જૂને ઊજવીશું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગુડી પડવાનો તહેવાર મહારાષ્ટ્રના રાજકારણમાં પણ એક નવું ચેતન લઇને આવ્યો અને ઠેર ઠેર રાજકીય પક્ષો દ્વારા રેલીઓ અને સભાઓ યોજીને પૂરજોશમાં પ્રચાર કરવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ પોતાના ગઢ થાણેમાં પ્રચાર સભા યોજી હતી અને એ દરમિયાન વિપક્ષ પર પ્રહાર કરવાની સાથે સાથે મહાયુતિની જીતનો વિશ્વાસ પણ જાહેર કર્યો હતો.

તેમણે ગૂડી પાડવાની ખરી ઉજવણી ૪ જૂન બાદ કરવામાં આવશે એમ કહી ચૂંટણીમાં મહાયુતિના વિજયનો વિશ્વાસ જાહેર કર્યો હતો અને કહ્યું હતું કે નવા વર્ષની બધાને જ શુભેચ્છા. આ નિમિત્તે બધાને જ સુખ, સમાધાન અને સમૃદ્ધિ મળે તેવી પ્રાર્થના કરું છું. આજે મહારાષ્ટ્રમાં બધી જ જગ્યાએ પડવાની શોભાયાત્રા નીકળી રહી છે અને આપણી મરાઠી સંસ્કૃતિ, પરંપરા ટકાવી રાખવાનું કામ આ શોભાયાત્રાઓ દ્વારા થાય છે. આ દ્વારા સમાજને એક સંદેશ જાય છે. જોકે આપણે ૪ જૂને વિજયના ગૂડી પડવાનો તહેવાર ઉજવીશું. આજના દિવસે પ્રભુ રામે રાવણ ઉપર વિજય મેળવ્યો તે

(જુઓ પાનું ૪) ▸▸







## હિંદુ નવવર્ષનો ચોફેર હરખ

ચૈત્ર મહિનાના પહેલો દિવસ એટલે કે હિંદુઓનું નવું વર્ષ અને વિક્રમ સંવતમાં વધુ એક વર્ષનો ઉમેરો. મહારાષ્ટ્રમાં હિંદુઓના નવા વર્ષે ગૂડીપડવાનો તહેવાર જોશભેર ઉજવવામાં આવે છે અને તેમાં પણ મુંબઈમાં તો આ જોશનો જોટો જડે જ નહીં. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગૂડીપડવા નિમિત્તે ઠેરઠેર ભગવા ફેંટા અને કૂરતા પહેરીને હિંદુ પુરુષો, તો પરંપરાગત સાડીઓ પહેરીને હિંદુ મહિલાઓ ગૂડીપડવાની ઉજવણી કરતા જોવા મળ્યા હતા. ગિરગાંવમાં તો જાણે મેળો સજાવ્યો હોય તે રીતના દૃશ્યો દેખાયા હતા. જ્યારે મુંબઈમાં પરંપરાગત વસ્ત્રો પહેરેલી અને શણગાર સજેલી નારીશક્તિએ ભગવા ફેંટા પહેરીને બાઇક રેલી યોજીને સ્ત્રીસશક્તીકરણ, આધુનિકતા અને પરંપરાનો ત્રિમેળ દર્શાવ્યો હતો. બીજી બાજુ એક યુવકે હિંદુ હૃદયસમ્રાટ છત્રપતિ શિવાજી મહારાજની વેશભૂષા પહેરીને હિંદુ નવા વર્ષનું સ્વાગત કરી ઉજવણી કરી હતી. આખા મુંબઈમાં ગૂડી પડવા નિમિત્તે હર્ષોલ્લાસ, નવી આશાનું વાતાવરણ જોવા મળ્યું હતું. (અમય ખરાડે)

# રાહુલ નાર્વેકર સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

## અલીબાગનું નામ બદલવા મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો

અલીબાગ: વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર વિરુદ્ધ આચારસંહિતા ભંગની ફરિયાદ રાયગઢ કલેક્ટર પાસે નોંધવામાં આવી છે. આ ફરિયાદમાં જણાવાયું છે કે ચૂંટણી આચારસંહિતા લાગુ હોવા છતાં નાર્વેકરે અલીબાગનું નામ બદલવા અંગે મુખ્ય પ્રધાનને પત્ર લખ્યો હતો. તેથી નાર્વેકર વિરુદ્ધ ચૂંટણી આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ કેસ દાખલ કરવા અને કાર્યવાહી કરવા અલીબાગના વકીલ રાકેશ પાટીલે રાયગઢના જિલ્લા કલેક્ટર અને ચૂંટણી રિટર્નિંગ ઓફિસરને વિનંતી કરી છે. તેથી, નોર્વેકર માટે મુશ્કેલીઓ વધવાના સંકેતો છે. નાર્વેકરે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને અલીબાગનું નામ બદલીને માયનાક નગરી રાખવા અને અલીબાગ ખાતે માયનાક ભંડારીનું ભવ્ય સ્મારક બનાવવાની માગણી કરતો પત્ર આપ્યો હતો. જો કે નાર્વેકરે મુખ્ય પ્રધાનને લખેલા પત્રની તારીખ ૧૫મી માર્ચ ૨૦૨૪ દર્શાવવામાં આવી છે, તે સ્પષ્ટપણે જોવા મળે છે. દેશમાં ૧૬ માર્ચ, ૨૦૨૪થી લોકસભા ચૂંટણી માટે આચારસંહિતા લાગુ કરવામાં આવી છે.

આ બાબતનો ખ્યાલ હોવા છતાં નાર્વેકરે ૨૨ માર્ચ, ૨૦૨૪ ના રોજ અલીબાગનું નામ બદલવા અંગેનો પત્ર આપ્યો હતો. તેથી વકીલ રાકેશ પાટીલે રાયગઢના કલેક્ટરને ફરિયાદ કરી છે કે આ આચારસંહિતાનું ઉલ્લંઘન છે. ■

# ૧૦૦ કરોડની ‘વસૂલી’નો ધંધો કરનારા મોદીની ટીકા કરે છે!

## વડા પ્રધાન મોદીની ટીકા કરનારાઓ પર ભાજપનો પલટવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઉનાળો અને ચૂંટણીની મોસમ બંને એકસાથે આવી છે અને બંનેમાં ધીમે ધીમે ગરમાટો વધી રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રમાં છે ત્યારે મહારાષ્ટ્રનું રાજકારણ પણ વધારે ગરમાયું છે અને વિપક્ષ દ્વારા મોદીને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. એવામાં સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા પણ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર સાધવામાં આવેલા ટીકાસ્ત્રોનો જવાબ આપવામાં આવ્યો છે. ઉદ્ધવ ઠાકરે દ્વારા મોદીની કરવામાં આવેલી ટીકાનો જવાબ આપતા ભાજપે તેમના કાળમાં થયેલા કૌભાંડો

(જુઓ પાનું ૪) ▸▸

# દેવેન્દ્ર ફડણવીસની મુલાકાતને પગલે ઉમેદવારી રદ

## વંચિત બહુજન આઘાડીના ઉમેદવારને લાગ્યું ‘ગ્રહણ’

મુંબઈ: ચૂંટણીની મોસમ શરૂ થઇ હોવાથી નેતાઓના એક પક્ષમાંથી બીજા પક્ષમાં પ્રવેશવાનો તેમ જ પોતાની માટે વધુ સારી તક શોધવાનો સિલસિલો પણ શરૂ થઇ ગયો છે. જોકે ફક્ત હરીફ નેતાના મળવાના કારણે એક ઉમેદવારની ઉમેદવારી રદ થઇ ગઇ હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વંચિત બહુજન આઘાડીના એક ઉમેદવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન ફડણવીસ સાથે મુલાકાત કરતા તેમની ઉમેદવારી રદ કરવામાં આવી છે. ફડણવીસને મળનારા ઉમેદવારની ઉમેદવારી રદ કરવાનો ફેંસલો વંચિત બહુજન આઘાડીના પ્રમુખ

(જુઓ પાનું ૪) ▸▸

# ચોમાસામાં મુંબઈ નહીં થાય જળબંબાકાર

## પાલિકા કમિશનર ગગરાણીનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દર વર્ષે ૧૦૦ ટકા નાળાસફાઈના દાવા બાદ પણ પહેલા જ વરસાદમાં મુંબઈ જળબંબાકાર થઈને મુંબઈ મહાનગરપાલિકાના તમામ દાવા પોકળ સાબિત થતા હોય છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અને પ્રશાસક ડૉ. ભૂષણ ગગરાણીએ ચોમાસા પહેલા મુંબઈના જુદા જુદા વિસ્તારોની ભૌગોલિક માહિતી લેવા માટે પોતે રસ્તા પર ઊતર્યા હતા અને ચોમાસા પહેલાં ૧૦૦ ટકા નાળાસફાઈ થઈ જશે અને મુંબઈ જળબંબાકાર થશે નહીં, એવો દાવો કર્યો હતો.

ચોમાસામાં મુંબઈ જળબંબાકાર થાય નહીં તે માટે ૨૦ દિવસ પહેલા જ પાલિકામાં કમિશનર અને પ્રશાસકનું પદ સંભાળનારા ડૉ. ભૂષણ ગગરાણી સીધા રસ્તા પર ઊતર્યા છે. તેમની સાથે નવા એડિશનલ કમિશન ડૉ.અમિત સૈની અને એડિશનલ કમિશનર અભિજિત બાંગર પણ જોડાયા હતા. મંગળવારે ગુડી પડવાની સાર્વજનિક રજાને દિવસે જ સંબંધિત અધિકારીઓની સાથે જ વહેલી સવારથી જ તેઓ મુંબઈના પૂર્વ ઉપનગરમાં ફર્યા હોવાનું કહેવાય છે.

કમિશનરની સાથે જ બંને નવા

(જુઓ પાનું ૪) ▸▸

# ગૂડીપડવાએ વરુણરાજાએ પુરાવી હાજરી

## રાજ્યમાં પાંચ દિવસ કમોસમી વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના તાપમાનમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. એક તરફ આકરો ઉનાળો તો બીજી તરફ રાજ્યના અમુક જિલ્લામાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. મંગળવારે ગુડી પડવાના દિવસે રાજ્યના અનેક જિલ્લામાં વરુણદેવતાએ હાજરી પૂરાવી હતી. કમોસમી વરસાદને પગલે જોકે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. હવામાન ખાતાએ રાજ્યમાં આગામી પાંચ દિવસ કમોસમી વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

મંગળવારે ગુડી પડવાએ રાજ્યમાં મરાઠવાડા અને વિદર્ભના અમુક જિલ્લામાં વીજળીના ગડગડાટ સાથે હળવો વરસાદ પડ્યો હતો. તો મધ્ય મહારાષ્ટ્રમાં પણ અમુક જિલ્લામાં વરસાદના છાંટા પડ્યા હતા. મરાઠવાડાના હિંગોલી, નાંદેડ, લાતૂર,

(જુઓ પાનું ૪) ▸▸

# એન્ટોપ હિલમાં મિત્ર પર ગોળીબાર કરી ફરાર થયેલો શૂટર ડોમ્બિવલીમાં ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આર્થિક વિવાદમાં એન્ટોપ હિલ પરિસરમાં મિત્ર પર ગોળીબાર કરી ફરાર થઈ ગયેલા શૂટરને ક્રાઈમ બ્રાન્ચે ડોમ્બિવલીથી પકડી પાડ્યો હતો. અનેક ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીએ હજુ બે શખસ પર જીવલેણ હુમલાની તૈયારી કરી હતી, એવું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના અધિકારીઓએ મંગળવારની વહેલી સવારે વિવેક દેવરાજ શેટ્ટીયાર (૨૬)ને ડોમ્બિવલીમાં કટઈ નાકા સ્થિત કોળેગાંવથી પકડી પાડ્યો હતો. તેની પાસેની સૅક બૅગમાંથી દેશી બનાવટની પિસ્તોલ અને છ કારતૂસ જપ્ત કરવામાં આવી હતી. આરોપીએ ગુનો આચરતી વખતે પહેરેલાં કપડાં પણ પોલીસે હસ્તગત કર્યાં હતાં.

અધિકારીના જણાવ્યા મુજબ એન્ટોપ હિલમાં નવતરુણ

(જુઓ પાનું ૪) ▸▸

# મીઠી નદીની અત્યાર સુધી પંચાવન ટકા સફાઈનો પાલિકાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ૨૬ જુલાઈ, ૨૦૦૫ના થયેલી અતિવૃષ્ટિ દરમિયાન મીઠી નદીમાં આવેલા પૂરે મુંબઈ જળબંબાકાર કરી નાંખી હતી. મીઠી નદીને કિનારે થયેલા અતિક્રમણની સાથે જ મીઠી નદીની અપૂરતી સફાઈને પગલે થયેલી દુર્ઘટનામાંથી બોધ લીધા બાદ મુંબઈ મહાનગરપાલિકા દર વર્ષે ચોમાસા પહેલા અને ચોમાસા બાદ મીઠી નદીની સફાઈ કરાવતી હોય છે. અત્યાર સુધી મીઠી નદીની ૫૪.૫૭ ટકા સફાઈ થઈ હોવાનો દાવો મુંબઈ મહાનગરપાલિકાએ કર્યો છે.

ચોમાસા આગમન પહેલા પાલિકાએ નાની મોટી ગટરો, નાળાની સાથે જ મીઠી નદીની સફાઈનું કામ હાથમાં લીધું છે. મીઠી નદીમાંથી ગાળ (કાંપ-કચરો-કાદવ) કાઢવાનું કામ કૉન્ટ્રેક્ટર પાસેથી કરાવવામાં આવે છે. વર્ષ બે વખત મીઠી નદીની સફાઈ કરાવવામાં આવે છે, જેમાં ચોમાસા પહેલા ૮૦ ટકા અને ૨૦ ટકા ચોમાસા દરમિયાન અને ચોમાસા બાદ કરવામાં આવે છે. તે મુજબ આ વર્ષે ૨૦૨૪માં મીઠી નદીમાંથી બે લાખ ૭૦ હજાર મેટ્રિક ટન જેટલો ગાળ કાઢવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

પાલિકાએ આપેલા ડેટા મુજબ પહેલા તબક્કામાં એટલે કે ચોમાસા પહેલા મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું કામ પ્રગતી પર છે. મીઠી નદીના પહેલા તબક્કાના સફાઈનું કામ જાન્યુઆરી ૨૦૨૪થી ચાલુ કરવામાં આવ્યું છે, જેમાં કુલ ૨,૧૬,૧૭૪ મેટ્રિક ટન જેટલો ગાળ (કાદવ,કચરો) કાઢવાનો લક્ષ્યાંક રાખ્યો છે. તેમાંથી અત્યાર સુધી ૧,૧૭,૯૭૦ મેટ્રિક ટન એટલે કે ૫૪.૫૭ ટકા

(જુઓ પાનું ૪) ▸▸

# પુણેના એન્જિનિયર સાથે છેતરપિંડી બદલ બાન્દ્રાના લક્ઝુરિયસ કાર ડીલર વિરુદ્ધ ગુનો

મુંબઈ: પુણેના એન્જિનિયર સાથે કથિત છેતરપિંડી બદલ બાન્દ્રાના લક્ઝુરિયસ કાર ડીલર વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. મર્સિડીઝ કારના બદલામાં એસયુવી ખરીદનારા એન્જિનિયરને કારની ડિલીવરી મળી નહોતી અને તેની મર્સિડીઝ કાર પણ બીજી વ્યક્તિને વેચી દેવામાં આવી હતી.

પુણેમાં કામ કરતો દિગંબર સોનાવણે (૩૭) એપ્રિલ, ૨૦૨૩માં મોંઘીદાટ કારના ખરીદ-વેચાણનો વ્યવસાય ધરાવતા ફહીદ કાદરીના સંપર્કમાં આવ્યો હતો. સોનાવણે તેની મર્સિડીઝ કારના બદલામાં ટાટા એસયુવી ખરીદવા માગતો હતો. નવી કારની કિંમત ૨૧ લાખ રૂપિયા હતી. ચાર લાખ રૂપિયા ઓછા કરીને ફરિયાદીએ ૧૭ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. વેચાણ સંબંધિત કરાર પર

(જુઓ પાનું ૪) ▸▸

# એમવીએની બેઠકોની વહેંચણી

## શરણાગતિ નથી, એક કદમ પીછેહઠ: કૉંગ્રેસ

મુંબઈ: આગામી લોકસભા ચૂંટણી માટે મહાવિકાસ આઘાડીના સાથી પક્ષો સાથે બેઠકોની ફાળવણી અંગેની ચર્ચા અવિરત ચાલુ ન રાખી શકાય એટલે હાલ કૉંગ્રેસે બેઠક ફાળવણી મુદ્દે શરણાગતિ નથી કરી, પણ એક પગલું પીછેહઠ કરી છે એવી સ્પષ્ટતા મહારાષ્ટ્ર કૉંગ્રેસ પ્રમુખ નાના પટોલેએ મંગળવારે કરી હતી. સાંગલી અને ભીવંડીની લોકસભા બેઠકો કૉંગ્રેસે જતી કરતા પક્ષના રાજ્ય એકમમાં અસંતોષ ફેલાઈ ગયો છે એ પાર્શ્વભૂમિમાં પટોલેએ આ નિવેદન કર્યા છે. બેઠક ફાળવણીનું સમીકરણ જાહેર થયા પછી સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પટોલેએ જણાવ્યું હતું કે અમે એક કદમ પીછેહઠ કરી છે, શરણાગતિ નથી સ્વીકારી. પક્ષના હાઇકમાન્ડ સાથે ચર્ચા - વિચારણા કર્યા પછી જ નિર્ણય

(જુઓ પાનું ૪) ▸▸

# કોસ્ટલ રોડને સી-લિંક સાથે જોડવા માટે ૧૬મી-૧૭મીએ ગર્ડર બેસાડાશે

મુંબઈ: કોસ્ટલ રોડના દક્ષિણ તરફના હિસ્સાને બાંદ્રા - વરલી સી લિંક સાથે જોડવા માટે સૌથી વધુ મહત્ત્વ ધરાવતો ૧૨૦ મીટરનો ગર્ડર બેસાડવાનું કામ મુંબઈ મહાનગરપાલિકા ૧૬ કે ૧૭ એપ્રિલે પૂર્ણ કરશે. કોસ્ટલ રોડના ડેપ્યુટી ચીફ એન્જિનિયર એમ એમ સ્વામીએ જણાવ્યું હતું કે દરિયાઈ વિસ્તાર પથરાળ હોવાથી ગર્ડર બેસાડવો એ લોઢાના ચણા ચાવવા જેવું અઘરું કામ છે. અહીં ક્રેનની મદદથી ગર્ડર ઊંચકી એને એસેમ્બલ કરવાની પરંપરાગત પદ્ધતિ કારગત નહીં આવે. દક્ષિણ બાજુના હિસ્સામાં અગાઉ ૪૬ મીટર, ૪૪ મીટર અને ૬૦ મીટરના ત્રણ ગર્ડર બેસાડી દેવામાં આવ્યા છે. ૧૨ એપ્રિલે ન્હાવા બંદરે તૈયાર કરવામાં આવેલો ૧૨૦ મીટરનો કમાન ધરાવતો બ્રિજ એક સરકતા પ્લેટફૉર્મ પર મૂકવામાં આવશે. પાણીમાં સરકી એ ૧૫ - ૧૬ એપ્રિલે વરલીમાં નિયત સ્થાને પહોંચી જશે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**